OUTLINES
OF THE
HISTORY OF INDIA.

PART II.

The British Period.

For the use of boys in
Anglo-Vernacular Schools.

Registered under Act XXV of 1867.

BOMBAY.

"THE IMPERIAL PRESS."
Navroji Framji.

1883.

PRICE SIX ANNAS.

હિંદુસ્તાનનો ઈતિહાસ.

ભાગ બીજો.

—o:o—

અંગ્રેજી અમલ.

—:o:—

અંગ્રેજી નિશાળોના વિદ્યાર્થીઓને માટે.

મુંબઈ

ઇમપીરિયલ પ્રેસ

નવરોજી ફરામજીએ છાપ્યુંછે.

૧૮૮૩.

—:o:—

કિંમત છ આના.

અનુક્રમણિકા.

પ્રકરણ ૧લું.-યુરોપીઅન સંસ્થાનો.

૧૪૯૮ વાસ્કો-ડી-ગામા કેપને રસ્તે હિંદુસ્તાનમાં આવ્યો.

૧૫૦૦ કાબ્રાલ ફીરંગી કાફલા સહિત હિંદુસ્તાનમાં આવ્યો.

૧૫૦૫ આલમીડા પેહેલો ફીરંગી સુબો થયો.

૧૫૦૮ ચોલની લડાઈમાં મીસરદેશ અને ગુજરાતના કાફલાએ ફીરંગીઓને હરાવ્યા.

" આલમીડાએ દીવનાં બંદરમાં મીસર દેશ અને ગુજરાતના કાફલાનો નાશ કર્યો.

૧૫૦૮—૧૫૧૫ આલફોન્સો આલ્બુકર્ક સુબો હતો. એણે હિંદુસ્તાનમાં ફીરંગી સંસ્થાનો સ્થાપ્યાં, અને ગોવાને મુખ્ય મથક કર્યું.

૧૫૧૫ પોર્તુગાળના રાજાએ વગર કારણે આલ્બુકર્કને બરતરફ કર્યો.

૧૫૩૬ દીવબેટ ફીરંગીના હાથમાં આવ્યો.

૧૫૯૮ ડચ ઈસ્ટ ઇન્ડયા કંપની ઉભી થઈ.

૧૬૦૦—૧૬૫૬ ફીરંગીઓએ હિંદુસ્તાન માહેલાં ઘણાં થાણાં ખોયાં.

૧૬૦૦ અંગ્રેજી ઈસ્ટ ઈન્ડિયા કંપનીને ઈંગ્લાંડની રાણી ઈલીઝાબેથે પૂર્વમાં વેપાર કરવાનો પટો આપ્યો.

૧૬૦૮ કેપતન હોકીન્સ કંપની તરફથી જાંહાંગીર બાદશાહની દર-
બારમાં આવ્યો.

૧૬૧૩ જાંહાંગીરે અંગ્રેજોને ચાર ઠેકાણે કોઠી સ્થાપવાની રજા
આપી.

૧૬૧૫ ઇંગ્લાંડના પેહેલા જેમ્સ બાદશાહનો એલચી સર તોમસ
રો જાંહાંગીરની દરબારમાં આવ્યો.

૧૬૧૬ અંગ્રેજોએ સુરત, મસલીપટમ, અને કલિકટમાં વેપારની
કોઠી સ્થાપી.

૧૬૪૦ અંગ્રેજોએ મદ્રાસ સંસ્થાન સ્થાપ્યું, અને ફોર્ટ જ્યોર્જનો
કિલ્લો બાંધ્યો.

૧૬૬૨ પોર્તુગાળના રાજાએ પોતાની છોકરી કેથરીનને ઇંગ્લાંડના
રાજા બીજા ચાલર્સ સાથે પરણાવી, અને પેહેરામણીમાં
ચાલર્સને મુંબઈ બેટ આપ્યો.

૧૬૬૪ ફ્રેન્ચ ઈસ્ટ ઈનડયા કંપની ઉભી થઈ.

૧૬૬૮ ઇંગ્લાંડના રાજાએ મુંબઈ બેટ ઈસ્ટ ઈનડયા કંપનીને
સ્વાધીન કર્યો.

૧૬૭૪ ફ્રેન્ચોએ પોન્ડીચરી શેહેર વસાવ્યું.

૧૬૮૮ ફ્રેન્ચોએ ચનદરનગર શેહેર વસાવ્યું.

૧૬૯૬ અંગ્રેજોએ કલકતા વસાવ્યું, અને ફોર્ટ વિલ્યમનો કિ-
લ્લો બાંધ્યો.

૧૭૨૫ ફ્રેન્ચ અમલદાર લાબુર્ડોનેએ મહે બંદર લીધું.

૧૭૪૧ દુપ્લે પોન્ડીચરીનો હાકેમ થયો.

પ્રકરણ ૨ જું-દખણની સ્થિતિ (૧૭૦૭-૧૭૪૮).

૧૭૦૮ શાહુરાજા સતારાની ગાદીપર આવ્યો.

૧૭૧૨ દીલ્હીનો બાદશાહ બાહાદુરશાહ મરણ પામ્યો.

૧૭૧૩ ફરૂખશીર દીલ્હીનો બાદશાહ થયો.

" દખણનો સુબેદાર ઝુલફિકરખાં સૈયદ ભાઈઓને હાથે મારયો ગયો.

" નિઝામ-ઉલ-મુલ્ક દખણનો સુબેદાર થયો.

૧૭૧૪ નિઝામ-ઉલ- મુલ્કને ખસેડીને સૈયદ હુસેનઅલી દખણનો સુબેદાર થયો.

" શાહુએ મરેઠી રાજ્યનો સઘળો કારભાર પેશ્વા બાલાજી વિશ્વનાથને સોંપ્યો.

૧૭૨૦ બાલાજી વિશ્વનાથ મરણ પામ્યો, અને તેનો છોકરો બાજીરાવ પેશ્વા થયો.

" નિઝામ- ઉલ-મુલ્ક અને સાદતખાંએ બન્ને સૈયદ ભાઈઓને હરાવ્યા.

" નિઝામ-ઉલ-મુલ્ક બાદશાહનો વજીર અને દખણનો સુબેદાર થયો.

૧૭૨૪ નિઝામ-ઉલ-મુલ્કે હૈદ્રાબાદનું રાજ્ય સ્થાપ્યું.

૧૭૩૨ દોસ્તઅલી કર્નાટકનો નવાબ થયો.

૧૭૩૬ દોસ્તઅલીના જમાઈ ચન્દા સાહેબે દગો રમીને ત્રિચિનાપોલી લઈ લીધું.

૧૭૩૯ તાનજોરના મરેઠી રાજા કનેથી કરિકલ બંદર લઈને ચન્દા સાહેબે ફ્રેન્ચોને આપ્યું.

૧૭૪૦ બાજીરાવ પેશ્વા મરણ પામ્યો, અને બાલાજી બાજીરાવ પેશ્વા થયો.

" દોસ્તઅલી મરેઠાને હાથે અમ્બુરની લડાઈમાં હાર્યો અને માર્યો ગયો.

" મરેઠાએ દોસ્તઅલીના છોકરા સફદરઅલીને નવાબ કર્યા.

૧૭૪૧ મરેઠાએ ત્રિચિનાપોલી લીધું, અને ચન્દા સાહેબને કેદ પકડી સતારામાં બંધ કર્યો.

૧૭૪૨ સફદરઅલીને તેના બનેવીએ મારી નાખ્યો, અને તેનો બાળક નવાબ થયો.

૧૭૪૩ અનવારૂદીન કર્નાટકનો નવાબ થયો.

૧૭૪૮ શાહુરાજા, નિઝામ-ઉલ-મુલ્ક, અને દીલ્હીનો બાદશાહ મહમદશાહ મરણ પામ્યા.

—0:0:0—

પ્રકરણ ૩ જું-કર્નાટકમાં વિગ્રહ (૧૭૪૬-૧૭૬૧).

૧૭૪૬ અંગ્રેજ અને ફ્રેન્ચ વચ્ચે કર્નાટકમાં પહેલો વિગ્રહ શરૂ થયો.

" લાબુર્ડોનેએ મદ્રાસ શહેર લીધું.

" ફ્રેન્ચોએ અનવારૂદીનનાં ૧૦૦૦૦ માણસનાં લશ્કરનો પરાજય કર્યો.

૧૭૪૭ ડુપ્લે ફોર્ટસેંટ ડેવિડનો કિલ્લો લેવામાં ફાવ્યો નહી.

૧૭૪૮ કર્નાટકના પેહેલા વિગ્રહનો અંત આવ્યો.

" નાઝિરજંગ હૈદ્રાબાદનો રાજા થયો; તેની સામે તેનો ભત્રીજો મુઝફર જંગ થયો.

" ડુપ્લેએ મરેઠાને સાતલાખ રૂપીઆ આપીને ચન્દા સાહેબને છોડવ્યો.

" ડુપ્લેએ મુઝફરજંગ અને ચન્દા સાહેબનો પક્ષ પકડ્યો, અને તેમને મદદ કરી.

૧૭૪૯ કર્નાટકનો બીજો વિગ્રહ શરૂ થયો.

" મુઝફરજંગ, ચન્દા સાહેબ, અને ફ્રેન્ચોએ કર્નાટક ઉપર ચઢાઈ કરી.

" અમ્બુરની લડાઈમાં અનવારૂદીન તેમને હાથે હાર્યો, અને માર્યો ગયો.

" મુઝફરજંગે દખણના સુબેદારનો ઓહોદો ધારણ કરી, ચન્દા સાહેબને કર્નાટકનો નવાબ કર્યો.

૧૭૫૦ નાઝિરજંગે મુઝફરજંગને હરાવી કેદ પકડ્યો.

" અનવારૂદીનનો છોકરો મહમદઅલી કર્નાટકનો નવાબ થયો.

" નાઝિરજંગને તેના નાયકોએ મારી નાખ્યો, ને મુઝફરજંગ છુટો થયો.

" મુઝફરજંગે પાછો દખણના સુબેદારનો ઓહોદો ધારણ કીધો, ને ચન્દા સાહેબને નવાબ કર્યો.

૧૭૫૧ મુઝફ્ફરજંગને ઔરંગાબાદ જતાં માર્ગમાં તેના નાયકોએ મારી નાખ્યો.

" સલાબતજંગ હૈદ્રાબાદનો રાજા અને દખણનો સુબેદાર થયો.

" ચન્દા સાહેબે ફ્રેન્ચો સાથે મળીને ત્રિચિનાપોલીમાં મહમદઅલી ઉપર હુમલો કર્યો.

" અંગ્રેજ અમલદાર કલાઈવે ચન્દા સાહેબની રાજધાની આર્કટનો કબજો લીધો.

" આર્નીની લડાઈમાં કલાઈવે ચન્દા સાહેબના છોકરા રાજા સાહેબને હરાવ્યો.

૧૭૫૨ મેજર લોરેન્સ અને કલાઈવે ફ્રેન્ચ લશકરને ત્રિચિનાપોલી આગળ હથીઆર છોડી દેવાની ફરજ પાડી.

" ચન્દા સાહેબને તાનજોરનાં લશકરના સેનાપતિએ મારી નાખ્યો.

" મહમદઅલી કર્નાટકનો નવાબ થયો.

" કલાઈવ ઈંગ્લાંડ ગયો.

૧૭૫૪ ડુપ્લેને ફ્રાન્સ પાછો બોલાવી લીધો.

૧૭૫૫ નવા ફ્રેન્ચ હાકેમે અંગ્રેજો સાથે સંધી કરી, અને વિગ્રહનો અંત આણ્યો.

૧૭૫૭ કર્નાટકનો ત્રીજો વિગ્રહ શરૂ થયો.

૧૭૫૮ ફ્રેન્ચ સરદાર લાલીએ સેંતડેવિડનો કિલ્લો લીધો, અને તેને તોડી નાખ્યો.

૧૭૫૮ લાલીએ મદ્રાસને ઘેરો ઘાલ્યો.

૧૭૫૯ લાલીને મદ્રાસનો ઘેરો ઉઠાવવાની ફરજ પડી.

" લાલી અને બુસીએ વાનડીવાશને ઘેરો ઘાલ્યો.

૧૭૬૦ અંગ્રેજ સેનાપતિ કરનલ કૂટે વાનડીવાશની લડાઈમાં લાલીને હરાવ્યો.

૧૭૬૧ કૂટે પોન્ડીચરી લીધું, લાલી કેદ પકડાયો, અને વિગ્રહનો અંત આવ્યો.

૧૭૬૪ દુલે પેરીસમાં મરણ પામ્યો.

૧૭૬૬ લાલીને પેરીસમાં ફાંસી દીધો.

——o:o——

પ્રકરણ ૪ થું-બંગાળામાં અંગ્રેજોની ચઢતી.

(૧૭૫૬—૧૭૬૦).

૧૭૫૫ કરનલ કલાઈવ ફોર્ટસેંત દેવિડના હાકેમના ઓદ્ધાપર હિંદુસ્તાન પાછો ફર્યો.

૧૭૫૬ કરનલ કલાઈવે ચાંચિયાઓનો ઘેરિઆનો કિલ્લો લઈ લીધો.

" સિરાજ-ઉદ-દવલા બંગાળા, બહાર, અને ઓરિસાનો નવાબ થયો.

" નવાબે અંગ્રેજોનું કાસિમબજાર સંસ્થાન લુટયું, અને કલકતાપર હુમલો કર્યો.

૧૭૫૬ સિરાજ-ઉદ-દવલાએ કલકતાનો કબજો લઈને ૧૪૬ અંગ્રેજોને એક નાની અંધારી કોટડીમાં પૂર્યા, જેમાંના ૧૨૩ એક રાતમાં મરણ પામ્યા.

" કલાઈવ એડમીરલ વાતસનના કાફલા સહિત બંગાળે આવ્યો.

૧૭૫૭ કલાઈવે કલકતા સર કર્યું, અને સિરાજ-ઉદ-દવલાએ અંગ્રેજો સાથે સંધી કરી.

" કલાઈવે ફ્રેન્ચોનું ચનદરનગર શેહેર લઈ લીધું.

" સિરાજ-ઉદ-દવલાના કેટલાક દરબારીઓએ અંગ્રેજો સાથે મળીને મીરજાફરને નવાબ કરવાને સંપ કર્યો.

" પ્લાસીની લડાઈમાં કલાઈવે સિરાજ-ઉદ-દવલાને હરાવ્યો.

" સિરાજ-ઉદ-દવલા નાશતાં માર્ગમાં માર્યો ગયો, અને મીરજાફર નવાબ થયો.

૧૭૫૮ કલાઈવ કલકતાનો હાકેમ થયો.

૧૭૫૯ કરનલ ફોર્ડે ઉત્તર સરકારમાંથી ફ્રેન્ચોને હાંકી કાઢ્યા.

" શાહઆલમ બાદશાહે બંહાર પ્રાંતપર ચઢાઈ કરી, પણ કલાઈવે તેને હાંકી કાઢ્યો.

૧૭૬૦ કલાઈવ ઈંગ્લાંડ ગયો, જ્યાં તેને ઉમરાવની પદવી મળી.

—o:o:o—

પ્રકરણ ૫ મું-બંગાળાનો રાજ્યકારભાર.
(૧૭૬૦—૧૭૬૭).

૧૭૬૦ ક્લાઈવ પછી વાન્સિતાર્ત કલકત્તાનો હાકેમ થયો.

" વાન્સિતાર્તે મીરજાફરને ઉઠાડી તેના જમાઈ મીર કાસમને ગાદીએ બેસાડયો.

૧૭૬૧ કરનલ કર્નાકે શાહઆલમ બાદશાહને બહાર પ્રાંતમાંથી હાંકી કાઢયો.

૧૭૬૩ અંગ્રેજ અને મીરકાસમ વચ્ચે લડાઈ ઉઠી; અને મીરજાફર પાછો નવાબ થયો.

" ઘેરીઆની લડાઈમાં અંગ્રેજોએ મીરકાસમને હરાવ્યો.

" પત્ના માહેલા ૧૮૮ અંગ્રેજોને મીરકાસમે કતલ કરાવ્યા.

" અંગ્રેજોએ પત્ના લીધું, અને મીરકાસમ અયોધ્યાના નવાબ શુજા દવલાને મળી ગયો.

૧૭૬૪ શાહઆલમ, શુજાદવલા, અને મીરકાસમે સાથે મળી બહારપ્રાંતપર ચઢાઈ કરી.

" પત્નાની લડાઈમાં અંગ્રેજોએ ત્રણે રાજાઓને હરાવ્યા.

" મેજર મનરોએ પેહેલ વેહેલા દેશી સીપાઈઓનો બળવો બેસાડી દીધો.

" બકસરની લડાઈમાં મેજર મનરોએ ત્રણે રાજાને હરાવ્યા.

" શાહઆલમ અંગ્રેજોને મળી ગયો, અને મીર કાસમ રોહિલખંડમાં ભરાયો.

૧૭૬૪ કાલ્પીની લડાઈમાં જેનરલ કર્નાકે શુજા દવલાને હરાવ્યો.

૧૭૬૫ મીરજાફર મરણ પામ્યો, અને તેનો છોકરો નાજીમ-ઉદ-દવલા નવાબ થયો.

" કલાઇવ બંગાળા માહેલાં અંગ્રેજી સંસ્થાનોનો હાકેમ થઇ હિંદુસ્તાન આવ્યો.

" કલાઈવે શુજા દવલાને તેનો મુલક પાછો સ્વાધીન કરી તેની સાથે સંધી કરી.

" શાહઆલમ બાદશાહે બંગાળા, બહાર, અને ઓરિસ્સા પ્રાંતોની દીવાની કલાઈવને લખી આપી.

૧૭૬૬ કંપનીના નોકરોનો પગાર વધારી આપી, કલાઈવે તેમને આનગી વેપાર કરતા અટકાવ્યા.

" કલાઈવે લશકરી ખરચમાં ઘટાડો કર્યો; લશકરી અમલદારો સામા થયા, પણ કલાઈવે તેમનું ચાલવા દીધું નહી.

૧૭૬૭ કલાઈવ ઈંગ્લાંડ ગયો.

૧૭૭૪ કલાઈવ આપઘાત કરી ઈંગ્લાંડમાં મરણ પામ્યો.

—o:0:o—

પ્રકરણ ૬ ઠું-બંગાળાનો કારભાર અને હૈદરઅલી (૧૭૬૭—૧૭૭૪).

૧૭૬૧ હૈદરઅલી મૈસોરનો રાજા થયો.

૧૭૬૩ હૈદરે બદનોર લુટયું.

૧૭૬૫ માધવરાવ પેશ્વાએ હૈદરને હરાવ્યો, અને તેનો કેટલોએક મુલક લીધો.

૧૭૬૬ હૈદરે મલબાર ઉપર ચઢાઈ કરી અને કલિકટ શેહેર લુટયુ.

૧૭૬૭ અંગ્રેજ અને હૈદર વચ્ચે મૈસોરનો પેહેલો વિગ્રહ શરૂ થયો.

" કરનલ સ્મિથે ચાંગમ અને ત્રિનોમાલીની લડાઈઓમાં હૈદરને હરાવ્યો.

૧૭૬૯ હૈદર એકાએક ૬૦૦૦ સ્વારો સહિત મદ્રાસ આગળ આવી પુગો.

" મદ્રાસના ગવરનરે ધ્રભંગાઈને હૈદરની મરજી માફક સંધી કરી.

૧૭૭૨ વોરન હેસ્તિંગ્સ બંગાળાનો હાકેમ થયો.

૧૭૭૩ હેસ્તિંગ્સે કોરા અને અલાહાબાદ પ્રાંતો ૫૦ લાખ રૂપીએ શુજાંદવલાને વેચ્યા.

૧૭૭૪ રોહિલા લોકને તેમના મુલકમાંથી હાંકી કાઢવાને હેસ્તિંગ્સે શુજા દવલાને મદદ કરી.

૧૭૭૪ રેગ્યુલેતીંગ એકટ હિંદુસ્તાનમાં અમલમાં આવ્યો, ને વોરનહેસ્તિંગ્સ પેહેલો ગવરનર જેનરલ થયો.

———o———

પ્રકરણ ૭ મું-વોરન હેસ્ટિંગ્સ (૧૭૭૪-૧૭૮૫).

૧૭૭૦—૧૭૭૨ માધવરાવ પેશ્વા અને હૈદર વચ્ચે વિગ્રહ ચાલ્યો, અને પેશ્વાએ હૈદરને ચેરકુલીનાં રણમાં હરાવી કેટલોએક મુલક આપવાની ફરજ પાડી.

૧૭૭૨ માધવરાવ પેશ્વા મરણ પામ્યો, ને નારાયણરાવપેશ્વા થયો.

૧૭૭૩ નારાયણરાવને રાઘોબાએ મારી નખાવ્યો.

૧૭૭૪ સવાઈ માધવરાવ અને બાજીરાવ જનમ્યા.

" સવાઈ માધવરાવને મરેઠી સરદારોએ પેશ્વા કર્યો.

" રાઘોબાએ ગાદી પાછી મેળવવાને અંગ્રેજોની મદદ માગી.

૧૭૭૪ કલકતાની કાઉન્સિલના ચાર મેમ્બરો હિંદુસ્તાનમાં આવી પુગા.

૧૭૭૫ રાઘોબા અને અંગ્રેજો વચ્ચે સુરતમાં સંધી થઈ.

" કરનલ કીર્તીંગે મરેઠાને આરાસની લડાઈમાં હરાવ્યા.

" કલકતાની કાઉન્સિલે રાઘોબાને મદદ કરવાનો અટકાવ કર્યો.

" કાઉનસિલે બનારસ પ્રાંત શુજાદવલા પાસથી લઈ લીધો.

" શુજા દવલા મરણ પામ્યો અને અસોફ-ઉડ-દવલા નવાબ થયો.

૧૭૭૬ કલકતાની કાઉનસિલ તરફથી કરનલ અપતને મરેઠી સરદાર નાનાફર્નવીસ અને સખારામ બાપુ સાથે પુરંધર આગળ સંધી કરી.

૧૭૭૬ ખોટા દસ્તાવેજ બનાવવાના વાંકસર નન્દકુમારને ફાંસી દીધો
૧૭૭૭ કલકતાની કાઉનસિલે મરેઠા સામે લડાઈ ઉઠાવી.
૧૭૭૮ રાઘોબાને ગાદીએ બેસાડવાને મુંબઈથી થોડું લશકર મોકલ્યું.
૧૭૭૯ મુંબઈનાં લશકરે મરેઠા સાથે વડગામ આગળ સંધી કરી.
" વોરન હેસ્તિંગ્સે મરેઠા સામે બંગાળેથી લશકર મોકલ્યું.
૧૭૮૦ કરનલ ગોદર્ડે દભોઈ અને અમદાવાદના કિલ્લા લીધા.
" અંગ્રેજ અને હૈદર વચ્ચે મૈસોરનો બીજો વિગ્રહ શરૂ થયો.
" પોલીલોરની લડાઇમાં હૈદરે કરનલ બેલીને હરાવ્યો.
" વોરન હેસ્તિંગ્સે સર આયર કૂટને લશકર આપી બંગાળેથી મોકલ્યો.
" હેસ્તિંગ્સનો દુશમન સર ફિલિપ ફ્રાન્સિસ ઇંગ્લાંડ ગયો.
" હેસ્તિંગ્સે કાશીના રાજા ચેતસીંઘને ૫૦ લાખ રૂપીઆનો દંડ કર્યો.
૧૭૮૧ હેસ્તિંગ્સે ચેતસીંઘને ઉઠાડી મૂકી તેના ભત્રિજાને બનારસનો રાજા કર્યો.
" અયોધ્યાની બેગમોની દોલત લુટી લેવાની હેસ્તિંગ્સે નવાબને પરવાનગી આપી.
" સર આયર કૂટે હૈદરને પોર્તોનોવો, પોલીલોર અને શોલીંઘરની લડાઇમાં હરાવ્યો.
૧૭૮૨ અંગ્રેજો અને મરેઠા વચ્ચે સાલબાઈ આગળ સંધી થઇ, અને પેહેલા મરેઠી વિગ્રહનો અંત આવ્યો.

૧૭૮૨ હૈદર મરણ પામ્યો, અને ટીપુ મૈસોરની ગાદીએ આવ્યો.

” કરનલ બ્રેથવેત ટીપુને શરણ થયો.

૧૭૮૩ મી૰ ફૉક્સે પોતાનું ઇનડયાબીલ પાર્લામેન્ટ આગળ રજુ કર્યું.

૧૭૮૪ મી૰ ફૉક્સનું બીલ રદ ગયું, અને મી૰ પીટનું ઇનડયા બીલ પસાર થયું.

” કરનલ ફુલરટને મૈસોર ઉપર ચઢાઈ કરી.

” ટીપુ અને અંગ્રેજો વચ્ચે મેંગલોરમાં સંધી થઈ, અને વિગ્રહનો અંત આવ્યો.

૧૭૮૫ હેસ્તિંગ્સ રાજીનામું આપી ઇંગ્લાંડ ગયો.

૧૭૮૮ ઇંગ્લાંડની પાર્લામેન્ટમાં હેસ્તિંગ્સની તપાસ શરૂ થઈ.

૧૭૯૫ હેસ્તિંગ્સની તપાસનો છેડો આવ્યો, અને તે નિર્દોષ ઠર્યા.

૧૮૧૮ હેસ્તિંગ્સ મરણ પામ્યો.

પ્રકરણ ૮ મું-લૉર્ડ કૉરનવાલિસ અને સર જોન શોર (૧૭૮૬—૧૭૯૮).

૧૭૮૭ લૉર્ડ કૉર્નવાલિસે કંપનીના નોકરોનો પગાર વધારી આપી તેમને લાંચ લેતા અટકાવ્યા.

” લૉર્ડ કૉર્નવાલિસે દીવાની અને ફોજદારી અદાલતોમાં સુધારા કર્યા.

૧૭૮૭ ટીપુએ મરેઠા અને નિઝામના મુલક ઉપર ચઢાઇ કરી તેમને સંધી કરવાની ફરજ પાડી.

૧૭૮૮ ટીપુએ મલબાર પ્રાંત ઉપર ચઢાઇ કરી, અને ત્યાંના લોક ઉપર બહુ જુલમ કર્યો.

" નિઝામ કને થી ગન્તુર સરકારનો પ્રાંત લોર્ડ કોરનવાલિસે લીધો.

૧૭૮૯ ટીપુએ ત્રાવનકોર ઉપર ચઢાઇ કરી.

૧૭૯૦ ટીપુ અને અંગ્રેજ વચ્ચે મૈસોરનો ત્રીજો વિગ્રહ શરૂ થયો.

૧૭૯૧ લોર્ડ કારનવાલિસે ટીપુનું બંગલોર શેહેર જીતી લીધું.

" લોર્ડ કોરનવાલિસે એરીકેરાનાં રણમાં ટીપુને હરાવ્યો.

૧૭૯૨ લોર્ડ કોરનવાલિસે સેરીંગાપટમને ઘેરો ઘાલ્યો.

" ટીપુએ પોતાનું અરધું રાજ્ય આપવાનું કબુલ કરી સંધી કરી.

૧૭૯૩ લોર્ડ કોરનવાલિસે બંગાળાના જમીનદારો સાથે મેહેસુલ બાબદનો હમેશ સુધીનો કરાર કર્યો.

" લોર્ડ કોરનવાલિસ ઇંગ્લાંડ ગયો, અને સર જોન શોર ગવરનર જેનરલ થયો.

૧૭૯૫ કુરદલાની લડાઇમાં મરેઠાએ નિઝામને હરાવ્યો.

૧૭૯૭ અયોધ્યાનો નવાબ અસોફ-ઉદ-દવલા મરણ પામ્યો.

૧૭૯૮ સર જોન શોરે સાદતઅલીને નવાબ ઠરાવ્યો.

" સર જોન શોર ઇંગ્લાંડ પાછો ફર્યો, અને લોર્ડ વેલેસ્લી ગવરનર જેનરલ થયો.

પ્રકરણ ૯ મું-લોર્ડ વેલેસ્લી, લોર્ડ કોરનવાલિસ, અને સર જ્યોર્જબારલો (૧૭૯૮—૧૮૦૭).

૧૭૯૮ લોર્ડ વેલસ્લીએ ટીપુ સાથે મૈસોરનો ચોથો વિગ્રહ આરંભ્યો.

૧૭૯૯ જેનરલ સ્તુઆર્ટે સદાસીરની લડાઇમાં ટીપુને હરાવ્યો.

" જેનરલ હેરીસે માલવેલીની લડાઈમાં ટીપુને હરાવ્યો.

" જેનરલ હેરિસે સીરીંગાપટમ હલ્લો કરી લીધું, ટીપુ માર્યો ગયો, અને વિગ્રહનો અંત આવ્યો.

૧૮૦૦ સુરતના નવાબને પેનશન આપી અંગ્રેજોએ સુરતનો કબજો લીધો.

" મરેઠી રાજ્ય કારભારી નાના ફુર્નવીસ મરણ પામ્યો.

૧૮૦૧ કર્નાટકના નવાબને પેનશન આપી કર્નાટક પ્રાંત અંગ્રેજી રાજ્ય સાથે જોડી દીધો.

" લોર્ડ વેલસ્લીએ અયોધ્યાના નવાબ કનેથી કેટલાંક પરગણાં લઈ લીધાં.

" જશવંતરાવ હોલકરે પુનાની નજદીક પેશ્વાને હરાવ્યો.

૧૮૦૨ પેશ્વાએ ગાદી પાછી મેળવવાની મતલબથી વસઈમાં અંગ્રેજો સાથે સંધી કરી.

૧૮૦૩ હોલકર પુનું છોડી ગયો, અને જેનરલ વેલસ્લીએ પેશ્વાને પાછો ગાદીએ બેસાડયો.

૧૮૦૩ લાર્ડ વેલેસ્લીએ સિંઢયા, હોલકર, અને નાગપોરના રાજા સામે લડાઇ ઉઠાવી.

૧૮૦૩ અંગ્રેજોએ અહમદનગર અને જાલના શેહેરો લીધાં.

" જેનરલ વેલેસ્લીએ એસેની લડાઇમાં સિંઢયા અને નાગપોરના રાજાને હરાવ્યા.

" જેનરલ લેકે સિંઢયાની પલટણોનો દીલ્હીની લડાઇમાં પરાજય કર્યો.

" લેકે દીલ્હી લીધું, અને શાહઆલમ બાદશાહ અંગ્રેજોને શરણ થયો.

" જેનરલ લેકે આગ્રા સર કર્યું.

" લાસવારીની લડાઇમાં લેકે સિંઢયાનાં લશકરને હરાવ્યું.

" જેનરલ વેલેસ્લીએ આરગામની લડાઇમાં સિંઢયા અને રઘુજીને હરાવ્યા.

" નાગપોરના રાજાએ કેટલોએક મુલક અંગ્રેજોને આપીને દેવગામ આગળ સંધી કરી.

" સિંઢયાએ પણ કેટલોએક મુલક અંગ્રેજોને આપીને સીરજી અંજેગામ આગળ સંધી કરી.

૧૮૦૪ હોલકરે અંગ્રેજો સામે લડાઇ ઉઠાવી.

" મોકન્દ્રા ઘાટમાં હોલકરે કરનલ મોનસનને હરાવ્યો.

" હોલકરે દીલ્હીપર હુમલો કીધો, પણ કરનલ ઓકતરલોનીએ તેને પાછો હઠાવ્યો.

" દીગની લડાઈમાં જેનરલ ફ્રેસરે હોલકરને હરાવ્યો.
" ફરકાબાદની લડાઇમાં લાર્ડ લેકે હોલકરને હરાવ્યો.
" લાર્ડ લેકે ભરતપુરના રાજાનો દીગનો કિલ્લો લીધો.
૧૮૦૫ લાર્ડ લેકે ભરતપુરને ઘેરો ઘાલ્યો.
" ભરતપુરના રાજાએ ૨૦ લાખ રૂપીઆ આપીને સંધી કરી.
" સિંઢયાએ અંગ્રેજો સામે પાછો વિગ્રહ આરંભવાની તૈયારી કરી.
" લાર્ડ વેલસ્લી સ્વદેશ ગયો, અને લાર્ડ કોરનવાલીસ તેની જગાએ આવ્યો.
" લાર્ડ કોરનવાલિસ હિંદુસ્તાન આવી તરત ઘાઝીપુર આગળ મરણ પામ્યો.
" સર જ્યોર્જ બારલો ગવરનર જેનરલ થયો.
" બારલોએ હોલકર અને સિંઢયા સાથે સંધી કરી વિગ્રહનો અંત આણ્યો.
૧૮૦૬ દેશી સીપાઇઓએ વેલોરમાં બંડ કર્યું, પણ કરનલ ગીલસ્પીએ તે બેસાડી દીધું.
૧૮૦૭ બારલોને મદ્રાસનો ગવરનર કર્યો, ને લાર્ડ મિન્ટો ગવરનર જેનરલ થયો.

——0:0:0——

પ્રકરણ ૧૦ મું—લોર્ડ મિન્ટો અને લોર્ડ હેસ્ટિંગ્સ

(૧૮૦૭—૧૮૨૩).

૧૮૦૮ અંગ્રેજ સરકારે ત્રાવનકોરનો કબજો લીધો.

૧૮૦૯ ગવરનર જેનરલે એલચી મોકલી રંજીતસીંગ જોડે સંધી કરી.

" સિંધના અમીરો જોડે અને કાબુલ અને ઈરાનના રાજા જોડે ગવરનર જેનરલે સંધી કરી.

૧૮૦૯–૧૮૧૦ અંગ્રેજોએ ફ્રેન્ચોનાં મારિશીઅસ, બુરબોન, અને રોડરીગ્સ ટાપુ લીધાં.

૧૮૧૩ ત્રાવનકોર પ્રાંત અંગ્રેજોએ રાજાને પાછો આપ્યો.

" હિંદુસ્તાન જોડેનો વેપાર સર્વ અંગ્રેજોને ખુલો થયો.

" લોર્ડ મિન્ટો સ્વદેશ ગયો અને લોર્ડ હેસ્ટિંગ્સ ગવરનર જેનરલ થયો.

૧૮૧૪ ગુરખા લોક સાથે વિગ્રહ શરૂ થયો.

૧૮૧૫ જેનરલ ઓકતરલોનીએ નળાગઢ અને મલુનના કિલ્લા લીધા.

" ગાયકવારના વજીર ગંગાધર શાસ્ત્રીને બાજીરાવે પંઢરપુરમાં મારી નખાવ્યો.

૧૮૧૬ મકવાનપુરની લડાઈમાં સર દેવિડ ઓકતરલોનીએ ગુરખાઓને હરાવ્યા.

૧૮૧૬ નેપાલના રાજાએ કેટલાએક મુલક અંગ્રેજોને આપીને સંધી કરી.

૧૮૧૭ પેશ્વા, હોલકર, અને નાગપોરના રાજા આપાસાહેબ જોડે લડાઈ હતી.

" ખડકીની લડાઇમાં મેજર ફ્રોર્ડે પેશ્વાનાં લશકરને હરાવ્યું.

" સિતાબુલ્ડીની લડાઈમાં કેપતન ફીત્સજેરલ્ડે આપાસાહેબને હરાવ્યો.

" મહિદપોરની લડાઇમાં સર તોમસ હીસલપ અને સર જોન માલકમે હોલકરનાં લશકરને હરાવ્યું.

" લોર્ડ હેસ્તિંગ્સે ચોતરફથી પીંઢારા સામે લશકર મોકલીને તેમને વીખેરી નાખ્યા.

૧૮૧૮ કોરેગામની લડાઇમાં કેપતન સ્તોનતને પેશ્વાનાં લશકરને હરાવ્યું.

" આષ્ટેની લડાઇમાં જેનરલ સ્મીથે પેશ્વાનાં લશકરને હરાવ્યું.

" પેશ્વા સર જોન માલકમને શરણ થયો.

" આપાસાહેબને ગાદીએથી ઉઠાડી રઘુજી ભોંસલેના પોત્રને ગાદીએ બેસાડયો.

" મન્દેસર આગળ હોલકર અને અંગ્રેજ વચ્ચે સંધી થઈ.

૧૮૨૩ લોર્ડ હેસ્તિંગ્સ સ્વદેશ ગયો ને લોર્ડ એમ્હર્સ્ત ગવરનર જેનરલ થયો.

——:o:——

પ્રકરણ ૧૧ મું-લોર્ડ એમ્હર્સ્ત અને લોર્ડ બેન્તિંક (૧૮૨૩—૧૮૩૫).

૧૮૨૪ બ્રહ્મી લોકો જોડે વિગ્રહ શરૂ થયો.

" સર આર્ચિબાલ્ડ કેમ્પબેલે રંગુન સર કર્યું, અને બ્રહ્મી સરદાર મ્હાબન્દુલાને હરાવ્યો.

૧૮૨૫ જેનરલ કેમ્પબેલે ડોનાબ્યુ શેહેર લીધું; બન્દુલા માર્યો ગયો.

" પ્રોમની લડાઈમાં જેનરલ કેમ્પબેલે બ્રહ્મી લોકોને હરાવ્યા.

૧૮૨૬ જેનરલ કેમ્પબેલે પાધાનની લડાઈમાં બ્રહ્મી લોકોને હરાવ્યા.

" આવાના રાજાએ આસામ, આરાકાન, અને તેનાસરીમ પ્રાંતો તથા એક કરોડ રૂપીઆ અંગ્રેજોને આપીને સંધી કરી.

" સેનાપતિ લોર્ડ કોમ્બરમીયરે ભરતપુરનો મજબુત કિલ્લો તાબે કર્યો.

૧૮૨૮ લોર્ડ એમ્હર્સ્ત સ્વદેશ ગયો અને લોર્ડ બેન્તિંક ગવરનર જેનરલ થયો.

૧૮૨૮—૩૫ લોર્ડ બેન્તિંકે મુલકી અને લશકરી ખરચમાં ઘટારો કર્યો.

" ન્યાય ખાતાગાં એણે મુનસફો અને સદરઆમીનો નીમ્યા, અને દેશીઓને મોટા હોદ્દા આપતા કર્યા.

૧૮૨૮-૧૮૩૫ શાંતી થવાનો આજ લોર્ડ બેન્ટિંકે સખત કાયદો કાઢી બંધ પાડયો.

" એણે ફાંસીઆ અથવા ઠગ લોકોથી થતા ઉપદ્રવનો અટકાવ કર્યો.

" દેશી ભાષાને બદલે અંગ્રેજી ભાષાની મારફતે કેળવણી આપવાનો એણે હુકમ કર્યો.

૧૮૩૨ મૈસોરનો કારભાર એણે એક બ્રિટિશ અમલદારને સોંપ્યો.

૧૮૩૩ કૂર્ગ પ્રાંત એણે અંગ્રેજી રાજ્ય સાથે જોડી દીધો.

૧૮૩૪ ચીનના વેપારની પણ અંગ્રેજી પ્રજાને છુટ મળી.

૧૮૩૫ લોર્ડ બેન્ટિંક ઇંગ્લાંડ ગયો, અને સર ચાર્લ્સ મેતકાફે થોડો વખત ગવરનર જેનરલનો ઓદ્ધો ચલાવ્યો.

" મેતકાફે એક કાયદો બાંધી હિંદુસ્તાનના છાપાને છુટ આપી.

૧૮૩૬ લોર્ડ ઓકલેન્ડ ગવરનર જેનરલ થયો.

—o:o—

પ્રકરણ ૧૨ મું—લોર્ડ ઓકલેન્ડ અને લોર્ડ એલનબરો (૧૮૩૬—૧૮૪૪).

૧૮૩૭ અયોધ્યામાં હુલડ થયું તે અંગ્રેજોએ બેસાડી દીધું.

" લોર્ડ ઓકલેન્ડે અફઘાનિસ્તાનના રાજા દોસ્ત મહમદની દરબારમાં વકીલ મોકલ્યો.

૧૮૩૮ લોર્ડ ઓકલેન્ડે દોસ્તમહમદ સામે લડાઇ ઉઠાવી.

૧૮૩૯ સર જોન કીને કંદાર, ગીઝની અને કાબુલ શેહેર તાબે કર્યાં, અને શાહ સુજાને ગાદીએ બેસાડયો.

" દોસ્ત મહમદ કાબુલ છોડી બોખારા બાજુ નાઠો.

" થોડું લશકર કાબુલમાં રાખીને, અને સર વિલ્યમ મેકનાટનને વકીલ તરીકે મુકીને સર જોન કીન હિંદુસ્તાન પાછો ફર્યો.

૧૮૪૦ જેનરલ સેલે પરવાનની લડાઇમાં દોસ્ત મહમદને હરાવ્યો.

" દોસ્ત મહમદ સર વિલ્યમ મેકનાટનને શરણ થયો, અને તેને હિંદુસ્તાન મોકલવામાં આવ્યો.

" મીન લોર્ડ લોર્ડ ઓકલેન્ડે વિગ્રહ આરંભ્યો.

૧૮૪૧ બીલજી જાતના અફઘાનો અંગ્રેજો સામે ઉઠયા, ને થોડા વખતમાં બળવો બધે ફેલાયો.

" સર રોબર્ટ સેલ બળવાખોરો સામે બહાદુરીથી લડીને જલાલાબાદમાં ટકી રહ્યો.

" કાબુલમાં સર વિલ્યમ મેકનાટન, સર એલેકસાનદર બર્નેસ અને બીજા કેટલાએક અંગ્રેજ અમલદારોને અફઘાનોએ મારી નાખ્યા.

૧૮૪૨ સહી સલામત પાછા જવાદેવાનું વચન લઈ અંગ્રેજી લશકરે કાબુલ છોડયું.

" શાહ સુજાને બળવાખોરોએ મારી નાખ્યો.

૧૮૪૨ કુદ કાબુલના ઘાટમાં અંગ્રેજી લશકરનાં ઘણાં માણસ માર્યાં ગયાં.

" કેટલાએક કબીલાવાલા અમલદારોને અને સ્ત્રીઓને અકબરખાંને શરણે જવાની ફરજ પડી.

" આગળ જતાં અંગ્રેજી લશકર સઘળું માર્યું ગયું.

" એકલો દાકતર બ્રાઇદન જલાલાબાદ આવી પોહોંચ્યો.

" ચીનની લડાઇનો અંત આવ્યો; ચીનના રાજાએ હોંગકોંગ બેટ અંગ્રેજોને આપ્યો, અને ચીનનાં ચાર બંદરોમાં વેપાર કરવાની છુટ આપી.

" લોર્ડ ઓકલેન્ડ સ્વદેશ ગયો, અને લોર્ડ એલનબરો ગવરનર જેનરલ થયો.

" લોર્ડ એલનબરોએ જેનરલ પોલક અને જેનરલ ઇંગ્લાંડને અફઘાનિસ્તાનમાં લશકર આપી મોકલ્યા.

" જેનરલ પોલકે ખૈબર ઘાટને રસ્તે જલાલાબાદ જઇ સેલનો છુટકો કર્યો, અને અફઘાનોને હરાવી તે કાબુલમાં પેઠો.

" જેનરલ ઇંગ્લાંડે કંદારમાં નોટનો છુટકારો કર્યો.

" જેનરલ નોટે ગીઝની સર કર્યું, અને તેપણ કાબુલમાં પેઠો.

" અંગ્રેજ બંધવાને અકબરખાંના હાથમાંથી છોડવીને, અને કાબુલનાં મોટાં બજારનો નાશ કરીને અંગ્રેજી લશકર પાછું કર્યું.

૧૮૪૨ દોસ્ત મહમદને અફઘાનિસ્તાન જવાની રજા મળી.
૧૮૮૩ મીયાની અને હૈદ્રાબાદની લડાઇમાં સર ચાર્લ્સ નેપીઅરે સિંધના અમીરોને હરાવ્યા.
" લોર્ડ એલનબરોએ સિંધ પ્રાંત અંગ્રેજી રાજ્ય સાથે જોડી દીધો.
" સર હ્યુ ગોફે મહારાજપોર આગળ, અને જેનરલ ગ્રેએ પનીઆર આગળ સિંધયાનાં લશકરને હરાવ્યું, અને ગવાલિઅરની લડાઈનો અંત આણ્યો.
૧૮૪૪ લોર્ડ એલનબરોને બોલાવી લીધો ને સર હેનરી હાર્ડિંજ ગવરનર જેનરલ થયો.

પ્રકરણ ૧૩ મું—લોર્ડ હાર્ડિંજ અને લોર્ડ ડેલ્હુસી (૧૮૪૪—૧૮૫૬).

૧૮૪૫ પંજાબનો પેહેલો વિગ્રહ શરૂ થયો.
" મુડકીની લડાઇમાં સર હ્યુ ગોફે સીખ ફોજને હરાવી: સર રોબર્ટ સેલ માર્યો ગયો.
" ફીરોજશહરની લડાઈમાં સરહ્યુ ગોફે સીખ ફોજને હરાવી; ગવરનર જેનરલ પોતે ગોફના હાથ હેઠળ લડવામાં સામેલ હતો.
૧૮૪૬ બદ્દીવાલ આગળ સીખ સરદાર ગુલાબસીંગે સર હેરી સ્મીથને હરાવ્યો.

૧૮૪૬ આલિવાલની લડાઇમાં સર હેરી સ્મીથે સીખ ફોજને હરાવી.

" સોબ્રાઓનની લડાઇમાં સર હ્યુ ગોફે તેજસીંઘને હરાવ્યો.

" લાહોરના રાજાએ કેટલોએક મુલક અને વિગ્રહનો ખરચ અંગ્રેજોને આપીને સંધી કરી.

૧૮૪૮ લોર્ડ હાર્ડિંજ સ્વદેશ ગયો, અને લોર્ડ દેલ્હુસી ગવરનર જેનરલ થયો.

" લોર્ડ દેલ્હુસીએ સતારાનું રાજ્ય અંગ્રેજી રાજ્ય સાથે જોડી દીધુ.

" પંજાબનો બીજો વિગ્રહ શરૂ થયો.

" લેફટનન્ટ એડવર્ડસે કીનેરી અને સદુસામ આગળ મુળરાજને હરાવ્યો.

" જેનરલ વિશ અને મેજર એડવર્ડસે મુલતાનને ઘેરો ઘાલ્યો.

૧૮૪૯ રામનગરની લડાઈમાં લોર્ડ ગોફે સીખ ફોજને હરાવી.

" ચિલિઆનવાલાની લડાઇમાં લોર્ડ ગોફે સીખ ફોજને હરાવી.

" જેનરલ વિશે મુલતાન સર કર્યું.

" લોર્ડ ગોફની જગાએ સર ચાર્લ્સ નેપીઅરને સેનાપતિ નીમવામાં આવ્યો.

૧૮૪૯ ગુજરાતની લડાઈમાં લોર્ડ ગોફે સીખ લોકોને હરાવ્યા, અને હથીઆર છોડી દેવાની તેમને ફરજ પાડી.

" લોર્ડ ડેલ્હુસીએ ધુલપસીંગને પેનશન બાંધી આપી પં-જાબ પ્રાંત ખાલસા કર્યો.

૧૮૫૩ લોર્ડ ડેલ્હુસીએ નાગપોરનું રાજ્ય અંગ્રેજી રાજ્ય સાથે જોડી દીધું.

૧૮૫૬ લોર્ડ ડેલ્હુસીએ અયોધ્યા પ્રાંત ખાલસા કર્યો.

" લોર્ડ ડેલ્હુસી સ્વદેશ ગયો અને લોર્ડ કેનીંગ ગવરનર જેનરલ થયો.

—o—

હિંદુસ્તાનનો ઈતિહાસ.

ભાગ ૨ જો.

પ્રકરણ ૧ લું.

યુરોપીઅન સંસ્થાનો.

૧. ફીરંગી.

ઈસવી સનના પંદરમા સૈકાની આખરે ફીરંગી (પોર્ટુગીસ) લોકોએ યુરોપથી હિંદુસ્તાન ભણી આવવાનો જળ માર્ગ શોધી કાઢ્યો. ઇ. સ. ૧૪૯૮ માં 'વાસ્કો-ડી-ગામા' નામનો એક પ્રખ્યાત ફીરંગી વહાણવટી, આફ્રિકા ખંડની દક્ષિણે આવેલી 'ગુડ-હોપ' ભૂશિરની આસપાસ થઈને, હિંદુસ્તાનના 'મળબાર' કોસ્તાપર 'કલિકટ' બંદર આગળ એક કાફલા સહિત આવી પોંહોંચ્યો. કલિકટના રાજાએ પેહેલાં એને સારો આવકાર દીધો; પણ મુસલમાન વેપારીઓએ રાજાનાં મનમાં ફીરંગી લોકો વિષે શક ઉત્પન્ન કર્યો, તેથી વાસ્કો-ડી-ગામાને થોડા વ-

અંતમાં 'પોર્તુગળ' તરફ પાછું હંકારી જવું પડ્યું. ૧૫૦૦ માં 'કાબ્રાલ,' ૧૫૦૨ માં વાસ્કો-ડી-ગામા પાછો, અને ૧૫૦૪ માં 'આલ્બુકર્ક' નામના બે ભાઈઓ કાફલા સહિત હિંદુસ્તાનમાં આવ્યા, અને હિંદુસ્તાનથી માલ ભરી પાછા ફર્યા. એ પ્રમાણે હિંદુસ્તાન આવવાનો જળ માર્ગ શોધી કાઢીને આ ફળવંત દેશનો વેપાર ફીરંગી લોકોએ એક હાથ કરી લીધો.

૧૫૦૫ માં પોર્તુગળના રાજાએ 'ફ્રાન્સિસ-આલમીડા' ને હિંદુસ્તાનનો સુબો ઠરાવી એક કાફલા સહિત મોકલ્યો. 'વીનીશિયન' લોકો, જેઓ 'ઇરાન' અને 'એશિઆ-માઇનર' ને રસ્તે હિંદુસ્તાન જોડે વેપાર ચલાવતા હતા, તેઓ આ વખતે ઘભરાટમાં પડયા. તેઓની ઉસ્કેરણીથી ૧૫૦૮ માં 'મીસર' દેશના હાકેમે ફીરંગી લોકોને હાંકી કાઢવાને હિંદુસ્તાન ભણી એક મોટો કાફલો મોકલ્યો. આ કાફલા સાથે ગુજરાતનો હાકેમ પણ પોતાના કાફલા સહિત જોડાયો. આલમીડાનો છોકરો આ બન્ને કાફલાની સામો થયો, પણ મુંબઇની દક્ષિણે 'ચોલ' ના બંદરમાં એક મોટું યુદ્ધ થયું, તેમાં ફીરંગી કાફલાએ હાર ખાધી, અને આલમીડાનો છોકરો લડતાં માર્યો ગયો. આ હારની ખબર મળતાંજ આલમીડા 'દાબુલ' નું બંદર બાળી નાખીને શત્રુના કાફલાની શોધમાં નિકળ્યો. દીવનાં બંદરમાં તેણે મીસર અને ગુજરાતના કાફલાનો નાશ કર્યો, અને પોતાના છોકરાનાં મરણનું વેર લીધું. એજ વર્ષમાં પ્રખ્યાત સેનાપતિ

'આલફોન્સો-આલ્બુકર્ક' આલ્મીડાની જગાએ સુબો થયો. એના વખતમાં ફીરંગી લોકોએ હિંદુસ્તાનમાં સંસ્થાનો સ્થાપવા માડયાં, અને એમનું બળ આ દેશમાં ઘણું વધ્યું. આલ્બુકર્કે હિંદુસ્તાનમાં એક બળવાન ફીરંગી રાજ્ય સ્થાપવાનો મનસુબો કર્યો, અને તે મતલબથી 'બીજાપુર' ના રાજા સાથે લડીને તેનું 'ગોવા' શેહેર લઈ લીધું, અને તેને ફીરંગી રાજ્યનું મુખ્ય મથક કર્યું. તેણે 'મલાકા' અને 'ઓરમજ' જીતી લીધાં, અને હિંદુસ્તાનના કેટલાએક દેશી રાજાઓની દરબારમાં, તેમજ 'સિઆમ,' 'સુમાત્રા' અને 'જાવા' ના રાજાઓની દરબારમાં એલચીઓ મોકલ્યા. ૧૫૧૫ માં પોર્તુગાળના રાજાએ આ પ્રખ્યાત સુબાને એકદમ વગર કારણે બરતરફ કર્યો, અને તેની જગાએ તેના કટ્ટા શત્રુ 'સોઆરેઝ' ને નીમ્યો. આ શૂરા લડવૈયાથી એ દુઃખ સહન થઈ શકયું નહી, અને તે એજ વર્ષમાં ગોવામાં મરણ પામ્યો.

આલ્બુકર્કનાં મરણ પછી સોળમી સદીના અંત સુધી ઘણા જાણવાજોગ બનાવ બન્યા નહીં. ફીરંગી લોકોએ એટલા વખતમાં થોડાં સંસ્થાનો સ્થાપ્યાં. ૧૫૩૬ માં 'દીવ' નો બેટ એ લોકોના તાબામાં આવ્યો. ૧૫૭૧ માં બીજાપુર, અહમદનગર, અને કલિકટના રાજાઓએ સાથે મળીને ફીરંગીઓ સામે વિગ્રહ આરંભ્યો, અને ગોવા શેહેરપર ઘેરો નાખ્યો. આ સઘળા રાજા ઉપર ફીરંગી લોકોએ ફતેહ મેળવી, અને તેઓને પાછા હ-

હાથ્યા. સતરમા સદીમાં મુખ્યત્વે કરીને 'વલંદા' (હોલાન્ડ દેશના રહેવાસી) લોકોની હરીફાઈથી હિંદુસ્તાનમાં અને એશિઆના બીજા ભાગોમાં ફીરંગી લોકનું બળ ઓછું થતું ગયું. ૧૬૦૭ માં વલંદાઓએ તેમનું 'મોલક્કાસ' સંસ્થાન લઈ લીધું. ૧૬૨૨ માં ઈરાનના બાદશાહે 'ઓરમજ' સંસ્થાન લઈ લીધું; અને 'મસ્કટ' ના ઈમામે આફ્રિકાના પૂર્વ કિનારાપરનાં તેમનાં કેટલાંક સંસ્થાન તાબે કીધાં. ૧૬૩૧ માં મુગલ બાદશાહ શાહજહાંના હુકમથી બંગાળાના સુબાએ તેમનાં 'હુગલી'નાં સંસ્થાનનો નાશ કર્યો, અને તેમને બંગાળામાંથી હાંકી કાઢ્યા. ૧૬૪૦ માં 'મલાકા' માંથી, અને ૧૬૫૬ માં 'સીલોન'માંથી વલંદા લોકોએ તેમને હાંકી કાઢ્યા. ૧૬૬૨ માં શિવાજીને ખંડણી આપવાની ફીરંગી લોકોને ફરજ પડી. ૧૭૩૯ માં બાજીરાવ પેશ્વાના ભાઈ ચીમનાજી આપાએ તેઓનો 'વસઈ' નો કિલ્લો લડીને લીધો. એ પ્રમાણે ફીરંગીઓએ એશિઆ માહેલાં ઘણાં ખરાં સંસ્થાનો ખોયાં. હાલ હિંદુસ્તાનમાં તેમનાં સંસ્થાન માત્ર ત્રણછે,—ગોવા, દમન, અને દીવ.

૨. વલંદા અને ડેન.

સતરમી સદીની શરૂઆતમાં વલંદા લોકો એશિઆમાં ફીરંગી લોકના હરીફ થઈ પડયા. તેઓએ પણ આ વખતથી પૂર્વ તરફનાં દેશો સાથે વેપાર ચલાવવા માંડયો, અને જુદે જુદે ઠેકાણે સંસ્થાનો સ્થાપ્યાં. તેઓએ ઉપર જણાવ્યા પ્રમાણે ફીરંગી

લોકોનાં કેટલાંએક સંસ્થાનો લઈ લીધાં; અને 'જાવા' બેટમાં 'બતેવિયા' નું સંસ્થાન સ્થાપીને તેને પૂર્વમાં પોતાનું મુખ્ય મથક કર્યું. હિંદુસ્તાનમાં પણ આ સાહસિક લોકોએ કેટલાંએક સંસ્થાનો સ્થાપ્યાં; તેમાંના મુખ્ય 'ચીનસુરા' (બંગાળા પ્રાંતમાં), અને 'નેગેપટામ' (કર્ણાટક પ્રાતમાં) હતાં. 'સુરત' માં પણ વલંદાઓએ પોતાની વેપારની કોઠી સ્થાપી હતી. હિંદુસ્તાન માહેલાં તેમનાં સઘળાં સંસ્થાનો પાછળથી અંગ્રેજોએ લઈ લીધાં, તેથી હાલ આ દેશમાં વલંદા લોકોનું એકપણ સંસ્થાન નથી.

સતરમી સદીની શરૂઆતમાં 'ડેન' લોકોએ પણ હિંદુસ્તાનમાં બે સંસ્થાન સ્થાપ્યાં હતાં. એક 'ત્રાંકિવબાર' સંસ્થાન દક્ષિણે 'કર્નાટક' માં હતું; અને બીજું 'સીરામપોર' સંસ્થાન બંગાળામાં હતું. આ બન્ને સંસ્થાનો અંગ્રેજ સરકારે ૧૮૪૫ માં ડેન લોકો પાસેથી વેચાતાં લીધાં.

૩. અંગ્રેજ.

સોળમી સદીની આખરે અંગ્રેજ લોકોનું ધ્યાન હિંદુસ્તાન ભણી ખેંચાયું. હિંદુસ્તાન અને એશિઆનાં બીજા દેશો જોડે વેપાર ચલાવવાને 'ઈંગ્લાંડ' ના વેપારીઓએ 'ઈસ્ટ-ઈનડયા-કંપની' નામની એક પેઢી સ્થાપી; અને આ પેઢીએ ઈ. સ. ૧૬૦૦ માં ઈંગ્લાંડની રાણી 'ઈલીઝાબેથ' કનેથી પૂર્વમાં વેપાર કરવાનો પટો મેળવ્યો. આ મતલબથી અંગ્રેજોના કાફલા 'કેપ'

ને રસ્તે હિંદુસ્તાન ભણી આવવા લાગ્યા. પેહેલો કાફલો ૧૬૦૧ માં 'કેપતન લેન્કેસ્તર' ની સરદારી હેઠળ આવ્યો. ત્યારપછી ૧૬૦૮ માં ઈંગ્લાંડના બાદશાહ પેહેલા 'જેમ્સ' કનેથી, અને ઈસ્ટ ઈનડયા કંપની તરફથી, ભલામણ પત્રો લઈને 'કેપતન હોકિન્સ' 'જાંહાંગીર' બાદશાહની દરબારમાં આવ્યો. જાંહાંગીરે તેને સારો આવકાર દીધો, અને 'હોકીન્સ' ત્રણ વર્ષ લગી આગ્રામાં રહ્યો. ૧૬૧૩ માં જાંહાંગીર બાદશાહે મુગલ રાજ્યમાં ચાર ઠેકાણે વેપારની કોઠી સ્થાપવાની અંગ્રેજોને પરવાનગી આપી, ૧૬૧૫ માં 'સર-તોમસ-રો' ઈંગ્લાંડના બાદશાહ પેહેલા 'જેમ્સ' ના એલચી તરીકે જાંહાંગીરની દરબારમાં આવ્યો, અને ત્રણ વર્ષ સુધી હિંદુસ્તાનમાં રહ્યો. જાંહાંગીરે તેને બહુ માન આપ્યું, અને પોતાની દરબારમાં તેને સર્વથી ઊંચી પદવી આપી. સર તોમસ રોએ ઈંગ્રેજ વેપારીઓને નડતી ઘણીએક અડચણો દૂર કરી, અને જાંહાંગીરને સમજાવીને ઈસ્ટ ઈનડયા કંપનીને કેટલાએક ફાયદાકારક હકો અપાવ્યા.

૧૬૧૬ માં અંગ્રેજોએ 'સુરત,' કલિકટ,' અને 'મસલીપટમ' માં પોતાની કોઠી સ્થાપી. ઘણાં વર્ષ સુધી સુરત હિંદુસ્તાનમાં તેમનું મુખ્ય મથક હતું. ૧૬૩૮ મા સુરત માહેલા એક અંગ્રેજ વૈદ દાકતર 'બ્રાઉતને' શાહજહાં બાદશાહની દીકરીને માંદગીમાંથી સાજી કરી, તેથી બાદશાહે ખુશી થઈને દાકતર બ્રાઉતનની અરજ ઉપરથી ઈસ્ટ ઈનડયા કંપનીને કેટલાક હક

બખશ્યા. એજ પ્રમાણે દાકતર બ્રાઉતનની કાબેલિઅતને લીધે બંગાળાના સુબા તરફથી કંપનીને બંગાળામાં વેપાર કરવાની છૂટ મળી. ૧૬૪૦ માં 'બીજયાનગર' ના 'રામ રાજા' ના ભાઈ કનેથી થોડી જમીન વેચાતી લઈને અંગ્રેજોએ 'મદ્રાસ' સંસ્થાન સ્થાપ્યું, અને 'ફોર્ટજયોર્જ' નો કિલ્લો બાંધ્યો. ૧૬૫૩ માં 'કોરોમાન્ડલ' કીનારા ઉપર મદ્રાસ કંપનીનું મુખ્ય મથક થયું. ૧૬૬૪ માં શિવાજીએ સુરત ઉપર હુમલો કર્યો તે વખતે અંગ્રેજોએ 'સર-જયોર્જ-ઓક્સેનડન' ની સરદારી હેઠળ પોતાની કોઠીનો ઘણી બાહાદુરીથી બચાવ કર્યો અને લોકોનું રક્ષણ કર્યું. ઔરંગઝેબ બાદશાહ આ ખબર સાંભળીને ઘણો ખુશી થયો, અને તેણે કંપનીના માલપરની કેટલીક જગાત કાઢી નાખી. ઇંગ્લાંડનો રાજા બીજો 'ચારલ્સ' ૧૬૬૨ માં પોર્ટુગાળના રાજાની છોકરી 'કેથરાઈન' જોડે પરણ્યો, ત્યારે પોર્ટુગાળના રાજાએ 'મુંબઈ' બેટ ચારલ્સ રાજાને પેહેરામણીમાં આપ્યો હતો. આ બેટ ૧૬૬૮ માં ચારલ્સ રાજાએ ઈસ્ટ ઇનડયા કંપનીને સ્વાધીન કર્યો. આ વખત પછી પશ્ચિમ કાંઠા ઉપર મુંબઈ કંપનીનું મુખ્ય મથક થયું. ૧૬૯૬ માં ઇંગ્રેજોએ બંગાળામાં 'કલકતા' નું સંસ્થાન સ્થાપ્યું, અને ફોર્ટ-વિલ્યમ' નો કિલ્લો બાંધ્યો. બંગાળામાં કલકતા કંપનીનું મુખ્ય મથક થયું. આ પ્રમાણે ૧૭ મી સદીની આખરે હિંદુસ્તાનમાં અંગ્રેજોનાં મુખ્ય મથક હાલની માફક કલકતા, મુંબઈ, અને મદ્રાસ હતાં.

—:0:—

૪. ફ્રેન્ચ.

ફ્રેન્ચ સરકારે ૧૬૦૪ માં હિંદુસ્તાન ભણી પેહેલો કાફલો મોકલ્યો; અને ૧૬૬૪ માં ફ્રેન્ચ ઈસ્ટ ઈનડયા કંપની ઉભી થઈ. આ કંપનીએ અંગ્રેજ અને વલંદા વેપારીની માફક સુરતમાં પોતાની કોઠી સ્થાપી. ૧૬૭૪ માં 'માર્તિન' નામના એક ફ્રેન્ચ પુરૂષે બીજાપુરના રાજા કનેથી કર્નાટકમાં જમીન વેચાતી લઈને 'પોન્ડીચરી' શેહેર વસાવ્યું, અને તેને ફ્રેન્ચોનું મુખ્ય મથક કર્યું. ૧૬૮૮ માં ફ્રેન્ચ લોકોએ બંગાળામાં 'હુગલી' નદી પર 'ચનદરનગર' શેહેર વસાવ્યું; અને ૧૭૨૫ માં 'લાબુર્દોને' નામના એક ફ્રેન્ચ અમલદારની બાહાદુરીથી મલબાર કોસ્તા ઉપર 'મહે' બંદર ફ્રેન્ચોના હાથમાં આવ્યું. ૧૭૩૫ માં પોન્ડીચરીનો હાકેમ 'ડુમા' નામે એક પુરૂષ હતો, અને તેના પછી ૧૭૪૧ માં 'ડુપ્લે' હાકેમ થયો. પોન્ડીચરીમાં આવ્યા પેહેલાં 'ડુપ્લે' ૧૭૩૧ થી ૧૭૪૧ સુધી ચનદરનગરનો હાકેમ હતો. આલ્બુકર્કની માફક ડુપ્લેએ પણ હિંદુસ્તાનમાં એક બળવાન રાજ્ય સ્થાપવાનો મનસુબો કર્યો હતો, અને તે માટે પેહેલાં અંગ્રેજોને હાંકી કાઢવાને તેણે પ્રયત્ન કર્યો. પેહેલાં થોડો વખત ડુપ્લે પોતાની મતલબમાં ફાવતો માલમ પડયો, અને દક્ષિણ હિંદુસ્તાનમાં ઈંગ્રેજોની ઘણી દુર્દશા થઈ; પણ પાછળથી અંગ્રેજો ફાવ્યા અને ફ્રેન્ચોનું બળ ભાગી પડયું. હાલ હિંદુસ્તાનમાં ફ્રેન્ચોનાં પાંચ સંસ્થાનછે,—'પોન્ડીચરી,' 'ચનદરનગર,' 'મહે,' 'કરિકલ,' અને 'યાનાઉન'.

પ્રકરણ ૨ જું.

—:o:—

ઓરંગઝેબનાં મરણ પછી દખણની સ્થિતિ.
(૧૭૦૭—૧૭૪૮.)

૧. મરેઠી રાજ્ય.

ઓરંગઝેબ બાદશાહનાં મરણ પછી તેના છોકરા 'આઝમ' સંભાજીના છોકરા શાહુને છોડી મૂકયો, તેથી શાહુ દખણમાં આવીને 'તારાબાઈ' કનેથી રાજ્ય સત્તા લઈ સતારાની ગાદીપર બેઠો (૧૭૦૮). મુગલ દરબારમાં કેળવાયાથી શાહુને એશ આરામ ઘણો પસંદ હતો, તેથી તેણે સઘળો રાજકારભાર પોતાના વજીર 'બાળાજી વિશ્વનાથ' ને સોંપ્યો (૧૭૧૪). એ વખત પછી મરેઠી રાજ્યમાં પેશ્વા (વજીર) કરતા હરતા થયા. ૧૭૨૦ માં બાળાજી વિશ્વનાથનાં મરણ પછી શાહુએ બાળાજીના છોકરા 'બાજીરાવ' ને પેશ્વાની પદવી આપી. બાજીરાવ ઘણો શૂરો હતો, અને તેણે શાહુના રાજ્યને ઘણું વધાર્યું. ૧૭૪૦ માં બાજીરાવનાં મરણ પછી 'બાળાજી બાજીરાવ' પેશ્વા થયો. ૧૭૪૮ માં શાહુરાજા મરણ પામ્યો અને પેશ્વા બાળાજી બાજીરાવે બીજા શિવાજીના કુંવર રામરાજાને સતારાની ગાદીએ બેસાડયો.

૨. હૈદરાબાદનું રાજ્ય.

મરેઠી રાજ્ય શિવાય દખ્ખણનો બાકીનો ભાગ દિલ્હીના મુગલ બાદશાહને તાબે હતો, જેના તરફથી એક હાકેમ દખ્ખણના સુબેદારનો ઓદ્ધો ધારણ કરી ત્યાં રાજ્યચલાવતો હતો. ઔરંગઝેબ પછી તેના છોકરા 'બાહાદુરશાહે' 'ઝુલફિકરખાંને દખ્ખણનો સુબો કર્યો હતો. ઝુલફિકરખાં ઘણો ખરો 'દિલ્હી' માં રેહેતો હતો, તેથી તેણે દખ્ખણનો કારભાર 'દાઉડખાં' નામના એક નાયકને સોંપ્યો હતો. ૧૭૧૨ માં બાહાદુરશાહનાં મરણ પછી તેના છોકરા ગાદીને માટે વઢયા, તે વખતે પ્રખ્યાત સૈયદ ભાઈઓ 'હુસેનઅલી' અને 'અબદુલા' જે 'બહાર' અને 'અલાહાબાદ' પ્રાંતના સુબા હતા, તેઓની મદદથી ૧૭૧૩ માં 'ફરૂખશીર' બાદશાહ થયો, અને 'ઝુલફિકરખાં' આ સૈયદોને હાથે માર્યો ગયો. આ ફેરફારથી દખ્ખણના સુબેદારનો ઓદ્ધો 'અસોફજાહ' ને મળ્યો. ('અસોફજાહ' હિંદુસ્તાનની તવારીખમાં 'નિઝામ-ઉલ-મુલ્ક' ને નામે પ્રખ્યાત થઈ ગયેલોછે.) ૧૭૧૪ માં સૈયદ 'હુસેન અલી' જે બાદશાહનો વઝીર હતો તે 'અસોફજાહ' ને ખસેડીને પોતે દખ્ખણનો સુબેદાર થયો. નિઝામ-ઉલ-મુલ્ક 'અયોઢયા' ના નવાબ 'સાદતખાં' સાથે મળીને આ સૈયદ ભાઈઓની સામો થયો, અને ૧૭૨૦ માં તેઓની સત્તાનો અંત આણવામાં ફતેહમંદ ઉતર્યો. નિઝામ-ઉલ મુલ્ક બાદશાહનો વઝીર થયો, અને તેણે દખ્ખણના સુબેદારનો

પોતાનો આગળો ઓહદો પણ ધારણ કીધો. ૧૭૨૪ માં આ ઘરડો નિઝામ દખ્ખણમાં ગયો, અને હૈદ્રાબાદમાં પોતાનું રાજ્ય સ્થાપી સ્વતંત્રપણે રાજ્યચલાવવા લાગ્યો. આ બહાદુર લડવૈયો ૧૦૪ વર્ષની ઉમરે ૧૭૪૮ માં મરણ પામ્યો. એજ વર્ષમાં દીલ્હીનો બાદશાહ મહમુદશાહ અને મરેઠી રાજા શાહુ પણ મરણ પામ્યા.

૩. કર્નાટકનું રાજ્ય.

ઝુલફિકરખાં અને નિઝામ-ઉલ-મુલ્ક જે વખતે દખ્ખણના સુબેદાર હતા, તે વખતે કર્નાટકનો રાજ્ય કારભાર ‘ સાદત-ઉલાખાં ’ નામના નાયકને સ્વાધીન હતો. ૧૭૩૨ માં સાદત-ઉલાખાં મરણ પામ્યો, અને તેનો ભત્રીજો ‘ દોસ્તઅલી ’ દખ્ખણના સુબેદાર નિઝામ-ઉલ-મુલ્કની પરવાનગી મેળવ્યા વગર કર્નાટકનો નવાબ થયો. નિઝામ આ વખતે બાજીરાવ પેશ્વા જોડે લડવામાં રોકાયલો હતો તેથી તેણે નવાબનો ઓહ્દો ધારણ કરવામાં દોસ્તઅલીને અડચણ કરી નહીં. દોસ્તઅલીનો ‘ ચન્દા સાહેબ ’ નામે જમાઈ હતો, જેને પોન્ડીચરીના હાકેમ ‘ ડુમા ’ જોડે ઘણી દોસ્તી હતી. ૧૭૩૬ માં ‘ ત્રિચિનાપોલી ’ ની રાણી સાથે દગો રમીને ચન્દા સાહેબ ત્રિચિનાપોલી શહેર અને તેની આસપાસના મુલકનો ધણી થઈ પડયો; અને ૧૭૩૯ માં તેણે ‘ તાનજોર ’ ના મરેઠી રાજા કનેથી ‘ કરિકલ ’ બંદર છીનવી લઈને ફ્રેન્ચોને આપ્યું. ચન્દા સાહેબનાં આવાં કૃત્યથી મરેઠાઓને ઘ-

ણો ક્રોધ ચઢયો; તેથી 'બીરાર' ના રાજા 'રઘુજી ભોંસલે' અને 'મોરારીરાવ' એક મોટી સેનાસહિત કર્નાટક ઉપર ચઢયા. દોસ્ત અલી 'આમ્બુર' આગલ તેમની સામો થયો, પણ તે હાર્યો અને માર્યો ગયો (૧૭૪૦). મરેઠાઓએ દોસ્તઅલીના છોકરા 'સફદરઅલી' ને નવાબ ઠેરવ્યો; અને ૧૭૪૧ માં તેઓએ ત્રિચિનાપોલીને ઘેરો ઘાલ્યો. આ શેહેરનો ત્રણ મહિના સુધી ચન્દા સાહેબે ઘણી બાહાદુરીથી બચાવ કર્યો, પણ અંતે તેને શરણ થવું પડયું. મરેઠા ચન્દા સાહેબને કેદ પકડી લઈ ગયા, અને તેને સતારામાં બંધ કર્યો, જ્યાં તે સાત વર્ષ સુધી રહ્યો. સફદર અલીને તેના બનેવી 'મોરતિઝા અલી' એ ૧૭૪૨ માં મારી નાખ્યો; અને તેની બાયડીએ પોતાનાં નાનાં બાળક સહિત મદ્રાસમાં અંગ્રેજોનો આશરો લીધો. એ વખતે નિઝામ-ઉલ-મુલ્કે એક મોટાં લશકર સહિત આવીને કર્નાટકમાં બંદોબસ્ત કર્યો. તેણે સફદરઅલીના બાળકને નવાબ તરીકે કબુલ રાખ્યો, અને તે મોટો થાય ત્યાં સુધી કર્નાટકનો રાજ્ય કારભાર 'અનવારૂદીન' નામના પોતાના એક અનુભવી નાયકને સોંપીને તે પાછો ફર્યો. ૧૭૪૩ માં આ બાળક નવાબને કોઈએ મારી નાખ્યો; તેથી અનવારૂદીને કર્નાટકના નવાબનો ઓદ્ધો ધારણ કીધો.

—o:0:o—

પ્રકરણ ૩ જું.

—o:o—

કર્નાટકમાં અંગ્રેજ અને ફ્રેન્ચ વચ્ચે વિગ્રહ.

(૧૭૪૬—૧૭૬૧.)

—:o:—

૧. કર્નાટકનો પેહેલો વિગ્રહ. (૧૭૪૬—૧૭૪૮)

છેલ્લાં પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે કર્નાટકની સ્થિતિ હતી તેવામાં યુરોપખંડમાં ઈંગ્લાંડ અને ફ્રાન્સ વચ્ચે લડાઈ ઉઠી. ૧૭૪૬ માં ફ્રેન્ચ સરકારે યુરોપથી લાબુર્ડોને નામના પ્રખ્યાત સરદારને એક કાફલા સહિત ઈંગ્રેજોનાં સંસ્થાનોનો નાશ કરવાને હિંદુસ્તાન ભણી મોકલ્યો. એજ વખતે ઈંગ્લાંડથી પણ એક કાફલો ઇંગ્રેજોનાં સંસ્થાનોનાં રક્ષણને માટે હિંદુસ્તાનમાં આવી પોહોંચ્યો. બન્ને કાફલા કોરોમાન્ડલ કોસ્તાપર મદ્રાસની દક્ષિણે નેગેપટમ આગળ એક બીજાની સામાથયા, પણ લડયા વગર છુટા પડયા. લાબુર્ડોનેનો વિચાર મદ્રાસ લેવાનો હતો, તેથી દુપ્લે ની મદદ મેળવવા માટે પોન્ડીચરી તરફ હંકારી ગયો. દુપ્લે અને લાબુર્ડોને એક બીજાના અદેખા હતા, તેથી તેઓમાં મતભેદ હતો; તે છતાં થોડા વખતમાં લાબુર્ડોનેએ ૪૦૦૦ માણસ સહિત મદ્રાસ ઉપર હુમલો કર્યો. મદ્રાસનો કોટ ઘણો નબળો હ-

તો, અને આ સંસ્થાનનાં રક્ષણને માટે ફક્ત ૪૦૦ અંગ્રેજ સીપાઈઓ હતા; વળી અંગ્રેજોનાં કમનસીબે ઇંગ્લાંડથી આવેલો કાફલો એ વખતે બીજી તરફ હંકારી ગયો હતો, તેથી મદ્રાસના ગવરનર મોર્સને પોતાનાં નાનાં લશકર સહિત શરણ થવાની ફરજ પડી (૧૭૪૬). લાબુર્ડોનેએ મદ્રાસ માહેલી કંપનીની માલ મિલકત જપ્ત કરી; અને ૪૪ લાખ રૂપીઆ લઈને ત્રણ મહિના પછી અંગ્રેજોને તેમનું આ સંસ્થાન પાછું સ્વાધીન કરવાને કબુલ કર્યું. ડુપ્લેએ આ કરાર પસંદ નહીં કર્યો, તોપણ લાબુર્ડોનેએ કરારનામા ઉપર સહી કરી; અને ત્યાર પછી પોતાના કાફલા સહિત યુરોપ તરફ હંકારી ગયો. એનાં કૃત્ય ફ્રેન્ચ સરકારને પસંદ પડયાં નહીં, તેથી એને ત્રણ વર્ષ સુધી બંદીખાનામાં રાખ્યો. આ શુરો સરદાર ૧૭૫૩ માં મરણ પામ્યો.

કર્નાટકના નવાબ અનવારૂદીને ફ્રેન્ચ લોકોને મદ્રાસપર હુમલો કરવાને પહેલાં પરવાનગી આપી હતી નહીં; પણ મદ્રાસ જીતી લઈને નવાબને આપી દેવાનું ડુપ્લેએ કબુલ કર્યું હતું, તેથી નવાબે તેમને કંઈ અટકાવ કર્યો નહીં. મદ્રાસ ફ્રેન્ચોના હાથમાં આવ્યા પછી જયારે નવાબે જોયું કે ડુપ્લેનો વિચાર પોતાની કબુલાત પાળવાનો નથી, ત્યારે તેણે પોતાના છોકરાને ૧૦૦૦૦ માણસનું લશકર આપી મદ્રાસ લેવા મોકલ્યો. પેરેડી નામના ફ્રેન્ચ અમલદારે ૨૩૦) યુરોપીઅન, અને ૭૦૦) દેશી

સીપાઈઓ સાથે નવાબનાં આ મોટાં લશકરનો પરાજય કર્યો (૧૭૪૬). ડુપ્લેએ તરત અનવારૂદ્દીનને પાછો મેળવી લીધો, પણ થોડા વખતમાં નવાબે અંગ્રેજોનો પક્ષ પકડયો.

લાબુર્ડોનેએ અંગ્રેજો સાથે કરેલો કરાર ડુપ્લેએ તોડયો, અને મદ્રાસ પોતાને સ્વાધીન લઈ ને પેરેડીને ત્યાંનો હાકેમ નીમ્યો. મદ્રાસ માહેલા અંગ્રેજોને, અને બીજા મુખ્ય રેહેવાસીઓને તેણે પોન્ડીચરીમાં લાવી પુર્યા. મદ્રાસથી બાર મૈલને છેટે આવેલા સેંત દેવીડના કિલ્લામાં થોડા અંગ્રેજો રહેલા હતા, તેથી ૧૭૪૭ માં ડુપ્લેએ સેંત દેવીડને ઘેરો ઘાલ્યો. કિલ્લા માહેલા અંગ્રેજોએ ઘણી બાહાદુરીથી કિલ્લાનો બચાવ કર્યો, અને ઇંગ્લાંડથી 'એડમીરલ બોસકોઅન' એક કાફલા સહિત આવી લાગો, તેથી ફ્રેંચો ઘેરો ઉઠાવી પોન્ડીચરી તરફ પાછા હઠયા. ૧૭૪૮ માં એડમીરલ બોસકોઅને પોન્ડીચરીને ઘેરો ઘાલ્યો. ડુપ્લેએ પાંચ અઠવાડીઆં સુધી શેહેરનો ઘણી હિમતથી બચાવ કર્યો, જેથી અંગ્રેજો ફાવ્યા નહીં, અને તેમને ઘેરો ઉઠાવી લેવાની ફરજ પડી. આ બનાવ પછી તરતજ યુરોપમાં ઇંગ્લાંડ અને ફ્રાન્સ વચ્ચે 'એકસ-લા-શાપેલ' આગળ સંધી થઈ, અને હિંદુસ્તાનમાં પણ લડાઈ બંધ પડી. બન્નેએ એક બીજાના જીતી લીધેલા મુલકો પાછા આપ્યા. (૧૭૪૮).

—o:o—

૨. હૈદ્રાબાદ અને કર્નાટકની ગાદી વિષે વાદ;

અને

કર્નાટકનો બીજો વિગ્રહ (૧૭૪૮—૧૭૫૫.)

છેલ્લાં પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે ૧૭૪૮ માં દખ્ખણના પ્રખ્યાત સુબેદાર નિઝામ-ઉલ-મુલ્કનો કાળ થયો. આ શૂરા સરદારે પોતાની ગાદી પોતાના પૌત્ર મુઝફ્ફરજંગને આપવાની મરજી જણાવી હતી; પણ તેનો બીજો છોકરો નાઝિરજંગ પોતાના બાપનાં મરણ વખતે હૈદ્રાબાદમાં હોવાથી લશકરની મદદ વડે તરત ગાદીપર બેઠો, અને તેણે દખ્ખણના સુબેદારનો ઓદ્ધો ધારણ કીધો. મુઝફ્ફરજંગ મરેઠાની મદદ મેળવવા માટે સતારે ગયો, ત્યાં તેને ચન્દા સાહેબ સાથે દોસ્તી થઈ; અને આ બન્ને શાહજાદાએ હૈદ્રાબાદ અને કર્નાટકની ગાદી મેળવવા માટે ફ્રેન્ચ હાકેમ દુપ્લેની મદદ માગી. ફ્રેન્ચ સત્તા વધારવાને આ લાગ ઠીક માલમ પડવાથી દુપ્લેએ તેમની અરજ બહાલ રાખી, અને મરેઠાને સાત લાખ રૂપીઆ આપીને ચન્દા સાહેબને છોડવ્યો. મુઝફ્ફરજંગ અને ચન્દા સાહેબે થોડુંએક લશકર ભેગું કર્યું, અને દુપ્લેએ તેમની મદદે ખુસીને થોડુંક લશકર આપી મોકલ્યો. પેહેલાં તેઓએ કર્નાટકના નવાબ અનવારૂદીન સામે લડાઈ ઉઠાવી. નવાબ આમ્બુરનાં રણમાં તેમની સામો થયો, પણ તેણે હાર ખાધી અને પોતાના વડા છોકરા સહિત તે માર્યો ગયો;

અને તેનો નાનો છોકરો મહમદઅલી ત્રિચિનાપોલીમાં જઈ ભરાયો (૧૭૪૯). મુઝફ્ફરજંગ અને ચન્દા સાહેબે તરત કર્નાટકની રાજધાની આર્કટનો કબજો લીધો; અને મુઝફ્ફરજંગે દખણના સુબેદારનો ઓહધો ધારણ કરીને ચન્દા સાહેબને કર્નાટકનો નવાબ ઠરાવ્યો. આ મદદને માટે ડુપ્લેને પોન્ડીચરીની આસપાસનાં ૮૧ ગામો મળ્યાં,

આ ખબર મળતાંજ નાઝિરજંગ એક મોટાં લશકર સાથે કર્નાટકપર ચઢી આવ્યો, અને પોન્ડીચરીની નજદીક તેણે મુઝફ્ફરજંગને હરાવ્યો અને કેદ પકડયો; ચન્દા સાહેબ નાહાસી ગયો, અને ફ્રેન્ચો જોઈતી મદદ કરી શકયા નહીં. એ લડાઈમાં અંગ્રેજો તરફથી મેજર લોરન્સ નામનો એક અમલદાર થોડાં માણસો સહિત નાઝિરજંગની મદદે આવ્યો હતો. નાઝિરજંગે તરતજ પોતાના ઓહધાની રૂએ મહમદઅલીને કર્નાટકનો નવાબ ઠરાવ્યો (૧૭૫૦). આ ફતેહ પછી નાઝિરજંગ આળસુ પડી રહ્યો; તેનો લાભ લઈને ફ્રેન્ચોએ કદાલોર આગળ મહમદઅલીને હરાવ્યો અને જિનજીનો મજબુત કિલ્લો બુસીએ ૨૪ કલાકમાં લીધો. નાઝિરજંગ અંતે ફ્રેન્ચોની સામો ગયો, પણ તેના કેટલાક નાયકોએ તેની સામે સંપ કર્યો અને તેને મારી નાખી મુઝફ્ફરજંગને છુટો કર્યો. મુઝફ્ફરજંગ છુટીને પોન્ડીચરીમાં ડુપ્લેને મળવા ગયો; ત્યાં એણે મોટા દમામથી દખણના સુબેદારનો ઓહધો ધારણ કીધો, અને ચન્દા સાહેબને પાછો કર્નાટક-

નો નવાબ કર્યો. ડુપ્લેને અને ફ્રેન્ચ ઈસ્ટ ઈનડયા કંપનીને મુઝફરજંગ તરફથી કીમતી બક્ષેસો મળી (૧૭૫૦). ૧૭૫૧ માં મુઝફરજંગને તેની રાજધાનીનાં શેહેર ઔરંગાબાદ મધે ગાદીએ બેસાડવાને ડુપ્લેએ બુસીને એક નાનાં લશકર સાથે મોકલ્યો; માર્ગમાં જે નાયકોએ નાઝિરજંગને મારી નાખ્યા હતા તેઓએ મુઝફરજંગને પણ મારી નાખ્યો. બુસીએ તરત નિઝામઉલ મુલ્કના નાના છોકરા સલાબતજંગને સુબેદાર તરીકે જાહેર કીધો, અને તેને સહી સલામત ઔરંગાબાદ લઈ જઈને ગાદીએ બેસાડયો. બુસી નિઝામના સલાહકારી તરીકે તેની દરબારમાં રહ્યો.

૧૭૫૨ માં ચન્દા સાહેબે અને ફ્રેન્ચોએ ત્રિચિનાપોલીમાં મહમદઅલી ઉપર હુમલો કર્યો. અંગ્રેજો પાસે પુરતું લશકર નહીં હોવાથી તેઓ પોતાના મિત્ર મહમદઅલીને મદદ કરી શકયા નહીં. ત્રિચિનાપોલી શત્રુના હાથમાં જવાને કાંઈ ઘણી ખોટી હતી નહીં, તેટલામાં રોબર્ટ કલાઈવ નામના એક જુવાન લશકરી અમલદારે મદ્રાસના ગવરનર મી૦ સોનડર્સને મહમદઅલીનો છુટકારો કરવાનો એક ઉપાય સુચવ્યો, તેથી દક્ષિણ હિંદુસ્તાનમાં ઈંગ્રેજી સત્તાનો નાશ થતો અટકયો. કેપ્તન કલાઈવે એવી સુચના કીધી કે આ વખતે ચન્દા સાહેબની રાજધાની આર્કટ ઉપર હુમલો કરવામાં આવે, તો ઘણુ કરીને મહમદઅલીનો છુટકારો થાય; અને આ કામ બજાવવાનું તેણે માથે લીધું. ગવરનરને બીજો કંઈ ઉપાય ન માલમ પડવાથી કલાઈવની સુચના

પસંદ પડી. ૨૦૦ યુરોપીઅન અને ૩૦૦ દેશી સીપાઈઓ સાથે કલાઈવે આર્કટ લીધું. ચન્દા સાહેબે પોતાના છોકરા રાજા સાહેબને ૧૦૦૦૦ માણસ આપીને પોતાની રાજધાની પાછી લેવા મોકલ્યો. કલાઈવે આટલાં થોડાં માણસ સાથે સાત અઠવાડીઆં સુધી આર્કટનો બચાવ કર્યો, અને રાજા સાહેબને ઘેરો ઉઠાવી જવાની ફરજ પાડી. કલાઈવને થોડી મદદ આવી પુગવાથી તે રાજા સાહેબની પાછળ ગયો અને આર્નીની લડાઈમાં તેને હરાવ્યો (૧૭૫૧).

ડુપ્લેએ પોતાની ફતેહની નીશાની તરીકે ૧૭૫૦ માં એક સ્તંભ ઉભો કર્યો હતો, અને ડુપ્લે-ફતેહ-આબાદ નામનું શહેર વસાવ્યું હતું, તે બન્નેનો કલાઈવે ૧૭૫૨ માં નાશ કર્યો; અને મેજર લોરેન્સ સાથે મળીને ત્રિચિનાપોલી આગળ શત્રુની સામો ગયો. અંગ્રેજોએ ચન્દા સાહેબ અને ફ્રેન્ચોને ઘેરી લીધા, જેથી ચન્દા સાહેબ તાનજોરના લશકરનાં સેનાપતિને શરણે ગયો, અને આખાં ફ્રેન્ચ લશકરને હથિયાર છોડી દેવાની ફરજ પડી. ચન્દા સાહેબને તાનજોરનાં લશકરના સેનાપતિએ મારી નાખ્યો, અને મહમદઅલી કર્નાટકનો નવાબ થયો (૧૭૫૨). ફ્રેન્ચોએ ૧૭૫૪ માં પાછો ત્રિચિનાપોલીને ઘેરો ઘાલ્યો, પણ મેજર લોરેન્સે તેનો બાહાદુરીથી બચાવ કીધો, તેથી તેઓને પાછુ હઠવું પડયું. એજ વર્ષમાં ફ્રેન્ચ સરકારે ડુપ્લેને બોલાવી લીધો અને તેની જગાએ ગોડહ્યુને હાકેમ ઠરાવ્યો. નવા હાકેમે મહમદ

અલીને નવાબ તરીકે કબુલ રાખ્યો, અને અંગ્રેજો સાથે સંધી કરી (૧૭૫૫). દુપ્લે ઘણી ગરીબ હાલતમાં પોતાના પાછળા દિવસ કાઢી ૧૭૬૪ માં પેરીસ શેહેરમાં મરણ પામ્યો.

૩. કર્નાટકનો ત્રીજો વિગ્રહ (૧૭૫૭—૧૭૬૧).

યુરોપમાં ઇંગ્લાંડ અને ફ્રાન્સ વચ્ચે લડાઈ ઉઠી, તેથી હિંદુસ્તાનમાં પણ ૧૭૫૭ માં વિગ્રહ શરૂ થયો. એજ વર્ષમાં કાઉન્ત-ડી-લાલી નામે એક પ્રખ્યાત સરદાર યુરોપથી લશકર લઈ પોન્ડીચરીમાં આવી પુગો, અને બુસીને ઉત્તર સરકારમાંથી બોલાવીને અંગ્રેજો સામે લડાઇની તૈયારી કરવા મંડયો. ૧૭૫૮ માં લાલીએ ઈંગ્રેજોનો સેંત દેવીડનો કિલ્લો લઈને તેને જમીન બરાબર કરી નાખ્યો; અને એજ વર્ષના ડીસેમ્બર મહિનામાં તેણે મદ્રાસને ઘેરો ઘાલ્યો. લાલીને તેના નાયકો જોડે બનતું નહીં તેથી તેની છાવણીમાં ઘણો ગેરબંદોબસ્ત અને કુસંપ હતો, તેથી તે મદ્રાસ તરત લેવામાં ફાવ્યો નહીં. મેજર લોરેન્સે શેહેરનો ઘણી બહાદુરીથી બચાવ કીધો, અને ઇંગ્લાંડથી લશકરની મદદ આવી પુગવાથી ૧૭૫૯ ના ફેબ્રુઅરી મહિનામાં લાલીને ઘેરો ઉઠાવી પોન્ડીચરી તરફ ઠઠી જવું પડયું.

કરનલ કૂટ ઇંગ્લાંડથી ૧૭૫૯ માં લશકર લઈ મદ્રાસમાં આવી પુગો. એજ વર્ષના ડીસેમ્બર મહિનામાં લાલી અને બુસીએ વાનડીવાશ ઉપર હુમલો કર્યો. કરનલકૂટ ફ્રેન્ચોની

સાગો થયો અને વોનડીવોશની લડાઈમાં લાલીને હરાવ્યો અને બુસીને કેદ પકડયો (૧૭૬૦). ત્યારપછી કૂટે ફ્રેન્ચ લોકોનાં શેહેરો એક પછી એક લીધાં; અને ૧૭૬૧ માં તેણે પોન્ડીચરી સર કર્યું, અને તેનો કિલ્લો તોડી નાખ્યો. લાલી પકડાયો, અને એ પ્રમાણે હિંદુસ્તાનમાં ફ્રેન્ચ સત્તાનો અંત આવ્યો. ૧૭૬૬ માં લાલીને પેરીસમાં ફાંસી દીધો. ૧૭૬૯ માં ફ્રેન્ચ ઈસ્ટ ઈનડયા કંપનીના અમલનો છેડો આવ્યો.

——0:0:0——

પ્રકરણ ૪ થું.

——0:0——

બંગાળામાં અંગ્રેજોની ચઢતી.

(૧૭૫૬—૧૭૬૦)

——0:0:0——

૧ સિરાજ-ઉદ-દવલા

અને

અંધારી કોટડીની વિપત્તિ (૧૭૫૬).

અઢારમી સદીની શરૂઆતમાં બંગાળાનો નવાબ મુરશિદ-કુલીખાં નામે હતો જેના વખતમાં બંગાળા માહેલા અંગ્રેજોને વેપારમાં ઘણી અડચણો નડતી હતી. ૧૭૨૫ માં આ

નવાબનો કાળ થયો અને તેનો છોકરો શુજા-ઉદ-દીન ગાદી-એ આવ્યો, જેણે અંગ્રેજોને ઘણી સગવડ કરી આપી. ૧૭૩૯ માં સુજા-ઉદ-દીનનાં મરણ પછી અલિવરડીખાં નામે તેની દરબારમાંનો એક ઉમરાવ ગાદીનો ધણી થઇ પડયો. આ નવાબે મરેઠાના હુમલા સામે અંગ્રેજી સંસ્થાનોનું બનતી કોશેશથી રક્ષણ કર્યું, અને કલકતાની આસપાસ એક ખાઇ ખોદવાની અંગ્રેજોને રજા આપી. આ ખાઇનું નામ મરેઠી ખાઇ પડયું. ૧૭૫૬ માં આ નવાબ મરણ પામ્યો, અને તેનો ૨૦ વર્ષની ઉમરનો પૌત્ર સિરાજ-ઉદ-દવલા બંગાળા, બહાર, અને ઓરિસાનો નવાબ થયો. એ ઘણો કમઅકલ, ઘાટકી અને દુરાચારી પુરૂષ હતો. એણે રૈયત ઉપર ભારે જુલમાત ગુજાર્યા. જેથી હિંદુ તેમજ મુસલમાનો એની ઉપર ક્રોધાયમાન થયા અને એને ધિક્કારવા લાગા.

ગાદી પર આવતાંનેવાર આ દુષ્ટ નવાબની નજર ડાક્કાના હિંદુ હાકેમ રાજબલભની દોલતપર ગઈ, તેથી રાજબલભે પોતાના છોકરા કીસનદાસને પોતાના કુટુંબ અને દોલત સહિત કલકતામાં ઈંગ્રેજોને આશરે મોકલ્યો. નવાબે કીસનદાસને સ્વાધીન કરવાને કલકતાના ગવરનર મી૦ ડ્રેક ઉપર લખી મોકલ્યું. મી૦ ડ્રેકે નવાબનુ આ કેહેણ કબુલ રાખ્યું નહીં, અને વળી નવાબના હુકમની વિરૂધ ફોર્ટવિલિયમનો કોટ મજબુત કરવાનું કામ ચાલુ રાખ્યું. સિરાજ-ઉદ-દવલાને

ઘણો ક્રોધ ચઢયો, અને તેણે તરત પોતાની રાજધાની મુર્શિ-
દાબાદની પાસે આવેલું અંગ્રેજોનું કાસિમબજાર સંસ્થાન લુ-
ટી લીધું, અને તે માહેલા અંગ્રેજોને કેદ પકડયા. (એ વખ-
તે પાછળથી પ્રખ્યાત થયલો વોરન હેસ્તિંગ્સ પણ પકડાયો હ-
તો). ત્યાર પછી તેણે એકદમ કલકતા ઉપર હુમલો કર્યો. ઈં-
ગ્રેજોમાં શેહેરનો બચાવ કરવાનું સામર્થ હતું નહીં, તેથી તે
ઓએ બાયડી છોકરાંને વહાણપર મોકલી દીધાં; અને પાછળથી
ગવરનર પોતે અને વડો લશકરી અમલદાર પણ બીચકારા બ-
નીને વહાણ ઉપર જતા રહ્યા. વહાણો શેહેરથી દૂર હંકારી
ગયાં, અને કિલ્લામાં થોડા સીપાઈ અને મુલકી અમલદારો
રહી ગયા. શેહેરમાં રહેલા અંગ્રેજોએ મી૦ હોલવેલ નામના
એક અમલદારને પોતાનો સરદાર ઠરાવીને થોડો વખત સુધી
કિલ્લાનો બચાવ કીધો, પણ અંતે તેઓને શરણ થવું પડયું;
અને નવાબે કલકતાનો કબજો લીધો (૧૭૫૬). કિલ્લા મા-
હેલા ૧૪૬ અંગ્રેજોને નવાબના હુકમથી ૧૮ ફૂટ ચોરસ એક
નાની અંધારી કોટડીમાં રાત્રે પુરવામાં આવ્યા. પાણી અને
હવાની ખુટથી, અને ઉન્હાલાના દિવસ હોવાથી, આ બાપડા
કેદીઓને મહા સંકટ વેઠવું પડયું, અને તેઓમાંના ઘણાએક
ટપાટપ બેભાન થઈ ભોંય ઉપર પડવા લાગા. કેદીઓએ પો-
તાની સ્થિતિ નવાબને જણાવવાને પેહેરેગીરોને ઘણી અરજ
કીધી, અને તેમને બહુ લાલચ બતાવી; પણ પેહેરેગીરોએ ન-

બાબને રાત્રે જગાડવાને સાફ ના પાડી. સવાર પડતાં જયારે બારણું ઉઘાડવામાં આવ્યું ત્યારે કેદીઓમાંના ૧૨૩ મરણ પામ્યા હતા, અને બાકીના ૨૩ મુડદાલ હાલતમાં મળી આવ્યા. આવાં નિર્દય કર્મને માટે આ દુષ્ટ નવાબે કાંઇ પણ દયા અથવા અથવા દલગીરી દેખાડી નહીં, અને આ ઘાતકીપણાનું જે કડવું ફળ તેણે થોડા વખતમાં ચાખ્યું તે તેને ઘટતું હતું.

---

૨. કલાઈવની બંગાળાપર સવારી

અને

પ્લાસીની લડાઈ (૧૭૫૬—૧૭૫૭).

કર્નાટકમાં ફ્રેન્ચ સતાનો નાશ કરીને કલાઇવ ૧૭૫૨ માં ઇંગ્લાંડ ગયો હતો; અને ૧૭૫૫ માં કંપનીના ડીરેકતરોએ ફોર્ટસેન્ત દેવીડના ગવરનરના ઓહ્દાપર તેને પાછો હિંદુસ્તાન મોકલ્યો હતો. મુંબઈમાં આવી પુગા પછી તેણે એડમીરલ વોતસનના કાફલા સાથે પ્રખ્યાત ચાંચિયા આંગરીઆની સામે મરેઠાને મદદ કરી, અને તેનો ઘેરિયાનો મજબુત કિલ્લો લઇ લીધો (૧૭૫૬). ત્યાર પછી કલાઈવ એડમીરલ વોતસનના કાફલા સાથે મદ્રાસ આવી પુગો, અને ફોર્ટસેંત દેવીડમાં પોતાના ઓહ્દાનો અખત્યાર લીધો. બંગાળાના માઠા સમાચાર મદ્રાસની સરકારને માલમ પડયા, કે તરત કરનલ કલાઇવને થોડું લશકર આપીને આ આફતનું વેર લેવાને બંગાળે

મોકલ્યો. ૧૭૫૬ ના ડીસેમ્બર મહિનામાં તે એડમીરલ વોતસનના કાફલા સાથે બંગાળે આવી પુગો. આવતાંનેવાર તેણે બડજબડજનો કિલ્લો લીધો, અને ૧૭૫૭ ના જાનેવારી મહિનામાં તેણે કલકતા સર કર્યું; તેજ વખતે કેપતન આયરકૂટે હુગલીનો કિલ્લો લીધો. સિરાજ-ઉદ-દવલા એક મોટાં લશકર સાથે અંગ્રેજો ઉપર ધસી આવ્યો, પણ હિંમત છોડી દઈને તેણે સંધીનું કેહેણ કલાઈવ ઉપર મોકલ્યું. કલાઈવે એડમીરલ વોતસનના વિચારની વિરૂધ ૧૭૫૭ ના ફેબ્રુઆરી મહિનામાં નવાબ સાથે સંધી કરી. આ સંધીની સરત મુજબ અંગ્રેજોને તેમના આગળા હકો પાછા મળ્યા; કલકતાનો કિલ્લો મજબુત કરવાને તેમને પરવાનગી મળી; અને નવાબના હુમલાથી તેમને થયલી સઘળી નુકશાની ભરી આપવાની કબુલાત નવાબ તરફથી મળી. સંધી કરવા પછી તરતજ નવાબે ચનદરનગર માહેલા ફ્રેન્ચ લોકો સાથે છુપો સંપ કરવા માડયો, અને બંગાળામાંથી અંગ્રેજોને હાંકી કાઢવાને ઉત્તર સરકારમાંથી પ્રખ્યાત સરદાર બુસીને તેણે બોલાવ્યો. કલાઈવને આ બાબદ વિષે ખબર મળી, તેથી આ વખતે યુરોપમાં ઇંગ્લાંડ અને ફ્રાન્સ વચ્ચે લડાઈ ઉઠી હતી તેનો લાભ લઈને તેણે એડમીરલ વોતસનના કાફલાની મદદથી નવાબના અટકાવ છતાં ફ્રેન્ચોનું ચનદરનગર શેહેર હુમલો કરીને લીધું (૧૭૫૭).

સિરાજ-ઉડ-દવલાના જુલમથી ત્રાસ પામીને તેનાં રાજ્ય માહેના મુખ્ય હિંદુઓએ કેટલાએક નારાજ થયલા મુસલમાનો સાથે મળીને નવાબને પદભ્રષ્ટ કરવાને છુપો સંપ કર્યો. એમાં મુખ્ય આગેવાનો ખજાનચી રાઈદુર્લભ, નાણાવટી જગતશેઠ, અને સેનાપતિ મીરજાફર હતા. અંગ્રેજોને પણ નવાબ ઉપર વિશ્વાસ ન હતો, તેથી કલાઈવ અને કલકતાની કાઉનસિલ આ સંપમાં સામેલ થઈ. એક સંપીલાઓએ મીરજાફરને નવાબ કરવાનો ઠરાવ કર્યો. મીરજાફર જોડે આ બાબદનું લખત થતું હતું, તેવામાં તેઓ માહેલા એક તવંગર વેપારી અમીચંદે એવી ધમકી આપી કે લખતમાં ૩૦ લાખ રૂપીઆ મને આપવાનું લખવામાં નહીં આવશે તો હું સઘળું નવાબને જાહેર કરીશ. કલાઈવ અને બીજા ગળીઆઓ ઘબરાટમાં પડયા; અને પોતાના જાન બચાવવાને અને માથે લીધેલું કામ પાર પાડવાને તેમને અમીચંદ સાથે ઠગાઈ રમવાની ફરજ પડી. મીરજાફર જોડે બે લખત કરવામાં આવ્યાં; ખરૂં લખત સફેદ કાગજ ઉપર, અને ખોટું લખત રાતાં કાગજ ઉપર. ખોટાં લખતમાં અમીચંદને ૩૦ લાખ રૂપીઆ આપવાનું લખ્યું; અને ખરાં લખતમાં તેનું નામ પણ જણાવ્યું નહીં. એડમીરલ વોતસને ખોટાં લખત ઉપર સહી કરવાને સાફ ના પાડી; પણ તેની સહી વગર અમીચંદ લખત કબુલ

કરે નહી તેથી કલાઈવને તેની સહી કરવી પડી. આ કામથી કલાઇવની આબરૂ ઉપર એક ડાઘ રહી ગયોછે.

મળતીઆઓ વચ્ચે સઘળી ગોઠવણ થઇ રહ્યા પછી કલાઇવે ઈંગ્રેજોને થયલી સઘળી નુકસાની ભરી આપવાને નવાબને એક સખત પત્ર લખ્યો, અને પોતાનો દાવો મજબુત કરવાને ૩૦૦૦ માણસનાં લશકર સહિત તે ચનદરનગરથી નીકળ્યો. પ્લાસીનાં મેદાનમાં નવાબનું ૬૦૦૦૦ માણસનું લશકર હતું તેની નજદીક કલાઈવ આવી પુગો. કબુલાત પ્રમાણે મીરજાફર પોતાનાં લશકર સહિત અંગ્રેજોને આ વખત આવી મળ્યો નહીં તેથી કલાઈવ ઘભરાટમાં પડયો, અને પોતાના લશકરના અમલદારોને આબાબદ પર વિચાર કરવાને ભેગા કર્યા. આ મસલતનું સેવટ એવું આવ્યું કે હાલ લડાઈ કરવી નહીં. ઘણા ખરા અમલદારોનો અને કલાઈવનો પોતાનો એવો વિચાર હતો. આયરકૂટ અને થોડાઓનો વિચાર એકદમ લડાઇ કરવાનો હતો. અમલદારોના વિચાર લીધા પછી કલાઈવ એક કલાક સુધી એકલો એ બાબદ વિષે વિચારમાં પડયો, અને અંતે પોતાનો વિચાર ફેરવીને કૂટની સલાહ પ્રમાણે અમલ કરવાનો તેણે ઠરાવ કર્યો, અને તરત પોતાના નાનાં લશકર સાથે આગળ કુચ કરી. પ્લાસીનાં રણમાં તેણે નવાબનાં લશકરનો પરાજય કર્યો. લડાઈ પુરી થવાની થોડો વખત આગમચ અંગ્રેજોને જીતપર જોઇને મીરજાફર તેમ-

ને મળી ગયો (૨૩ મી જુન ૧૭૫૭). સિરાજ-ઉદ-દવલા રણભૂમીપરથી નાઠો, અને મુરશિદાબાદમાં ભરાયો. બીજે દિવસે તે વેષ બદળી પોતાની રાજધાની છોડી ગયો, પણ માર્ગમાં તે પકડાયો, અને મીરજાફરના દીકરા મીરાને તેને મારી નાખ્યો. કલાઇવ ફતેહમંદ લશ્કર સાથે મુરશિદાબાદમાં દાખલ થયો અને મીરજાફરને બંગાળા, બહાર, અને ઓરિસાનો નવાબ જાહેર કીધો. સિરાજ-ઉદ-દવલાની તીજોરીમાંની બેસુમાર દોલત મળતીઆઓએ લખત પ્રમાણે વેંહેંચી લીધી, અને કંપનીને અને કલકતાના બીજા વેપારીને તેઓની નુકશાનીના બદલામાં નાણાં મળ્યાં. કલાઈવને, વાતસનને, અને કલકતાની કાઉનસિલને મોટી રકમો મળી. અમીચંદ એકલોજ કાંઈ લેવા પામ્યોનહીં. ખોટાં લખત વિષે ખબર પડતાંજ તે બેભાન થયો, અને શુદ્ધિમાં આવ્યા પછી તે દીવાનો બની ગયો, અને થોડા વખતમાં મરણ પામ્યો.

૩. કલાઈવ કલકતાનો હાકેમ (૧૭૫૮—૧૭૬૦).

કલાઇવનાં પરાક્રમની ખબર ઇંગ્લાંડમાં કંપનીના ડીરેકટરોને પડતાં તેઓએ તેને બંગાળા માહેલાં અંગ્રેજી સંસ્થાનોનો ગવરનર કર્યો. ૧૭૫૯ માં કલાઇવે ફ્રેન્ચોને ઉત્તર સરકારમાંથી હાંકી કાઢવાને કરનલ ફોર્ડને મોકલ્યો. કરનલ ફોર્ડે પોતાને સોંપેલું કામ સારી રીતે બજાવ્યું. નિઝામ સલાબતજંગને મસલીપટમ અને તેની આસપાસનો મુલક અંગ્રેજોને

આપવા પડયો, અને તેણે ફ્રેન્ચોને પોતાના મુલકમાંથી કાઢવા-ને કબુલ કર્યું. એ વખતે દીલ્હીની ગાદીપર આલમગીર બી-જો હતો, જે તેની રાજધાનીનાં શેહેરમાં તેનાં વજીરના હાથમાં એક બંદીવાનના જેવા હતો, અને તેના છોકરા શાહઆલમને આ વજીરને લીધે દીલ્હી છોડી જવું પડયું હતું. આ શાહ-જાદાએ ૧૭૫૯ માં અયોધયાના નવાબની મદદથી એક લશકર ઉભું કર્યું અને બહાર પ્રાંતપર ચઢાઈ કરી, અને પટના શેહેરને ઘેરો ઘાલ્યો. મીરજાફર ઘણો ગભરાટમાં પડયો અને શાહ-આલમને નાણાની મોટી રકમ આપીને પાછો વાલવાની કો-શેશ કરવા લાગ્યો; પણ કલાઇવ તેની મદદે ગયો. કલાઈવને આવતો સાંભળીને શાહઆલમ પટનાનો ઘેરો ઉઠાવી નાઠો. મીરજાફર ઘણો ખુશી થયો; અને કંપની તરફથી દર વર્ષે તેને ત્રણ લાખ રુપિઆનું જમીનનું ભાડું મળતું હતું, તે તેણે ક-લાઇવને તેની જીંદગી સુધી આપતું કર્યું. થોડા વખતમાં મીરજાફર અંગ્રેજોથી છૂટો થવાને ચિનસુરા માહેલા વલંદા લોકો સાથે મળીને અગ્રેજો સામે કાવત્રાં કરવા લાગો. કલા-ઇવને એ વાતની ખબર મળતાંજ તેણે કરનલ ફોર્ડને વલં-દા લોકો સામે લશકર આપી મોકલ્યો. કરનલ ફોર્ડે ચીનસુ-રાને ઘેરો ઘાલ્યો અને વલંદા લોકને હરાવીને તેમને સંધી ક-રવાની ફરજપાડી. આ સંધીની સરત પ્રમાણે વલંદા લોકોએ અંગ્રેજને થયલો લડાઇનો સઘળો ખરચ આપ્યો (૧૭૫૯).

કલાઇવ ૧૭૬૦ માં ઈંગ્લાંડ ગયો, જ્યાં રાજાએ અને પ્રધાનો-એ તેને ઘણું માન આપ્યું, અને તેને ઉમરાવની પદવી મળી.

——o:0:o——

પ્રકરણ ૫ મું.

——:o:——

બંગાળાનો રાજ્ય કારભાર.

(૧૭૬૦—૧૭૬૪)

——o:o——

૧. મીર કાસમ બંગાળાનો નવાબ (૧૭૬૦-૧૭૬૩).

કલાઇવ પછી કંપનીના ડીરેકતરોએ મદ્રાસ ઇલાકાના એક અમલદાર મી૦ વાન્સિતાર્તને કલાઇવની ભલામણ ઉપ-રથી બંગાળાના ઈંગ્રેજી સંસ્થાનોનો ગવરનર નીમ્યો. વાન્સિ-તાર્ત ઘણો પ્રમાણીક પુરૂષ હતો, પણ રાજ્ય કારભારમાં કુશળ હતો નહીં; તેથી તેના અમલમાં ઘણું અંધેર ચાલવા માંડ્યું. સારાં ભાગ્યે આ વખતે દક્ષિણમાં કરનલ કૂટે ફ્રેન્ચ સત્તાનો અંત આણ્યો હતો, અને અહમદશાહ અબદલીએ પાનીપત-નાં મેદાનમાં મરેઠાના અપાર લોભને કચડી નાખ્યો હતો (૧૭૬૧). વળી હિંદુસ્તાનના જુદા જુદા ભાગમાં કલાઇવના હાથ નીચે કેળવાયલા કેટલાએક અમલદારો હતા, જેથી અં-ગ્રેજોની સત્તાને હાણી પુગી નહીં. કલાઇવના ઈંગ્લાંડ ગયા

પછી ૧૭૬૦ માં દીલ્હીના બાદશાહ શાહ આલમે બહાર પ્રાંત ઉપર બીજીવાર હુમલો કર્યો, અને પત્ના શેહેરને ઘેરો ઘાલ્યો; પણ કરનલ કેલ્યડે પત્ના આગળ બાદશાહને હરાવ્યો અને તેને બહાર પ્રાંતમાંથી હાંકી કાઢયો.

મીરજાફરનો છોકરો મીરાન ૧૭૬૦ માં મરણ પામ્યો; અને નવાબ ઉડાઉ ખરચને લીધે ઘણો ગુચવાડામાં આવી પડયો. અંગ્રેજોને કબુલેલાં નાણાંના હફતા તે આપી શકયો નહીં, અને તેનાં લશકરનો પગાર પણ ચઢી ગયલો હતો. લશકર હુલડ કરવાની તૈયારીમાં હતું, તેવામાં નવાબે પોતાના ધનવાન જમાઈ મીર કાસમને કલકતાની કાઉનસિલ જોડે બંદોબસ્ત કરવાને મોકલ્યો. મીર કાસમની હુશીઆરી જોઇને કાઉનસિલે મીર જાફરને પદભ્રષ્ટ કરી મીર કાસમને નવાબ બનાવવાનો ઠરાવ કર્યો. મી૦ વાન્સિતાર્ત થોડાં માણસ સાથે મુરશિદાબાદ ગયો, મીર જાફરને ગાદીનો ત્યાગ કરવાને ફરજ પાડી, અને મીરકાસમને નવાબ બનાવ્યો. મીર કાસમે લશકરનો ચઢી ગયલો પગાર આપ્યો, અને હુલડ થતું અટકાવ્યું. આ ફેરફારથી કંપનીને મીડનાપોર, બર્ડવાન, અને ચિતાગોંગનાં ત્રણ પરગણા મળ્યાં, અને વાન્સિતાર્ત અને કાઉનસિલના ગૃહસ્થોને ૨૦ લાખ રૂપીઆ મળ્યા. ૧૭૬૧ માં શાહઆલમ બાદશાહ જે દિલ્હીમાં પગ મૂકવાને ઘણો બીહીતો હતો, અને તે માટે બહાર પ્રાંતમાં ભમ્યા કરતો હતો, તેને

હાંકી કાઢવાને કરનલ કર્નાક લશકર લઇ બહાર પ્રાંતમાં ગયો. પત્નાની લડાઇમાં કર્નાકે બાદશાહને હરાવ્યો, અને તેના સાથી ફ્રેન્ચ અમલદાર 'લૉ' ને કેદ પકડયો. શાહઆલમ અંગ્રેજોને મળી ગયો, અને કર્નાકના સમજાવ્યાથી મીરકાસમે બાદશાહનું સ્વામીપણું કબુલ કર્યું. શાહઆલમે તેના બદલામાં મીરકાસમને બંગાળા, બહાર, અને ઓરિસાના સુબેદાર તરીકે બહાલ રાખ્યો (૧૭૬૧).

ગાદીપર આવ્યા પછી મીરકાસમ રાજ્યમાં બંદોબસ્ત કરવા મંડયો. તેણે ખરચમાં ઘટાડો કર્યો; સરકારી ખાતાંઓનો હીસાબ તપાસવાને ઉપાયો લીધા; સરકારી અમલદારોએ આગાઉ લાંચો લઈને જે દોલત જમાવ કરી હતી, તે તેઓ પાસેથી પાછી કઢાવી; જમીનની મેહેસુલ એકઠી કરવાને પાકે બંદોબસ્ત કર્યો; અને આ પ્રમાણે થોડા વખતમાં રાજ્યની આવકમાં એક કરોડ રૂપીઆનો વધારો કર્યો. આવક વધ્યાથી ઇંગ્રેજોના ચઢી ગયલા હકતા તેણે વારી દીધા, અને તેઓની જુલમી તળેથી નિકળી જવાને કોશિશ કરવા માંડી. આ મતલબથી તેણે પોતાની રાજધાની મુરશિદાબાદમાંથી ખસેડીને કલકતેથી ૩૨૦) મેલ દૂર મોંઘીર શેહેરમાં કરી, અને ત્યાં લશકર જમાવ કરીને તેને સારી કવાયત શિખવવાની ગોઠવણ કરી. કલાઇવનો મિત્ર રામનારાયણ જે પત્નાનો હાકેમ હતો, અને જેનું રક્ષણ કરવાની કલકતાની કાઉનસિલની ફરજ હતી,

તેને મીરકાસમે કેદ કર્યો, અને તેનો ખજાનો લુટી લીધો; પણ વાન્સિતાર્તે તેને મદદ કરી નહીં. આ બાબદથી અંગ્રેજો ઉપરથી દેશીઓનો વિશ્વાસ ઉઠી ગયો.

ત્યારપછી મીરકાસમ અને અંગ્રેજો વચ્ચે ખટપટ ચાલી. કંપનીનાજ માલ ઉપર માત્ર નવાબના અમલદારોએ જગાત લેવી નહીં, એવું આગળથી ઠરાવેલું હતું. પણ કંપનીના નોકરો જેઓ ખાનગી વેપાર કરતા હતા, તેઓ પણ પોતાના માલ ઉપર જગાત આપતા હતા નહીં, આટલાથી સંતોષ ન પામીને અંગ્રેજી અમલદારો દેશી વેપારીઓને પોતાની સહી સાથની ચીઠીઓ વેચતા હતા, કે જે દેખાડીને દેશી વેપારીઓ પણ જગાત આપ્યા વગર પોતાનો માલ માંડવીમાંથી પસાર કરાવતા હતા. આ કારણથી નવાબની મેહસુલને મોટો ધોકો પુગતો હતો. કલાઇવના વખતમાં એટલો બધો ગેરબંદોબસ્ત ચાલતો ન હતો: પણ વાન્સિતાર્ત અને તેના પછીના ગવરનર સ્પેનસરના નબળા કારભારમાં કંપનીના હલકા નોકરો પણ ઘણી આપખુદ વર્તણુક ચલાવતા હતા. આ રીતની નુકશાની દૂર કરી મેહેસુલમાં વધારો કરવાને મીરકાસમે કોશિશ કરવા માંડી, ૧૭૬૨ માં વાન્સિતાર્ત પોતે આ બાબદ વિષે મીરકાસમ સાથે મસલત કરવા મોંઘીર ગયો. તેઓ વચ્ચે એવો બંદોબસ્ત થયો કે કંપનીના નોકરોના માલ ઉપર નવાબે માત્ર નવ ટકા જગાત લેવી; (જોકે દેશી વેપારીના માલ ઉપ-

ર ૨૫ ટકા જગાત હતી). વાન્સિતાર્તનો આ બંદોબસ્ત કલકત્તાની કાઉનસિલે કબુલ રાખ્યો નહીં, તેથી પાછી ખટપટ ચાલી, અને આંતે પોતાની રૈયતને ઇનસાફ આપવાની મતલબથી મીર કાસમે સઘલી જગાત કાઢી નાખીને ઈંગ્રેજ અને દેશી વેપારીઓના હક એકસરખા કર્યા. કાઉનસિલને આ ફેરફારથી ઘણો ગુસ્સો લાગો અને લડાઈ ઉઠી (૧૭૬૩).

૨. મીરકાસમ અને શુજા-દવલા જોડે વિગ્રહ. (૧૭૬૩—૧૭૬૫).

પત્ના માહેલા અંગ્રેજી વકીલ મી૦ એલીસે વિગ્રહ આરંભ્યો; તેથી મીરકાસમે પત્નાનો કબજો લઈ પત્ના માહેલા સઘલા અંગ્રેજોને કેદ કર્યા, અને પોતાના મુલકના બીજા ભાગોમાં પણ અંગ્રેજોને પકડવાનો હુકમ કર્યો. કલકત્તાની કાઉનસિલે મીરકાસમને ઉઠાડી મૂકીને મીરજાફરને પાછો નવાબ જાહેર કર્યો, જેથી કાઉનસિલને પાછી નાણાની મોટી રકમ મળી. મીર કાસમ અને અંગ્રેજ વચ્ચે ઘેરીઆ આગલ પેહેલું યુદ્ધ થયું, તેમાં નવાબનું લશકર ઘણી બહાદુરીથી લડયું, અને અંગ્રેજોને જીતવું ઘણું મુશકેલ પડયું (૧૭૬૩). અંગ્રેજોએ તરત મોંઘીર શેહેર લીધું, અને મીરકાસમ પત્નામાં ભરાયો હતો, તેથી પત્ના ઉપર કુચ કરી. મીરકાસમે એવી ધમકી આપી કે જો અંગ્રેજી લશકર પત્નાની નજદીક આ-

વશે, તો શહેર માહેલા ૧૪૮ અંગ્રેજ કેદીઓને હું મારી નાખીશ. કેદીઓએ પોતાના જાનની દરકાર ન રાખતાં અંગ્રેજી લશકરના સરદારને પટના ઉપર ચઢી આવવા કેહેવડાવ્યું.

જેવું લશકર પટનાની નજદીક આવી પોહોચ્યું કે તરત મીરકાસમે પોતાની ધમકી અમલમાં આણી. નવાબના અમલદારોએ જ્યારે આવું કસાઈનું કામ કરવાની ના પાડી, ત્યારે સમરૂ નામના એક જરમન અમલદારે આ ઘાટકી કામ માથે લીધું, અને સઘળા કેદીઓને કટલ કર્યા. અંગ્રેજી લશકરે હુમલો કરીને તરત પટનાનો કબજો લીધો, અને મીરકાસમ અયોદયાના નવાબ શુજા-દવલાની છાવણીમાં નાસી ગયો, જ્યાં શાહઆલમ બાદશાહ પણ હતો. (૧૭૬૩).

અયોઢયાનો નવાબ ૧૭૬૪ માં શાહઆલમ અને મીરકાસમને સાથે લઈને બહારપ્રાંત ઉપર ચઢી આવ્યો, પણ પટનાની લડાઈમાં અંગ્રેજોએ તેને હરાવ્યો, તેથી તે પાછો હઠીને બકસર આગળ છાવણી નાખી રહ્યો. આ વખતે અંગ્રેજી લશકરમાં દેશી સીપાઈઓએ પેહેલ વેહેલો બળવો કર્યો. એક આખી દેશી રીજમીટ શત્રુને મળી જવાની મતલબથી અંગ્રેજી છાવણી છોડી ગઈ. મેજર મનરો જે અંગ્રેજી લશકરનો સરદાર હતો, તેણે આ વખતે ઘણી દૃઢતા દેખાડી. તેણે બળવાખોર રીજમીટની પાછળ લાગી તેને અંગ્રેજી છાવણી તરફ પાછી વાળી; અને બળવાખોરોમાંથી ૨૦ આગેવાનોને તોપને મોઢે ઉડાવી દઈને બ-

જવો બેસાડી દીધો. ૧૭૬૪ ના અકટોબર મહિનામાં મનરોએ ન વાબની છાવણીપર હુમલો કર્યો. બકસર આગલ મોટું યુદ્ધ થયું જેમાં શુજા દવલા હાર્યો અને તેની ૧૬૦ તોપ અંગ્રેજના હાથમાં આવી. નવાબ દીલ્હી તરફ નાઠો. શાહઆલમ અંગ્રેજો જોડે મળી ગયો, અને મીરકાસમે રોહિલખંડમાં આશરો લીધો. ત્યાર પછી અયોધ્યાના નવાબનું અલાહાબાદ શેહેર અંગ્રેજોના હાથમાં આવ્યું; અને જેનરલ કરનાકે કાલ્પીની લડાઇમાં તેને હરાવીને અંગ્રેજોને શરણે આવવાની ફરજ પાડી.

બુડ્ડો મીરજાફર ૧૭૬૫ માં મરણ પામ્યો, અને કલકતાની કાઉનસિલે નાણાની મોટી રકમ લઇને તેના ૨૦ વર્ષની ઉમરના છોકરા નાજીમ-ઉડ-દવલાને નવાબ કર્યો. વાન્સિતાર્ત અને સ્પેનસર ગવરનરોના અમલમાં કલકતાની કાઉનસિલનું ધ્યાન પૈસા એકઠા કરવાનુંજ હોવાથી બંગાળામાં ઘણો ગેરબંદોબસ્ત ચાલ્યો હતો, તેથી કંપનીના ડીરેક્તરોએ એક હુશીઆર અને દૃઢ મનના ગવરનરને મોકલવાને જરૂરનું વિચાર્યું; અને તે મતલબથી કલાઇવિને બંગાળાનો રાજ્યકારભાર પાછો માથે લેવાને તેઓએ અરજ કીધી. કલાઇવે સ્વતંત્ર સત્તા વગર બંગાળે જવાને સાફ ના પાડી. ડીરેક્તરોને બંગાળાનો બગડેલો કારભાર સુધારવાને કલાઇવિની અગત માલમ પડવાથી, તેઓએ તેને આપઅખત્યાર સત્તા આપીને મોકલ્યો (૧૭૬૫).

—:o:—

૩. ક્લાઈવ બીજીવાર કલકત્તાનો ગવરનર (૧૭૬૫—૧૭૬૭).

આવતાં વાર ક્લાઈવે બંગાળાના રાજ્ય કારભારમાં સુધારો કરવા માંડયો. ડીરેક્ટરોના હુકમ મુજબ તેણે પહેલાં દેશીઓ પાસેથી નજરાણા લેવાનો ચાલ બંધ પાડયો, અને સઘળા કંપનીના નોકરો કનેથી એ બાબદનો એણે લખિત કરાર લીધો. ત્યારપછી શુજાદવલા અને શાહઆલમ બાદશાહ સાથે બંદોબસ્ત કરવાને તે જેનરલ કર્નાકની છાવણીમાં અલાહાબાદ ગયો. તેણે શુજાદવલાના કોરા અને અલાહાબાદ પ્રાંતો શાહઆલમને આપ્યા; અને બાકીનો અયોઢયાનો મુલક નવાબને પાછો સ્વાધીન કર્યો. શાહઆલમ બાદશાહે ક્લાઈવને બંગાળા, બહાર, અને ઓરિસા પ્રાંતની દીવાની લખી આપી, જેની રૂએ અંગ્રેજોને એ ત્રણ પ્રાંતોની ઉપજ વસુલ કરી વહીવટ ચલાવવાનો અધિકાર મળ્યો. અંગ્રેજોએ એના બદલામાં બાદશાહને વરસ દહાડે ૨૬ લાખ રૂપીઆ આપવાનું અને બંગાળાના (હવે પછી નામના) નવાબને ૫૦ લાખ રૂપીઆનું પેનશન આપવાનું કબુલ કર્યું. (૧૨ મી આગસ્ટ ૧૭૬૫).

ત્યારપછી ક્લાઈવે ખરચ ઓછો કરવા ઉપર ધ્યાન લગાડયું. લશકરનો ખરચ ઘણો વધી ગયલો જોઈને તેણે લશકરને લડાઈની વખતે બેવડું ભાતું આપવાનો ચાલ કાઢી નાખ્યો. અંગ્રેજ અમલદારોએ આ હુકમની સામા થઈ બંદ કરવાની

તજવીજ કરી, અને ૨૦૦ અમલદારોએ એકજ દહાડે રાજીના-માં આપી નિકળી જવાનો ઠરાવ કર્યો. આ વખતે મરેઠાની બહાર પ્રાંતપર ચઢી આવવાની બુમ હતી તે છતાં કલાઈવ ઘણો દૃઢ રહ્યો, અને મંદ્રાસથી જેટલા બન્યા તેટલા અમલદારો તેણે બોલાવ્યા. જે અમલદારો રાજીનામાં આપે તે લઈને તેઓને પ-રહેજ કરવાનો એણે હુકમ કીધો; અને આગેવાનોને કાઢી મૂ-કીને આ હુલડ બેસાડી દીધું. (૧૭૬૬).

કંપનીના મુલકી ખાતાંના નોકરો ખાનગી વેપાર કરતા હ-તા તેથી કંપની તરફની પોતાની ફરજો તેઓ બરાબર બજાવી શકતા ન હતા. કલાઈવે તેમનો પગાર વધારી આપ્યો અને ખાનગી વેપાર કરતા તેઓને અટકાવ્યા. એ પ્રમાણે બંગાળા-ના રાજ્ય કારભારમાં ઘટતો સુધારો કરીને લોર્ડ કલાઈવ ૧૭૬૭ માં સ્વદેશ પાછો ફર્યો, અને ફરીથી હિંદુસ્તાનમાં આવ્યો નહીં. એને ઈંગ્લાંડમાં ઘણું માન મળ્યું; પણ બંગાળા માહેલા એના સુધારાને લીધે એના સામે ઘણા શત્રુ ઉભા થયા હતા, જેઓએ એકસંપ કરીને પાર્લામેંટમાં એની ઉપર કેટલાંક તોહોમતો મૂકયાં. કંપનીના ડીરેકતરોએ પણ આ વખતે એને ટેકો નહીં આ-પ્યો, તે છતાં પાર્લામેન્ટે એની નોકરીની કદર બુજી અને એને શાબાશી આપી. લોર્ડ કલાઈવ ૧૭૭૪ માં ૪૯ વર્ષની ઉમરે પોતાને હાથે મરણ પામ્યો.

——0:0——

પ્રકરણ ૬ ઠું.

બંગાળાનો રાજય કારભાર અને હૈદરઅલી.

(૧૭૬૭–૧૭૭૪)

૧ હૈદરઅલી અને મૈસોરનો પેહેલો વિગ્રહ.

હૈદરઅલી મૈસોરના હિંદુ રાજાનાં લશકરના એક અમલદારનો છોકરો હતો, અને ૧૭૦૨ માં જનમ્યો હતો. ઘણો મોટો થઈને ઠેઠ સુડતાલીસ વર્ષની ઉમરે હૈદર મૈસોરનાં લશકરમાં નોકરી રહ્યો. એનામાં મહાન લશકરી ગુણો જોઈને મૈસોરના દીવાન નંદરાજે એને લશકરમાં મોટી પદવી આપી, અને ફોજમાં વધારે માણસ રાખવાની સત્તા આપી. આ સત્તા મળ્યા પછી તેણે પોતાની આસપાસ બહાદુર લૂટારાઓનો જમાવ કર્યો, અને શિવાજીની માફક લુટ ચલાવીને અને ઠગાઈ રમીને બહુ ધન એકઠું કર્યું. ૧૭૬૧ માં નંદરાજને દીવાનગીરી ઉપરથી કાઢીને, એણે મૈસોરના રાજાને પદભ્રષ્ટ કર્યો, અને પોતે મૈસોરની ગાદીનો ધણી થયો. ૧૭૬૩ માં તેણે બેદનોર શેહેર હુમલો કરીને લીધું, અને તે શેહેરની બેસુમાર દોલત લૂટી લઈ ગયો, જે દોલત તેની પાછલી લડાઈઓમાં તેને બહુ કામ લાગી. ૧૭૬૫ માં

માધવરાવ પેશ્વાએ મૈસોર ઉપર ચઢાઈ કરી, અને હૈદરને હરાવીને સઘળો મુલક ઉજડ કર્યો; તેથી કેટલોએક મુલક અને ૩૨ લાખ રૂપીઆ પેશ્વાને આપીને હૈદરને સંધી કરવી પડી. ૧૭૬૬ માં હૈદરે મલબાર પ્રાંતપર ચઢાઈ કરી; કલિકટનો જામોરિનરાજા તેને શરણે આવ્યો, તે છતાં તેણે કલિકટ શહેર લૂટયું, અને રાજા ગીબી રીબાને હૈદરને હાથે મરવાનાં કરતાં પોતાના મેહેલમાં બળી મૂઓ. એજ વર્ષમાં મરેઠાએ અને નિઝામે હૈદરનું બળ વધતું જતું જોઈને તેની સામે લડવાને સંપ કર્યો. અંગ્રેજો પણ આ કામમાં નિઝામ સાથે જોડાયા. નિઝામ અને અંગ્રેજોને સાથે લીધા વગર માધવરાવ પેશ્વાએ કૃષ્ણા નદી ઓળંગીને હૈદરના મુલકમાં લૂટ ચલાવવા માડી. હૈદરે નાણાની મોટી રકમ આપીને પેશ્વાને પાછો વાળ્યો; અને નિઝામને લાંચ આપીને પોતાની પક્ષમાં લીધો, જેથી અંગ્રેજોને એકલું હૈદર અને નિઝામ જોડે લડવું પડયું.

અંગ્રેજોનો સરદાર કરનલ સ્મિથ ૭૦૦૦ માણસ અને ૧૬ તોપો સાથે હૈદર અને નિઝામનાં ૭૦૦૦૦ માણસ અને ૧૦૦ તોપના લશકરની સામે થયો. ૧૭૬૭ માં ચાંગમ અને ત્રિનોમાલીની લડાઈઓમાં કરનલ સ્મિથે આ મોટાં લશકરને હરાવ્યું. એજ વખતે બંગાળેથી કરનલ પીચે અંગ્રેજી લશકર સાથે નિઝામના પ્રાંત ઉપર હુમલો કર્યો, જેથી ૧૭૬૮ માં નિઝામ હૈદરથી છૂટા પડયો અને અંગ્રેજો સાથે મળી ગયો. એજ

વર્ષમાં મુંબઈથી પણ એક લશકરની ટુકડીએ હૈદરના મુલક ઉપર હુમલો કર્યો, અને મેંગલોર અને હોનાવર શેહેર લીધાં; પણ થોડા વખતમાં આ ટુકડીને હૈદરે હાંકી કાઢી. ત્રિનોમાલીની લડાઈ પછી કરનલ સ્મિથે હૈદરનાં કેટલાંએક ઠેકાણાં લીધાં, તેથી કેટલાએક મુલક અને નાણાંની રકમ આપવા કહીને હૈદરે સંધીને માટે અંગ્રેજોને અરજ કરી. મદ્રાસની સરકારે જયથી ફૂલાઈને સખત સરતો કરી, તેથી લડાઈ ચાલુ રહી. મદ્રાસની સરકારે એ વખતે કરનલ સ્મિથને ખસેડીને કરનલ વુડને વડો સરદાર નીમ્યો; તેથી અંગ્રેજોએ કરનલ સ્મિથે જીતેલાં સઘળાં ઠેકાણાં ખોયાં અને હૈદરનો ઘણો જય થયો. કરનલ સ્મિથને પાછો હૈદર સામે મોકલવામાં આવ્યો; પણ સ્મિથની નજર ચુકાવીને ૬૦૦૦ ઘોડેસ્વારો સાથે હૈદર મદ્રાસ આગલ આવી પુગો, તેથી મદ્રાસની સરકારે ઘભરાઈને હૈદરની મરજી માફક સંધી કરી (૧૭૬૯). આ મદ્રાસની સંધીની સરત એ હતી કે બન્ને પક્ષે એક બીજાનો જીતા લીધેલો મુલક પાછો આપવો, અને લડાઈને વખતે એકબીજાને મદદ કરવી.

૨. કલાઈવના પછી બંગાળાના હાકેમો (૧૭૬૭—૧૭૭૪).

કલાઈવના ઇંગ્લાંડ ગયા પછી ૧૭૬૭ થી ૧૭૭૨ સુધી બંગાળામાં બે ગવરનરો થયા, જેઓના વખતમાં કાંઈ જાણવા-

જોગ બનાવો બન્યા નહીં. એ હાકેમોના અમલમાં કંપનીના નોકરો પાછા પૈસા એકઠા કરવા મંડયા. ૧૭૭૨ માં વોરન હેસ્તિંગ્સ બંગાળાનો ગવરનર થયો. એના વખતમાં ડીરેકટરોના હુકમથી મેહેસુલ જમા કરવાનું કામ નવાબના નોકરો પાસથી લઈને કંપનીના નોકરોને સોંપવામાં આવ્યું. હેસ્તિંગ્સે પણ કલાઈવની માફક રાજ્ય કારભારમાં સુધારો કર્યો. એણે ન્યાયખાતાંમાં ફાયદાકારક ફેરફારો કર્યા, અને અદાલતો સ્થાપી. કલાઈવે ૧૭૬૫ માં દીલ્હીના બાદશાહ શાહઆલમને કોરા અને અલાહાબાદ પ્રાંતો આપ્યા હતા તે જ્યારે બાદશાહને મરેઠાઓને આપી દેવાની ફરજ પડી, ત્યારે હેસ્તિંગ્સે અયોઢયાના નવાબ શુજાદવલા પાસેથી ૫૦ લાખ રૂપીઆ લઈને તે પ્રાંતો નવાબને પાછા આપ્યા. (૧૭૭૩). એજ વર્ષમાં તેણે બનારસમાં સુજાદવલા સાથે સંધી કરી અને રોહીલા લોકોને તેમના મુલકમાંથી હાંકી કાઢવાને સુજા દવલાને લશકરની મદદ કરવાનું કબુલ કીધું. ૧૭૭૪ માં કરનલ ચેમ્પીઅને રોહીલા લોકને હરાવીને તેમના મુલકમાંથી હાંકી કાઢયા. રોહીલખંડ શુજાદવલાને હાથ આવ્યો, અને કંપનીને ૪૦ લાખ રૂપીઆ મળ્યા.

હિંદુસ્તાનનો રાજ્ય કારભાર સારી રીતે ચાલે તે મતલબથી ૧૭૭૩ માં ઈંગ્લાંડની પાર્લામેન્ટમાં, રેગ્યુલેતીંગ એક્ટ નામનો કાયદો પસાર થયો, જે ૧૭૭૪ માં હિંદુસ્તાનમાં અમલમાં આવ્યો. તેની મુખ્ય કલમો નીચે મુજબ હતી.—

૧. બંગાળાના હાકેમને હવે પછી હિંદુસ્તાનનો ગવરનર જેનરલ કેહેવો; તેને મુંબઈ અને મદ્રાસના ગવરનરોનો ઉપરી કરવો; અને તેને રાજ્ય કારભારમાં મદદ કરવાને ચાર અનુભવી ગૃહસ્થોની એક કાઉનસિલ નીમવી.

૨. કલકતામાં એક હાઈ કોર્ટ (ઈનસાફની વડી અદાલત) સ્થાપવી, અને એક વડો ન્યાયાધીશ અને ત્રણ ઉપન્યાયાધીશો નીમવા.

આ કાયદાની રૂએ વોરન હેસ્તિંગ્સ હિંદુસ્તાનનો પેહેલો ગવરનર જેનરલ થયો.

પ્રકરણ ૭ મું.

હિંદુસ્તાનના ગવરનર જેનરલો.

વોરન હેસ્તિંગ્સ (૧૭૭૪–૧૭૮૫).

૧. હેસ્તિંગ્સનો કારભાર.

નવા નીમાયલા ચાર કાઉનસિલરો ૧૭૭૪ ના આક્ટોબર મહિનામાં કલકતે આવી પુગા, ત્યારપછી વોરન હેસ્તિંગ્સે ગવર-નર જેનરલનો ઓદ્ધો ધારણ કીધો, અને નવી ગોઠવણ પ્રમાણે

બ્રિટિશ હિંદુસ્તાનનો રાજ્યકારભાર ચાલવાનો શરૂ થયો. રેગ્યુલેટિંગ આકટમાં ઠરાવ્યા મુજબ દરેક કાઉનસિલરને ગવરનર જેનરલના જેટલી સત્તા હતી, અને સઘળું કામકાજ કાઉનસિલમાં વધતાં મતથી થવા માડ્યું. પેહેલા કાઉનસિલરો, સર ફિલિપ ફ્રાન્સિસ, કરનલ મોનસન, જેનરલ કલેવરિંગ, અને મી૰ બારવેલ હતા. એઓમાંના પેહેલા ત્રણ શરૂઆતથીજ કાઉનસિલમાં હેસ્તિંગ્સની સામા થવા લાગ્યા, તેથી બે પક્ષ થયા. હેસ્તિંગ્સના પક્ષમાં માત્ર બારવેલ હતો; તેથી ગવરનર જેનરલનું સઘળું ચલણ બંધ પડ્યું, અને સામાપક્ષવાળા વધારે હોવાથી તેમના વિચાર પ્રમાણે રાજ્યકારભાર ચાલવા લાગ્યો. ૧૭૭૫ માં કાઉનસિલે હેસ્તિંગ્સના વિચારની વિરૂધ્ધ બનારસનો પ્રાંત અયોધ્યાના નવાબ કનેથી લઈ લીધો, અને ત્યાંના હિંદુ જમીનદારને અંગ્રેજોના બંડીઆ રાજા તરીકે ઠરાવીને તેને તે સોંપ્યો. રાજાએ દર વરસે ૨૨ લાખ રૂપીઆની ખંડણી ઇંગ્રેજોને આપવાને કબુલ કર્યું. એજ વર્ષમાં નવાબ શુજા-ઉડ-દવલા મરણ પામ્યો, અને તેનો છોકરો અસોફ-ઉડ-દવલા ગાદીએ બેઠો. ઘરડી બેગમોએ (શુજા-ઉડ-દવલાની વિધવા અને મા) નવાબના બે કરોડ રૂપીઆના ખજાનાપર દાવો કીધો, અને કાઉનસિલે હેસ્તિંગ્સની મરજી વિરૂધ્ધ સઘળી દોલત બેગમોને આપવાને અસોફઉડ-દવલાને ફરજ પાડી.

આ પ્રમાણે કાઉનસિલમાં હેસ્તિંગ્સનું કાંઈ ચલણ નથી

એવું જોઈને ઘણા લોકોએ કાઉનસિલના બીજા ગૃહસ્થોની મ્હેરબાની એંચવાની મતલબથી હેસ્ટિંગ્સ ઉપર તોહોમતો મૂકવાનાં શરૂ કર્યાં. આ પુરૂષોમાં કલકતાનો એક તવંગર બ્રાહ્મણ વેપારી નન્દકુમાર મુખ્ય હતો. નન્દકુમારને ફ્રાન્સિસ અને તેના સાથીઓએ ઉતેજન આપ્યું, તેથી તેણે કાઉનસિલ આગલ હેસ્ટિંગ્સ સામે ઘણાંએક તોહોમતો રજુ કર્યાં. પણ એટલામાં એક હિંદુ વેપારીએ નન્દકુમાર ઉપર ખોટા દસ્તાવેજ બનાવવાનો વાંક મૂક્યો, તેથી નવી સ્થાપેલી સુપ્રીમ કોર્ટમાં વડા ન્યાયાધીશ સર ઈલિજા ઈમ્પી આગળ તેની તપાસ થઈ. નન્દકુમાર ઉપર વાંક સાબેત થયાથી તે વખતના કાયદા પ્રમાણે તેને ફાંસીની સજા થઈ, અને દેશીઓના અતિશય ઘભરાટ વચ્ચે તેને ફાંસી દેવામાં આવ્યો (૧૭૭૬), એજ વર્ષમાં કરનલ મોનસનનો કાળ થયો, તેથી હેસ્ટિંગ્સના વિરૂધ્ધ પક્ષમાં બેજ કાઉનસિલરો રહ્યાથી તે પ્રમુખ તરીકેનાં બેવડાં મતને લીધે હવે પછી કાઉનસિલમાં ફાવવા લાગ્યો. વળી આ વખતે સુપ્રીમ કોર્ટમાં ચાલતા ઈંગ્રેજી કાયદા આ દેશના લોકોની રીતભાતને અનુસરતા ન હોવાથી ઘણો ગેરઈનસાફ થતો હતો, અને તેથી બુમાબુમ થઈ રહી હતી. મોટા જમીનદારોને આ કોર્ટના ચુકાદાથી ભારે નુકશાન પોહોંચવા લાગ્યું, તેથી હેસ્ટિંગ્સને વચ્ચે પડી તેમને ઉગારવાની ફરજ પડી. કલકતામાં સદર દીવાની અદાલત નામની એક અપીલ કોર્ટ હતી, તેમાં ગવરનર જેનરલ અને કાઉનસિલ તરફથી ચુકા-

દા થતા હતા; આ કોર્ટના વડા ન્યાયાધીશનો હોદ્દો પણ હેસ્તિંગ્સે સુપ્રીમ કોર્ટના વડા ન્યાયાધીશ ઇમ્પીને આપ્યો, તેથી ઇમ્પીને દેશી રીતભાતોને અનુસરીને ચાલી ચુકાદા કરવાનો લાગ આવ્યો, અને લોકોમાં સંતોષ પેદા થયો.

હેસ્તિંગ્સના અમલમાં અંગ્રેજોને દખણમાં મરેઠા અને હૈદર સાથે લડવું પડયું. આ બન્ને વિગ્રહની વખતે હેસ્તિંગ્સે મુંબઈ અને મદ્રાસની સરકારને ઘણી સારી રીતે મદદ કરી. અને કલકત્તેથી લશકર મોકલ્યું. (આ લડાઈઓનું વર્ણન હેઠળ કર્યુંછે). એ લડાઈ ચલાવવાને હેસ્તિંગ્સને નાણાની ઘણી જરૂર પડી, તેથી ૧૭૮૦ માં ફ્રાન્સિસ ઇંગ્લાંડ ગયો ત્યારપછી તેણે હેઠળ જણાવ્યા પ્રમાણે નાણા મેળવવાને ઉપાયો લીધા, જે ઘણા ઠપકા લાયક ગણાયલાછે, અને જેને માટે પાછળથી તેને ઘણું ખમવું પડયું.

હેસ્તિંગ્સે ૧૭૮૦ માં કાશીના ખંડીઆરાજા ચેતસીંગને ખંડણીમાં પાંચ લાખ રૂપીઆ વધારે આપવાને, અને લડાઈને માટે બે હજાર ઘોડે સ્વારો પુરા પાડવાને ફરમાવ્યું. ચેતસીંગે એમ કરવાને પોતાની નાખુશી જણાવી, તેથી હેસ્તિંગ્સે તેને પચાસ લાખ રૂપીઆનો દંડ કર્યો, અને તે મેળવવા માટે ૧૭૮૧-માં પોતે કાશી ગયો અને રાજાને પરહેજ કર્યો. રૈયતે હુલડ કરી પોતાના રાજાને છોડવ્યો અને હેસ્તિંગ્સને ઘેરી લીધો. હેસ્તિંગ્સે આ વખતે ઘણી સમયસુચકતા દેખાડી, અને એની

મદદે થોડું અંગ્રેજી લશકર આવી પુગું તે આગમચ કાશી છો-ડી જવામાં ફતેહ પામ્યો. અંગ્રેજી લશકરે કાશીનો કબજો લી-ધો, રાજા ગવાલ્યરમાં નાસી ગયો, અને લશકરે કાશી માહેલી સઘળી દોલત લૂટીને વેહેંચી લીધી, તેથી હેસ્તિંગ્સ પોતાની મ-તલબમાં ફાવ્યો નહીં. તેણે ચેતસીંગના ભત્રીજાને રાજા ઠરાવ્યો, અને તેની કનેથી ૪૦ લાખ રૂપીઆની ખંડણી લેવી કરી. પછી તેણે કંપનીનાં લેહેણાંની અયોઢયાના નવાબ ઉપર તાકીદ કરી. અસોફ-ઉડ-દવલાની તીજોરીમાં નાણા ન હતાં, તેથી તેણે બેગમો પાસેથી દોલત લૂટી લઈને કંપનીનુ લેહેણું આપવાની ઇચ્છા જણાવી. બેગમો ઉપર ચેતસીંગને મદદ કરવાનું તોહોમત મુકીને હેસ્તિંગ્સે તેમની દોલત જોર જુલમથી લઈ લેવાની નવા-બને પરવાનગી આપી. એથી કંપનીને ૭૬ લાખ રૂપીઆ મ-ળ્યા (૧૭૮૧).

હેસ્તિંગ્સનાં આ કૃત્ય કંપનીના ડીરેકતરોને પસંદ પડયાં નહીં તેથી તેણે પોતાના ઓહ્દાનું રાજીનામું આપ્યું, અને ૧૭૮૫ ના ફેબ્રુઆરી મહીનામાં તે હિંદુસ્તાન છોડી ગયો. પેહેલાં ઇંગ્લાંડ-માં તેને ઘણું માન મળ્યું, પણ પાછળથી તેના શત્રુઓએ પા-ર્લામેન્ટમાં તેના ઉપર કેટલાંએક તોહોમતો મુકયાં. ઉમરાવો આ-ગળ ૧૭૮૮ માં તેની તપાસ શરૂ થઈ. એની ઉપર તોહોમત મુકનારાઓમાં ફોક્સ, અને બર્ક આગેવાન હતા. આ તપાસ-નો ૧૭૯૫ માં છેડો આવ્યો, અને ઉમરાવોએ હેસ્તિંગ્સને નિર્દોષ

કેડવ્યો. આ તપાસ પાછળ તેને દશ લાખ રૂપીઆનો ખરચ થયો, અને તે ઘણી ગરીબ હાલતમાં આવી પડયો, તેથી કંપનીના ડીરેકતરોએ તેને વર્ષાશન બાંધી આપ્યું. આ મહાન પુરૂષ ૧૮૧૮ માં પોતાની ૮૬ વર્ષની ઉમરે મરણ પામ્યો.

૨. ફોકસ અને પીટના ઈનડયા બીલ (૧૭૮૩—૧૭૮૪).

૧૭૮૦ થી ૧૭૮૪ સુધી હિંદુસ્તાનના રાજ વહિવટ વિષે ઇંગ્લાંડની રાજ સભામાં (પાર્લામેંટમાં) ઘણી ચરચા ચાલી. એમાં લાર્ડ નોર્થ, મી૰ બર્ક, મી૰ ફોક્સ, મી૰ દનડાસ, અને મી૰ પીટે મુખ્ય ભાગ લીધો. ૧૭૮૩ માં મી૰ ફોક્સે હિંદુસ્તાનના રાજ વહિવટ બાબદનું એક બીલ (કાયદાનો ખરડો) પાર્લામેંટમાં રજુ કર્યું. આ બીલની મુખ્ય મતલબ બ્રિટિશ હિંદુસ્તાનનો રાજ્ય કારભાર ઈંગ્લાંડના રાજાને સોંપવાની હતી. આ બીલ આમની સભામાં પસાર થયું, પણ ઉમરાવોએ તેને નાપસંદ કર્યું (૧૭૮૪). એ બીલ રદ જવા પછી મી૰ પીટે તરતજ પોતાનું બીલ રજુ કર્યું. બન્ને સભામાં મી૰ પીટનું બીલ પસાર થયું, અને તેની કલમો મુજબ હિંદુસ્તાનનો રાજ્ય કારભાર શરૂ થયો (૧૭૮૪). એ બીલની મુખ્ય મતલબ નીચે મુજબ હતી:—

૧. કંપનીના ભાગીદારોએ આગળની માફક હિંદુસ્તાનનો

રાજ્યકારભાર ચલાવવા માટે ડીરેક્ટરોને ચુંટી કાઢવા; પણ તેઓમાંના ત્રણ ડીરેક્ટરોએ, એક ખાનગી વિશેષ મંડળી થઈ સઘળો વહિવટ કરવો.

૨. ઇંગ્લાંડના રાજાના આત્મિક મંત્રીઓમાંથી (Privy Councillors) છ જણને પસંદ કરીને તેઓની એક મંડળી (Board of Control) સ્થાપવી, અને તેઓએ ડીરેક્ટરોનાં સઘળાં કામકાજ ઉપર દેખરેખ રાખવી, ડીરેક્ટરોએ હિંદુસ્તાનને લગતી સઘળી બાબદો અને તે વિષેના પોતાના ચુકાદા આ દેખરેખ રાખનારી બોર્ડ આગળ રજુ કરવા, અને એ બોર્ડના વિચારની વિરૂધ્ધ તેઓએ કાંઈ કરવું નહીં.

૩. આ બોર્ડના પ્રમુખને પ્રધાન મંડળમાં સામેલ કરવો, અને હિંદુસ્તાનના વજીર તરીકે તેણે ગવરનર જેનરલની નીમણુક કરવી. હિંદુસ્તાનના રાજ્ય કારભારને માટે પાર્લામેન્ટે એ વજીરને જવાબદાર ગણવો.

૪. હિંદુસ્તાનના ગવરનર જેનરલે ડીરેક્ટરોની પરવાનગી વગર કોઈપણ વિગ્રહ આરંભવો નહીં, તથા કોઈ દેશી રાજા સાથે લડવાને માટે બીજાં કોઈ રાજ્ય સાથે ગોઠવણ કરવી નહીં; પણ જો કોઈ શત્રુ બ્રિટિશ રાજ્ય પર ચઢાઈ કરે તો ગવરનર જેનરલે આ પરવાનગી માટે ખોટી રેહેવું નહીં, પણ લડાઈ ચલાવવી.

૫. ગવરનર જેનરલની કાઉનસિલમાં ચારને બદલે ત્રણ મંત્રીઓ નીમવા. હિંદુસ્તાનના લશકરના સેનાપતીને એક મંત્રી કરવો, અને બીજા બે મંત્રી બંગાળાના મુલકી ખાતાંના અમલદારોમાંથી ચુંટી કાઢવા. મુંબઈ અને મદ્રાસમાં પણ એજ મુજબની કાઉનસિલો સ્થાપવી.

એ બીલ પસાર થયા પછી ઘણી ખરી સઘળી સત્તા બોર્ડ ઓફ કનટ્રોલને હસ્તગત રહી; અને ડીરેકટરોને સ્વાધીન માત્ર નામનો અધિકાર રહ્યો. બોર્ડનો પેહેલો પ્રમુખ મી॰ દનડાસ થયો, જેણે ૧૬ વર્ષ સુધી હિંસ્તાનના પ્રધાનનો ઓધ્ધો ઘણી હુશીઆરીથી બજાવ્યો.

૩. મરેઠા સાથનો પેહેલો વિગ્રહ. (૧૭૭૫—૧૭૮૨).

૧૭૭૩ માં નારાયણરાવ પેશ્વાને તેના કાકા રઘુનાથરાવે પેશ્વાઈ મેળવવાની મતલબથી મારી નખાવ્યો, અને પોતે પેશ્વાનો ઓધ્ધો ધારણ કીધો. ૧૭૭૪ માં નારાયણરાવની વિધવાએ એક છોકરાને જનમ આપ્યો, તેને પેશ્વા તરીકે જાહેર કરીને મુખ્ય મરેઠી સરદારો સખારામ બાપુ, નાના ફડનવીસ, અને હરીપંત, રઘુનાથરાવની સામા થયા. રઘુનાથરાવ, જેને અંગ્રેજો રાઘોબા કરીને કહેતા, તેણે પુનાની ગાદી મેળવવા માટે અંગ્રેજોની મદદ માંગી; અને તે મતલબથી ૧૭૭૫ ના માર્ચ મહિનામાં મુંબઈના

ગવરનર મી૦ હોરનબી અને રાઘોબા વચ્ચે સુરતમાં સંધી થઈ. રાઘોબાએ અંગ્રેજને સાલસેટ, વસઈ અને મુંબઈની પાસેનાં નાના ટાપુઓ આપવાને કબુલ કર્યું; અને અંગ્રેજોએ તેના બદલામાં રાઘોબાને પુનાની ગાદી પર બેસાડવાને લશકરની મદદ આપવાનો કરાર કર્યો. આ સંધીને લીધે અંગ્રેજ અને મરેઠા વચ્ચેનો પેહેલો વિગ્રહ શરૂ થયો.

મુંબઈની સરકારે તરતજ કરનલ કીતિંગને થોડું લશકર આપી રાઘોબાની મદદે મોકલ્યો. કરનલ કીતિંગે આરાસ આગળ મરેઠી લશકરને હરાવ્યું; પણ તેટલામાં ગવરનર જેનરલ વોરન હેસ્તિંગ્સ અને કલકતાની કાઉનસિલે સુરતની સંધી બહાલ રાખી નહીં, અને મુંબઈની સરકારનું કામ નાપસંદ કરીને રાઘોબાને મદદ કરવાનો તેમને અટકાવ કર્યો. કલકતાની કાઉનસિલે પોતાની તરફથી કરનલ અપતનને મરેઠી દરબારમાં પુને મોકલ્યો, જેણે ૧૭૭૬ માં મરેઠી રાજ્ય કારભારીઓ સખારામ બાપુ અને નાના ફડનવીસ જોડે પુરંધર આગળ સંધી કરી. આ સંધીની સરતો પ્રમાણે અંગ્રેજોને સાલસેટ મળયું, પણ તેઓએ રાઘોબાનો પક્ષ છોડી દીધો. મુંબઈની સરકારે આ સંધીની વિરૂધ પોતાનો વિચાર જણાવ્યો, અને રાઘોબાને સુરતમાં આવકાર દીધો. રાઘોબાએ ઈંગ્લાંડમાં ડીરેકટરોને અપીલ કરી, જેઓએ સુરતની સંધી પસંદ કરી, અને રાઘોબાને મદદ કરવાને પોતાની ઈચ્છા જણાવી.

આ વખતે મરેઠા ફ્રેન્ચ લોકો સાથે સંપ કરેછે એવું વાર-નહેસ્તિંગ્સના જાણવામાં આવ્યું, તેથી કલકતાની કાઉનસિલ મુંબાઇની સરકાર સાથે મળી જઇને ડાઇરેક્ટરોની મરજી મુજબ મરેઠા સામે લડાઈ ઉઠાવી (૧૭૭૭). હેસ્તિંગ્સે કલકતેથી જમીનને માર્ગે મરેઠા સામે લશકર મોકલ્યું. ૧૭૭૮ માં રાઘોબાને ગાદીએ બેસાડવાને કરનલ એજરટનની સરદારી હેઠળ થોડું લશકર મુંબઈથી નિકળ્યું. માર્ગમાં માંદગીના સબબથી કરનલ એજરટને કરનલ કોકબરનને સરદારી સોંપી. પુનાની નજદીક તલેગામ સુધી જઇને, કરનલ કોકબરન પાછો હઠયો. મરેઠા તેની પાછળ લાગ્યા અને અંગ્રેજી લશકરને બહુ હેરાન કર્યું; તેથી ૧૭૭૯ ના જાનેવારી મહીનામાં વડગામ આગળ નામોશી ભરેલી સરતોએ સંધી કરી અંગ્રેજી લશકર પાછું કર્યું, અને રાઘોબા સિંદયાને શરણ થયો. સંધીની સરતો:— ૧. અંગ્રેજોએ મરેઠાના જીતી લાવેલા મુલકો પાછા આપવા; ૨. બંગાળેથી આવતાં લશકરને માર્ગમાં અટકાવવું; ૩ અંગ્રેજોએ બે અમલદારોને જામીન તરીકે આપવા. મુંબાઈની સરકારે આ સંધી કબુલ કરી નહીં, અને કરનલ એજરટન, કરનલ કોકબર્ન, અને પોતાના વકીલ મીઃ કર્નાકને નોકરીપરથી બરતરફ કર્યા.

એજ વર્ષમાં કરનલ ગોદર્ડ બંગાળેથી લશકર લઇને સુરત આવી પુગો, અને રાઘોબા તેને મળી ગયો. થોડો વખત

મરેઠા સાથે સંધી કરવાની કોશિશમાં ફાંફા માર્યા પછી, ૧૭૮૦ માં ગોદર્ડે લડાઇ ઉઠાવી, અને દભોઇ અને અમદાવાદના કિલ્લા તાબે કરીને સિંધ્યા અને હોલકરને હરાવ્યા. મેજર પોપ્હેમ માળવામાં મરેઠાને હરાવ્યા, અને ગવાલિઅરનો મજબુત કિલ્લો સર કર્યો. કરનલ હાર્તલી કોકનમાં મરેઠા સામે ઘણી બહાદુરીથી ટકી રહ્યો, અને ગોદર્ડે વસઇનો કિલ્લો લીધો. આ વખતે હૈદરે મરેઠા અને નિઝામ જોડે મળીને અંગ્રેજો સામે વિગ્રહ આરંભ્યો હતો; અને ૧૭૮૧ માં કરનલ ગોદર્ડને પુને જતાં મરેઠાઓએ માર્ગમાં હરાવ્યો અને પાછો હઠાવ્યો, તેથી ૧૭૮૨ માં અંગ્રેજોએ સાલબાઇ આગળ મરેઠા સાથે સંધી કરી. સંધીની સરત:— ૧. પુરંધરની સંધી પછી મરેઠાનો જે મુલક અંગ્રેજોએ લીધો હોય તે પાછો આપવો; ૨. મરેઠાએ રાઘોબાને વરસ દહાડે ત્રણ લાખ રૂપીઆ આપવા, અને તેની ખુશીમાં આવે તે જગાએ રેહેવા દેવો.

૪. હૈદરઅલી (૧૭૬૯—૧૭૮૦).

અંગ્રેજો સાથના પેહેલા વિગ્રહમાં ફાવ્યાના ગર્વથી ફૂલી જઇને હૈદરે ૧૭૬૯ માં પેશ્વાને ખંડણી આપતી બંધ કરી, અને મરેઠી મુલક ઉપર ચઢાઇ કરી. ૧૭૭૦ માં માધવરાવ પેશ્વાએ એક મોટાં લશકર સાથે હૈદરના મુલક ઉપર ચઢાઇ કરી, અને ચેરકુલીનાં રણમાં તેને હરાવીને તેના ઘણા કિલ્લા તાબે કર્યા. ૧૭૭૧ માં માંદગીના સબબથી પેશ્વા ત્રીંબક મા-

માને સરદારી સોંપીને પોતે પુને પાછો ફર્યો. ત્રીમ્બક મામાએ હૈદરને હરાવ્યો, અને સીરીંગાપટમને ઘેરો ઘાલ્યો. મદ્રાસની સંધીની સરત મુજબ હૈદરે અંગ્રેજોની મદદ માગી, પણ અંગ્રેજોએ તેને મદદ કરી નહીં; તેથી સીરીંગાપટમનો થોડો વખત બચાવ કીધા પછી ૧૭૭૨ માં હૈદરને ઘણોએક મુલક અને ૩૬ લાખ રૂપીઆ મરેઠાને આપીને સંધી કરવાની ફરજ પડી. ૧૭૭૪ માં નારાયણરાવ પેશ્વાનાં ખુન પછી રાઘોબા અને મરેઠી સરદારો વચ્ચે ઝઘડો ચાલ્યો, તેનો લાભ લઇને હૈદરે મરેઠાને આપેલો સઘળો મુલક પાછો લેવાની તજવીજ કરી; અને ૧૭૭૮ સુધીમાં સઘળો મુલક પાછો મેળવવા ફતેહ પામ્યો. એજ વર્ષમાં અંગ્રેજ અને ફ્રેન્ચ વચ્ચે લડાઇ ઉઠવાથી અંગ્રેજોએ પોન્ડીચરી શેહેર લઈ લીધું; અને ૧૭૭૯ માં હૈદરના ના કેહેવા છતાં મલબાર કોરતા ઉપર તેના મુલકની પડોસમાં આવેલું ફ્રેન્ચોનું મહેગ બંદર પણ લઈ લીધું. હૈદરને એથી ઘણો ક્રોધ ચઢયો, અને મરેઠી સરદારો અને નિઝામ જોડે મળી જઈને તેણે ૧૭૮૦ માં અંગ્રેજો સામે બીજો વિગ્રહ આરંભ્યો.

૫. મૈસોરનો બીજો વિગ્રહ (૧૭૮૦—૧૭૮૪).

૧૭૮૦ ના જુલાઈ મહિનામાં ૯૦૦૦૦ માણસનાં લશકર સાથે હૈદર કર્નાટકપર ચઢયો, અને મુલક ઉજડ કરતો કરતો મદ્રાસથી ૫૦ મેલ દૂર કોન્જીવરામ સુધી આવી પુગો.

મદ્રાસનો સેનાપતિ આ વખતે બંગાળામાં પ્રખ્યાત થયેલો સર હેક્તર મનરો હતો; તે ૫૦૦૦ માણસનાં લશકર સહિત હેદરની સામો થયો. કરનલ બેલી બીજાં ૨૮૦૦ માણસનાં લશકર સાથે ગન્તુરનો કબજો લેવા જતો હતો, તેને મનરો સાથે જોડાઈ જવાનો હુકમ થયો. હેદરે વચ્ચે ધુસીને પોલાલોર આગળ બેલીને અટકાવ્યો, અને જોકે બેલીએ થોડાં લશકર સાથે શત્રુના ૧૩ હુમલા પાછા વાળ્યા, તે છતાં તેને આખરે બાકી રહેલાં લશકર સાથે શરણ થવાની ફરજ પડી (૧૭૮૦). સર હેક્તર મનરો પોલાલોરની રણભૂમીથી માત્ર બે મેલ દૂર હતો, તેણે બેલીને મદદ કરી નહીં એટલુંજ નહી, પણ હિમત છોડી દઇને તે મદ્રાસ તરફ નાઠો.

આ ખબર જેવી ગવરનર જેનરલને થઈ તેવીજ તેણે બંગાળાના સેનાપતિ સર આયર કૂટને થોડું લશકર આપી મદ્રાસ મોકલ્યો, અને પાછળથી બીજું વધારે લશકર કૂટની મદદે મોકલી આપ્યું. સર આયરકૂટે ૧૭૮૧ માં હેદરને ત્રણ ઠેકાણે હરાવ્યો; પેહેલાં પોર્તોનોવો આગળ, ત્યાર પછી પોલીલોર આગળ, અને છેલ્લાં શોલિંઘર આગળ. ૧૭૮૨ માં માંદગીના સબબથી કૂટને સરદારી છોડવી પડી, અને ૧૭૮૩ માં આ પ્રખ્યાત લડવૈયો હિંદુસ્તાનમાંજ મરણ પામ્યો.

૧૭૮૨ માં કરનલ બ્રેથવેટ થોડાં લશકર સાથે કોલરૂન નદીના કાંઠાપર હેદરના છોકરા ટીપુના હાથમાં સપડાયો; અ-

ને જોકે ટીપુનાં મોટાં લશકર સામે ૨૬ કલાક સુધી તે ઘણી બહાદુરીથી લડયો, તોપણ તેને અંતે શરણ થવું પડયું. એજ વર્ષમાં પશ્ચિમે હૈદરે તેલીચરી શહેરને ઘેરો ઘાલ્યો હતો, ત્યાં કિલ્લા ગાહેલાં લશકરે હિંમતથી હૈદરનાં લશકર ઉપર હુમલો કર્યો, અને તેના ૧૨૦૦ સીપાઈઓને કેદ પકડી સઘળી તોપો લઇ લીધી. આ હારથી હૈદર સામે કૂર્ગ અને મલબારના લોકો ઉઠયા. એજ વર્ષના ડીસેમ્બર મહિનામાં હૈદર ચીતોડમાં પોતાની ૮૦ વર્ષની ઉમરે મરણ પામ્યો, અને મૈસોરની ગાદીપર ટીપુ બેઠો.

ગાદીપર આવ્યા પછી ટીપુએ ફ્રેન્ચોની મદદથી વિગ્રહ ચાલુ રાખ્યો. ૧૭૮૩ માં ટીપુને મલબાર કોસ્તાપર રોકાવું પડયું, જ્યાં મુંબઇથી એક લશકરે હુમલો કર્યો હતો; અને ફ્રેન્ચોએ કર્નાટકમાં અંગ્રેજો સામે લડાઈ ચલાવી. અંગ્રેજ સરદાર જેનરલ સ્તુઅર્ટ ફ્રેન્ચો સામે કર્નાટકમાં ફાવી શક્યો નહીં; પણ તરત ઇંગ્લાંડ અને ફ્રાન્સ વચ્ચે ૧૭૮૩ માં યુરોપમાં વરસેલ્સમાં સંધી થઇ, તેની ખબર હિંદુસ્તાનમાં પડતાંજ ફ્રેન્ચ લોકો ટીપુને છોડી ગયા.

૧૭૮૪ માં કરનલ ફુલરટન લશકર સાથે મૈસોરમાં પેઠો, અને ટીપુના ઘણા કિલ્લા લડીને લીધા. ત્યાર પછી તેણે ટીપુની રાજધાની સીરીંગાપટમ ઉપર કુચ કરવાની તૈયારી કરી. પણ તેવામાં મદ્રાસના ગવરનર લોર્ડ મેકાર્તિનેએ સંધીને માટે

ટીપુ કને વકીલો મોકલ્યા, અને હેસ્તિંગ્સના વિચારની વિરૂધ્ધ મેંગલોરમાં ટીપુની મરજી મુજબની સંધી કરી. આ સંધીની મુખ્ય સરતો એ હતી કે ટીપુએ અંગ્રેજ બંદવાને છોડી દેવા, અને બન્ને પક્ષે એક બીજાનો જીતી લીધેલો મુલક પાછો આપવો.

——o:():o——

પ્રકરણ ૮ મું.

——o:o:o——

લોર્ડ કોરનવાલીસ અને સર જોન શોર.

(૧૭૮૬—૧૭૯૮).

——o:o——

૧. લોર્ડ કોરનવાલિસની કારકીર્દી.

(૧૭૮૬—૧૭૯૩)

૧૭૮૫ ના ફેબ્રુઆરી મહિનામાં હેસ્તિંગ્સ ઇગ્લાંડ ગયો ત્યારથી, તે ૧૭૮૬ ના સપ્ટેમ્બર મહિનામાં લોર્ડ કોરનવાલિસ કલકતે આવી પુગો, ત્યાંસુધી કાઉનસિલના વડા મેમ્બર સર જોન મેકફરસને ગવરનર જેનરલનું કામ ચલાવ્યું. લોર્ડ કોરનવાલીસના અમલમાં નીચે જણાવેલા જાણવાજોગ બનાવ બન્યા.

૧. કંપનીના નોકરોનો પગાર થોડો હોવાને લીધે તેઓ

લાંચ લેતા હતા, અને ખાનગી વેપારથી તથા બીજી પસંદ ન કરવા જોગ રીતે પૈસા જમાવ કરવામાં ઘણું ધ્યાન લગાડતા. લૉર્ડ કૉરનવાલીસે યોગ્યતા પ્રમાણે સર્વેનો પગાર વધાર્યો, અને ખાનગી વેપાર કરવાને તથા દેશીઓ કનેથી બક્ષીસો લેવાને સખત મના કરી; અને જેઓ એ પ્રમાણે કરતા પકડાયા તેમને શીક્ષા કરીને સઘળાં ખાતાં સુધાર્યાં.

૨. તેણે દીવાની અને ફોજદારી અદાલતોમાં સુધારા કર્યા, અને તેમને માટે જરૂરના કાયદા બાંધ્યા.

૩. નિઝામે ગન્તુર સરકારનો પ્રાંત અંગ્રેજોને સ્વાધીન કરવાને આગળ કરાર કર્યો હતો, તે મુજબ ૧૭૮૮ માં લૉર્ડ કૉરનવાલિસે એ પ્રાંત નિઝામ કનેથી માગ્યો. નિઝામે તરત એ પ્રાંત અંગ્રેજોને સ્વાધીન કીધો, અને ટીપુની સામે લડવાને અંગ્રેજી લશકરની મદદ માગી. લૉર્ડ કૉરનવાલીસે એવી રીતે મદદ કરવાને કબુલ કીધું.

૪. મરેઠા અને નિઝામ જોડે મળી જઇને લૉર્ડ કૉરનવાલીસે ૧૭૯૦ માં ટીપુ સામે વિગ્રહ આરંભ્યો, અને ૧૭૯૨ માં તેને નીચો નમાવી સંધી કરવાની ફરજ પાડી.

૫. સર્વથી અગત્યનો બનાવ જે લૉર્ડ કૉરનવાલીસની, કારકીર્દીમાં બન્યો, તે બંગાળાના જમીનદારોને લગતો હતો. મુગલ રાજ્યના દોરની વખતે જમીનની મેહેસુલ જમા કરનારા રફતે રફતે જમીનના માલેક થઈ પડયા હતા, અને બંગા-

બા અને બીજા પડોશના પ્રાંતોમાં મોટી સત્તા ભોગવતા હતા. પેહેલાં બ્રિટિશ સરકારે તેમના હકો કબુલ રાખ્યા હતા નહીં; પણ ૧૭૮૬ માં કંપનીના ડીરેક્ટરોએ તેમની સાથે જમીનની મેહેસુલ બાબદ દશ વર્ષનો કરાર કરવાને હિંદુસ્તાનની સરકારને લખી મોકલ્યું, અને જો બનેતો હમેશ સુધીનો તેમની સાથે બંદોબસ્ત કરવો એવી મરજી જણાવી. ૧૭૯૩ માં લોર્ડ કોરનવાલિસે જમીનદારો સાથે મેહેસુલ બાબદ હમેશ સુધીનો કરાર (The Permanent Settlement) કર્યો, અને દર વર્ષે તેમની પાસેથી ચોક્સ રકમ લેવાની ઠરાવી. એ પ્રમાણે જમીનદારોને જમીનના માલેક ઠરાવીને ખેડુતોને તેણે તેમના કબજામાં મેલ્યા; અને ખેડુતો સાથે જમીનદારો જે સરતો કરે તેમાં સરકારે વચ્ચે આવવું નહીં એવું ઠરાવ્યું.

૨. મેસોરનો ત્રીજો વિગ્રહ (૧૭૯૦—૧૭૯૨).

૧૭૮૪ માં મેંગલોરની સંધી કર્યા પછી ટીપુએ કનારા અને કૂર્ગ પ્રાંતો ઉપર ચઢાઈ કરી, અને એક લાખ માણસને કેદ પકડી જઈને તેમને મુસલમાન થવાની ફરજ પાડી. ત્યાર પછી મરેઠા અને નિઝામે ટીપુનું બળ તોડવાને અને તેનો મુલક વેંહેંચી લેવાને લડાઈ ઉઠાવી. ટીપુએ તેમના મુલક ઉપર ચઢાઈ કરી, અને ૧૭૮૭ માં તેમને સંધી કરવાની ફરજ પાડી. ૧૭૮૮ માં તેણે મલબાર પ્રાંતપર ચઢાઇ કરી અને

ત્યાંના નાયર લોકોને જોર જુલમથી વટલાવ્યા; અને જેઓએ ન માન્યું તેઓને મારી નાખ્યા.

૧૭૮૯ ના ડીસેમ્બર મહિનામાં ટીપુએ ત્રાવનકોર ઉપર ચઢાઈ કરી; પણ સખ્ત હારખાઈ તેને નહાસી જવું પડયું. ૧૭૯૦ માં તેણે પાછી ચઢાઈ કરી અને તે ફાવ્યો. ત્રાવનકોરનો રાજા અંગ્રેજોનો મિત્ર હોવાથી, લોર્ડ કોરનવાલિસને વિગ્રહ આરંભવાની જરૂર પડી. મરેઠા અને નિઝામ સાથે મળી જઈને ૧૭૯૦ માં જેનરલ મેદાસને મૈસોર પ્રાંતપર હુમલો કરવાને તેણે મોકલ્યો, અને હેસ્તિંગ્સની માફક બંગાળેથી તેની મદદે લશકર મોકલ્યું. જેનરલ મેદાસ ટીપુ સામે કોઇ પણ રીતે ફાવ્યો નહીં તેથી લોર્ડ કોરનવાલિસ પોતે દક્ષિણમાં આવ્યો અને લશકરની સરદારી લીધી (૧૭૯૧).

તેણે તરત મૈસોર ઉપર ચઢાઇ કરી અને ટીપુનું બેંગલોર શેહેર જીતી લીધું. ત્યાર પછી સીરીંગાપટમની નજદીક એરાકેરાનાં રણમાં તેણે ટીપુને હરાવ્યો, અને તેની રાજધાનીપર કુચ કરવાની તૈયારી કરી. પણ બ્રિટિશ લશકરમાં ઓગક ફુટવાથી અને બીજી ઘણી અડચણોને લીધે કોરનવાલિસને મદ્રાસ તરફ પાછું ફરવું પડયું. ૧૭૯૨ માં સઘળી ગોઠવણ પાકી કરીને તેણે મૈસોરપર પાછી ચઢાઈ કરી, અને સીરીંગાપટમને ઘેરો ઘાલ્યો. ટીપુએ થોડો વખત સુધી શેહેરનો ઘણી બહાદુરીથી બચાવ કીધો, પણ તેનાં ઘણાં માણસો માર્યાં ગયાં, તેથી

અંતે તેને લોર્ડ કોરનવાલિસની મરજી મુજબ સંધી કરવી પડી (૧૭૯૨)

સંધીની સરત.—ટીપુએ પોતાનું અરધું રાજ્ય આપવું; લડાઈના ખરચ બદલ ત્રણ કરોડ રૂપીઆ આપવા, અને મરેઠાને બીજા ૩૦ લાખ રૂપીઆ આપવા; અને એ સરતો પુરી પડે ત્યાં સુધી ટીપુએ પોતાના બે છોકરાને જામીન દાખલ આપવા.

આ પ્રમાણે આવી ફાયદાકારક સરતો કરીને લોર્ડ કોરનવાલિસે આ વિગ્રહનો અંત આણ્યો; અને અંગ્રેજોને દીન્ડીગલ, બારમ્હાલ, અને મલબાર પ્રાંતો મળ્યા.

૩. સર જોન શોરનો કારભાર (૧૭૯૩–૧૭૯૮).

લોર્ડ કોરનવાલિસ પછી હિંદુસ્તાનના મુલકી ખાતાંના એક પ્રખ્યાત અમલદાર સર જોન શોરને ગવરનર જેનરલ નીમવામાં આવ્યો. સર જોન શોરે જમીનદારો સાથના બંદોબસ્તમાં મુખ્ય ભાગ લીધો હતો, અને લોર્ડ કોરનવાલિસને સારી મદદ કરી હતી. એની કારકીર્દી ઘણી નબળી ગણાયલીછે, કારણકે દેશી રાજ્યોના મામલામાં એણે હાથ ઘાલ્યો નહીં, અને મરેઠાને અને ટીપુને તેમની મરજીમાં આવે તેમ કરવા દીધું. ટીપુ એ વખતમાં અંગ્રેજો સાથના છેવટના વિગ્રહને માટે ભારે તૈયારીઓ કરવામાં રોકાયો હતો; અને મરે-

ડાએ અંગ્રેજના મીત્ર નિઝામને ૧૭૯૫ માં કુરદલાની લડાઈ-માં હરાવીને ઘણું નીચું લગાડયું.

૧૭૯૭ માં અયોઢયાનો કમઅકલ અને વિષયી નવાબ અસોફ-ઉડ-દવલા મરણ પામ્યો, અને તેનો અનૌરસ છોકરો વજીરઅલી ગાદીએ બેઠો. સર જોન શોરે વજીરઅલીને નવા-બ તરીકે કબુલ રાખ્યો નહીં, અને ૧૭૯૮ માં અસોફ ઉડ-દવ-લાના ભાઈ સાદતઅલીને નવાબ ઠરાવ્યો, અને તેને ગાદીએ બેસાડવાને પોતે લકનો ગયો.

વજીરઅલીએ સામો થઈ બંડ કર્યું, અને ગવરનર જે-નરલ મુશકેલીથી બચ્યો. સર જોન શોરે એ વખતે ઘણી દૃ-ઢતા દેખાડી અને સાદતઅલીને ગાદીએ બેસાડીને વજીરઅ-લીને કાશીમાં નજરકેદ રાખ્યો. ૧૭૯૮ ના માર્ચ મહિનામાં સર જોન શોરની સમાધાની જાળવી રાખનારી કારકીર્દીનો અંત આવ્યો, અને આ સુબો ઈંગ્લાંડ પાછો ફર્યો.

——o:0:o——

પ્રકરણ ૯ મું.

—0:0—

લોર્ડ વેલેસ્લી, લોર્ડ કોરનવાલિસ, અને સર જયોર્જ બારલો. (૧૭૯૮—૧૮૦૭).

—0:0—

૧: લોર્ડ વેલેસ્લીનો કારભાર. (૧૭૯૮-૧૮૦૫).

લોર્ડ વેલેસ્લી ૧૭૯૮ ના મે મહિનામાં કલકતે આવી પુગો. એ ઘણો બુદ્ધિમાન, ભણેલો, અને કુશળ રાજ્ય કારભારી હતો. એણે દેશીરાજ્યોનાં રક્ષણને માટે બ્રિટિશ મદદગાર ફોજ રાજાઓને ખરચે તેમના મુલકમાં રાખીને, કેટલાએક દેશીરાજાઓને અંગ્રેજોપર આધાર રાખતા કર્યા, અને એ પ્રમાણે અંગ્રેજી રાજ્યને હિંદુસ્તાનમાં સર્વોપરી કર્યું. એ રીત પેહેલાં વોરન હેસ્તિંગ્સે અયોધ્યાના નવાબને તેનાં રક્ષણને માટે મદદગાર ફોજ આપીને દાખલ કરી હતી. લોર્ડ કોરનવાલિસ અને સર જોન શોરે દેશી રાજ્યોના મામલામાં હાથ ઘાલ્યો ન હતો, તેથી લોર્ડ વેલેસ્લી હિંદુસ્તાનમાં આવ્યો તે વખતે હિંદુસ્તાનના મુખ્ય રાજાઓની દરબારમાં ફ્રેન્ચ લોકનો પગ પેસારો ઘણો થયો હતો, અને અંગ્રેજોનું વજન ઓછું થયું હતું. ટીપુ અને સિંધિયાનાં લશકરને ફ્રેન્ચ અમલદારોએ યુરોપીયન રીત પ્રમાણે કવાયત શીખવી હતી. મરેઠાએ નિઝામના મુલક

ઉપર ચઢાઈ કરીને ૧૭૯૫ માં કુરદલાનાં યુદ્ધમાં તેને હરાવીને નીચો પાડયો, તે વખતે અંગ્રેજોએ તેને મદદ કરી નહીં, તેથી નિઝામે પણ ઘણા ફ્રેન્ચોને પોતાની દરબારમાં રાખ્યા હતા, અને તેમની સલાહ પ્રમાણે તે અમલ કરતો હતો.

લાર્ડ વેલેસ્લીએ પોતાની અગાઉ થઇ ગયલા બે ગવરનર જેનરલોની રાજનીતિથી ઉલટો ચાલીને દેશીરાજ્યોના મામલામાં હાથ ઘાલવા માડયો. પેહેલાં તેણે નિઝામને મેળવી લેવાની તજવીજ કરી; અને તેને સમજાવીને બ્રિટિશ મદદગાર ફોજ તેનાં રાજ્યમાં રાખવાની ગોઠવણ કરી, અને એ પ્રમાણે તેની દરબારમાં ફ્રેન્ચોનું ચલણ બંધ પાડયું. પેશ્વાએ નાનાફર્નવીસની સલાહ પ્રમાણે ચાલીને આવી રીતની ફોજ પોતાના રાજ્યમાં રાખવાને સાફ ના પાડી. ત્યારપછી તરતજ લાર્ડ વેલેસ્લીને ટીપુ સામે લડાઇ ઉઠાવવાની ફરજ પડી (૧૭૯૮). એક મોટી અંગ્રેજી ફોજે જેનરલ હેરિસની સરદારી હેઠળ ૧૭૯૯ માં મૈસોર પ્રાંતપર ચઢાઇ કરી, અને બે ઠેકાણે ટીપુને હરાવીને સીરીંગાપટમ લડીને લીધું. ટીપુ લડતાં માર્યો ગયો, અને તેના છોકરાને લાર્ડ વેલેસ્લીએ વર્ષાશન બાંધી આપીને વેલોરમાં રાખ્યા. મૈસોરના ત્રણ ભાગ કરવામાં આવ્યા; એક ભાગ અંગ્રેજોએ રાખ્યો; બીજો નિઝામને આપ્યો, અને ત્રીજો ભાગ હૈદરે જે હિંદુ રાજાને ૧૭૬૧ માં પદભ્રષ્ટ કર્યો હતો, તેના છોકરાને આપ્યો.

૧૮૦૦ માં અંગ્રેજોએ સુરતના નવાબને પેનશન આપીને સુરત શેહેર અને તેને લગતો મુલક લઈ લીધો. ૧૭૯૫ માં કર્નાટકનો ઘરડો નવાબ મોટું કરજ મેલીને મરણ પામ્યો હતો, અને તેના છોકરાના અમલમાં રાજ્યમાં ઘણો ગેરબંદોબસ્ત ચાલતો હતો, તેથી ૧૮૦૧ માં કર્નાટકના નવાબને પેનશન બાંધી આપીને કર્નાટક પ્રાંત અંગ્રેજી રાજ્ય સાથે જોડી દીધો. અયોધ્યાનાં રાજ્યમાં પણ ઘણો ગેરબંદોબસ્ત ચાલતો હતો, અને નવાબે અંગ્રેજો સાથના પોતાના કરાર મુજબ પોતાનાં રાજ્યનાં રક્ષણને માટે જોઈતું બ્રિટિશ લશકર રાખ્યું ન હતું. લોર્ડ વેલસ્લીએ કરાર મુજબ ચાલવાની અને લશકરના ખરચને માટે કેટલાંએક પરગણાં અંગ્રેજોને આપવાની નવાબને ફરજ પાડી (૧૮૦૧). (હિંદુસ્તાનનો વાવ્ય પ્રાંતનો વિભાગ ઘણો ખરો આ પરગણાંઓનો બનેલો છે).

૧૮૦૧ માં જશવંતરાવ હોલકરે બાજીરાવ પેશ્વાને પુનામાંથી હાંકી કાઢયો, તેથી બાજીરાવે વસઈ જઈને ૧૮૦૨ માં પોતાની ગાદી મેળવવાને અંગ્રેજો સાથે સંધી કરી, અને પોતાનાં રક્ષણને માટે અંગ્રેજી લશકર પોતાને ખરચે પુનામાં રાખવાનું કબુલ કર્યું. બીજા મરેઠી સરદારોને પેશ્વાની આ ગોઠવણ પસંદ પડી નહીં, તેથી અંગ્રેજોને સિંધ્યા, હોલકર, અને નાગપોરના રાજા જોડે લડવું પડયું. આ લડાઈ ૧૮૦૩ થી ૧૮૦૫ સુધી ચાલી, જેથી મરેઠા સરદારોનું બળ ઘણું પ-

ડી નાખ્યું. આ લડાઈનો પુરેપુરો અંત આવે તેની આગમજ ૧૮૦૫ ના આગસ્ટ મહિનામાં લોર્ડ વેલેસ્લી હિંદુસ્તાન છોડી ગયો. કંપનીના ડીરેક્તરોએ તેની રાજનીતિ પસંદ કરી હતી નહીં, તેથી પેહેલાં ઇંગ્લાંડમાં તેમના તરફથી એના ઉપર ઘણાં તોહોમતો મૂકવામાં આવ્યાં; પણ પાછળથી તેઓએ એની નોકરીની કદર બુઝી, અને એનું પુતળું પોતાના દીવાનખાનામાં મૂક્યું.

૨. મૈસોરનો ચોથો વિગ્રહ (૧૭૯૮--૧૭૯૯).

લોર્ડ કોરનવાલિસ સાથે ૧૭૯૨ માં સંધી કર્યા પછી પણ ટીપુએ અંગ્રેજો સામે લડવાની પાછી તૈયારી ચાલુ રાખી હતી, અને પોતાની નોકરીમાં ફ્રેન્ચ અમલદારો રાખીને તેણે એક બળવાન ફોજ ભેગી કરી હતી. ૧૭૯૮ માં મોરિશીઅસના ફ્રેન્ચ હાકેમે એવું જાહેર નામું બાહાર પાડ્યું, કે અંગ્રેજોને હિંદુસ્તાનમાંથી હાંકી કાઢવાને ટીપુ ફ્રેન્ચ લોકોની મદદ માગેછે. વળી નેપોલીઅન બોનાપાર્ટ, જે આ વખતે મીસર દેશમાં હતો, તેની સાથે, અને કાબુલના રાજા જમાનશાહ સાથે, ટીપુએ મતલબને માટે કાગજ પત્રથી વેહેવાર ચલાવેછે, એવું લોર્ડ વેલેસ્લીને માલમ પડ્યું. ગવરનર જેનરલે ટીપુ કનેથી એ વિષેનો ખુલાસો માગ્યો, અને તેની સાથે બંદોબસ્ત કરવાને પોતે મદ્રાસ આવ્યો; પણ ટીપુ તરફથી તેને કાંઇ ખાત-

ગીપૂર્વક જવાબ મળ્યો નહી, તેથી તેને લડાઈ ઉઠાવવાની ફ-રજ પડી.

જેનરલ હેરિસની સરદારી હેઠળ ૨૧૦૦૦ માણસની એ-ક ફોજ કર્નાટકમાં ભેગી કરવામાં આવી; અને ૧૦૦૦૦ મા-ણસની નિઝામની મદદગાર ફોજ, ગવરનર જેનરલના ભાઈ કરનલ વેલસ્લીની સરદારી તળે, જેનરલ હેરિસને આવી મળી. આ બન્ને ફોજે કર્નાટક તરફથી મૈસોર ઉપર ચઢાઈ કરી; અને મુંબઈની ૬૦૦૦ માણસની એક ફોજે જેનરલ સ્તુઅર્ટની સરદારી હેઠળ મલબાર તરફથી ચઢાઈ કરી (૧૭૯૯). પેહેલાં ટીપુ સદાસીર આગળ મુંબઇની ફોજની સામો થયો, પણ જેનરલ સ્તુઅર્ટે તેને હરાવ્યો. બીજું યુદ્ધ સીરીંગાપટમથી ૪૦ મૈલ દૂર માલવેલી આગળ ટીપુ અને જેનરલ હેરિસ વચ્ચે થયું, તેમાં પણ ટીપુએ હાર ખાધી. જેનરલ હેરિસે તરત સીરીંગાપટમ ઉપર કુચ કરી, અને તે શેહેરને ઘેરો ઘાલ્યો; જેનરલ સ્તુઅર્ટ પણ સીરીંગાપટમ આગળ હેરિસને આવી મળ્યો. ૧૭૯૯ ના મે મહિનાની ૩ જી તારીખે જેનરલ હેરિસે હલ્લો કરી સીરીંગાપટમ લીધું, અને ટીપુ લડતાં માર્યો ગયો. એ પ્રમાણે મૈસોરના છેલા વિગ્રહનો અંત આવ્યો. કરનલ વેલ-સ્લીને સીરીંગાપટમનો હાકેમ નીમવામાં આવ્યો: અને લાર્ડ વેલેસ્લીએ ઉપર જણાવ્યા પ્રમાણે મૈસોરના ભાગ કરી હૈદર-અલીએ સ્થાપેલાં રાજ્યનો અંત આણ્યો.

૩. મરેઠા સાથનો બીજો વિગ્રહ.
(૧૮૦૩—૧૮૦૫)

મરેઠી રાજ્યનો પ્રખ્યાત રાજ્ય કારભારી નાનાફર્નવીસ ૧૮૦૦ માં મરણ પામ્યો, ત્યારપછી દોલતરાવ સિંદ્યા અને જશવંતરાવ હોલકર વચ્ચે લડાઈ ચાલી. પેશ્વાએ સિંદ્યાનો પક્ષ પકડ્યો, અને હોલકરના ભાઈ વીઠુજીને હાથીના પગ તળે કચડી નખાવ્યો. જશવંતરાવ ૧૮૦૨ માં સિંદ્યા અને પેશ્વાની ફોજને ચૂકવીને પુનાની નજદીક આવ્યો, અને તેમનાં લશકરને હરાવીને તેણે પુનાનો કબજો લીધો. બાજીરાવ પેશ્વા પુનામાંથી નાઠો, અને વસઈમાં આવી તેણે પોતાની ગાદી પાછી મેળવવાની મતલબથી અંગ્રેજો સાથે સંધી કરી (૩૧-મી ડીસેમ્બર ૧૮૦૨). વસઈની સંધીની સરત :—

૧. પેશ્વાએ પોતાનાં રાજ્યમાં ૬૦૦૦ માણસની એક બ્રિટિશ મદદગાર ફોજ રાખવી, અને તેના ખરચને માટે દર વર્ષે ૨૬ લાખ રૂપીઆ આપવા;

૨. પોતાનાં રાજ્યમાં તેણે અંગ્રેજના કોઈ યુરોપીઅન શત્રુને રાખવા નહી;

૩. સુરત ઉપરથી તેણે પોતાના સઘળા દાવા ઉઠાવવા;

૪. નિઝામ તથા ગાયકવાર જોડે પેશ્વાને જે વાંધા હોય તેનો ચુકાદો અંગ્રેજ સરકારને સોંપવા.

વસઇની સંધીથી મરેઠી રાજ્યની સ્વતંત્રતા ગઇ એવું ધારીને સિંદ્યા અને નાગપોરનો રાજા રઘુજી ભોંસલે અંગ્રેજોની સાથે થવાને મસલત કરવા લાગ્યા, અને હોલકરને પણ પોતાની સાથે મેળવી લેવાની તેઓએ કોશેશ કરી. ગવરનર જેનરલ લોર્ડ વેલિસ્લીએ કરનલ સ્તીવનસનને નિઝામની મદદગાર ફોજ સહિત પુનાની નજદીક આવવાનો હુકમ કર્યો; અને પોતાના ભાઇ જેનરલ વેલિસ્લીને થોડું એક લશકર લઇ મૈસોરથી નિકળવાને ફરમાવ્યું. જેનરલ વેલિસ્લીએ પુને આવી ૧૮૦૩ ના મે મહિનામાં બાજીરાવને ગાદીએ બેસાડયો. અંગ્રેજી લશકરના આવવા આગમજ હોલકર પુનુ છોડી માલવા તરફ નિકળી ગયો; પણ સિંદ્યા અને નાગપોરનો રાજા પોતાનાં લશકર સહિત પુનાની નજદીક હતા, તેઓને પોત પોતાના મુલકમાં જવાને જેનરલ વેલિસ્લીએ જણાવ્યું. મરેઠી રાજાઓએ જેનરલ વેલિસ્લીના કેહેવા ઉપર લક્ષ આપ્યું નહીં, તેથી અંગ્રેજો અને મરેઠા વચે લડાઇ ઉઠી (૧૮૦૩).

લોર્ડ વેલિસ્લીએ મરેઠી સરદારો સામે ચોતરફથી ફોજો મોકલી, અને તેમના મુલક ઘેરી લીધા. મુખ્ય ફોજો દખણમાં જેનરલ વેલિસ્લીની સરદારી હેઠળ, અને હિંદુસ્તાનમાં જેનરલ લેકની સરદારી હેઠળ હતી પેહેલાં જેનરલ વેલિસ્લીએ અહમદનગર શેહેર સર કર્યું, અને કરનલ સ્તીવનસને જાલના લીધું. ત્યારપછી એઓ આગળ દોલતરાવ સિંદ્યા અને રઘુજી ભોંસલે

જેનરલ વેલસ્લીની સામા થયા, પણ અંગ્રેજોએ થોડાં માણસ સાથે મરેઠી સરદારોનાં મોટાં લશકર ઉપર ફતેહ મેળવી, અને સિંઢયા અને ભોંસ્લે રણભૂમી ઉપરથી નાઠા. (૨૩ મી સપ્તેમ્બર ૧૮૦૩).

એજ વખતે હિંદુસ્તાનમાં જેનરલ લેક ફ્રેન્ચ અમલદાર બુરક્વિનની સરદારી હેઠળ સિંઢયાની પલટનોને દીલ્હીની લડાઈમાં હરાવી. ફ્રેન્ચ અમલદારો અંગ્રેજને શરણ થયા, અને લેકે દીલ્હીનો કબજો લીધો. દીલ્હીનો પગડો બાદશાહ શાહ આલમ પોતાના કુટુંબ સહિત અંગ્રેજોને શરણે આવ્યો. પછી લાર્ડ લેક આગ્રા સર કરી, મેવાડમાં સિંઢયાનાં લશકરની એક ટુકડીની પાછળ ગયો, અને લાસવારીની લડાઈમાં આ ટુકડીને હરાવી સિંઢયાનું બળ તોડયુ. (૧૮૦૩).

એજ વર્ષને છેડે દખણમાં જેનરલ વેલસ્લીએ આરગામની લડાઈમાં સિંઢયા અને ભોંસલેને પાછા હરાવ્યા, જેથી પેહેલાં રઘુજીએ અને ત્યારપછી દોલતરાવે અંગ્રેજો સાથે સંધી કરી, (ડીસેમ્બર ૧૮૦૩).

દેવગામ આગળ નાગપોરના રાજા સાથે સંધી થઈ તેની સરત :—

૧. નાગપોરના રાજાએ કટક, બાલાસોર, અને વરદા નદીની પશ્ચિમનો મુલક આપવો;

૨. નિઝામ તથા પેશ્વા જોડે જે વાંધા હોય તેનો ચુકાદો તેણે અંગ્રેજ સરકારને સોંપવો;

૩. અંગ્રેજોના કોઈ યુરોપીઅન શત્રુને પોતાનાં રાજ્યમાં રાખવા નહીં.

સીરજીઅંજે ગામ આગળ સિંઢયા સાથે સંધી થઈ તેની સરત :—

૧. સિંઢયાએ ગંગા અને જમના નદી વચેનો મુલક અંગ્રેજોને આપવો;

૨. તેણે જેપુર, જોધપુર, તથા ગોહદની ઉત્તરનો મુલક આપવો.

૩. અહમદનગર અને ભરૂચના કિલ્લા અને તેને લગતા ભાગો આપવા;

૪. અજન્તા ઘાટ અને ગોદાવરી નદી વચેનો પ્રાંત આપવો;

૧૮૦૪ માં જશવંતરાવ હોલકર અંગ્રેજોની સામો થયો. કરનલ માનસનને મોકંદ્રાઘાટમાં હરાવીને હોલકરે પાછો હઠાવ્યો, અને દીલ્હી પર હુમલો કર્યો. કરનલ ઓક્તરલોનીએ છ દિવસ સુધી દીલ્હીનો ઘણી બહાદુરીથી બચાવ કીધો, તેથી હોલકરને ઘેરો ઉઠાવવો પડયો. પછી જેનરલ ફ્રેસરે ડીગની લડાઇમાં હોલકરને હરાવ્યો, જેમાં ફ્રેસર પોતે માર્યો ગયો; અને જેનરલ લેકે ફરરુખાબાદ આગળ તેનાં લશ્કરનો ઘાન વાલ્યો.

(૧૮૦૪). ભરતપુરના રાજાએ હોલકરને મદદ કરી હતી તથી લેકે તેનો દીગનો કિલ્લો લઇ લીધો, અને ૧૮૦૫ માં ભરતપુરનાં મજબુત કિલ્લાને ઘેરો ઘાલ્યો. કિલ્લાની દીવાલ ઘણી જાડી અને માટીની હોવાને લીધે લેક કેટલાએક મહીના સુધી ભરતપુર લેવાને ફાવ્યો નહીં, અને રાજાએ પાછળથી અંગ્રેજોને ૨૦ લાખ રૂપીઆ આપીને સંધી કરી. વળી એ વર્ષમાં સિંઢયા પણ હોલકર સાથે મળી જવાની ગોઠવણ કરવા લાગ્યો, તેટલામાં લોર્ડ વેલેસ્લી હિંદુસ્તાન છોડી ગયો, અને લોર્ડ કોરનવાલિસ બીજીવાર ગવરનર જેનરલ થઇને આવ્યો.

૪. લોર્ડ કોરનવાલિસ અને સર જયોર્જ બારલો. (૧૮૦૫–૧૮૦૭).

મરેઠા સાથની લડાઇનો કોઇપણ રીતે અંત લાવવાને લોર્ડ કોરનવાલિસને સખ્ત હુકમ આપી ઇંગ્લાંડથી મોકલવામાં આવ્યો હતો. કલકતે આવીને તરત લોર્ડ લેકની છાવણી તરફ તે જવા નિકળ્યો, પણ માર્ગમાં ઘાઝીપુર આગળ આ પ્રખ્યાત સુબો મરણ પામ્યો. (૧૮૦૫).

કાઉનસિલનો વડો મેમ્બર સર જયોર્જ બારલો ગવરનર જેનરલ થયો. બારલોએ લોર્ડ લેકના વિચારની વિરૂદ્ધ સિંઢયા અને હોલકરને તેમને ફાયદો થાય એવી સરતોએ સંધી કરી. ૧૮૦૬ માં ટીપુના છોકરાઓની ઉશ્કેરણીથી મદ્રાસ ઇલાકામાં દેશી સી-

પાઇઓએ બળવો કર્યો, અને કેટલાએક અંગ્રેજ અમલદારો અને સીપાઇઓને મારી નાખ્યા. કરનલ ગીલિસ્પી, જે વેલોરથી ૧૬ મેલ દૂર આર્કટ શેહેરમાં હતો, તે ઝડપથી જઇ લાગ્યો, અને તેણે બળવો બેસાડી દીધો. ૧૮૦૭ માં સર જયોર્જ બારલોને મદ્રાસનો ગવરનર કર્યો, અને લોર્ડ મીન્ટો ગવરનર જેનરલ થયો.

પ્રકરણ ૧૦ મું.

લોર્ડ મિન્ટો અને લોર્ડ હેસ્તિંગ્સ.

(૧૮૦૭–૧૮૨૩).

---

૧. લોર્ડ મિન્ટોનો રાજ્યકારભાર.

(૧૮૦૭–૧૮૧૩).

લોર્ડ મિન્ટોને તેની મરજી વિરૂધ્ધ દેશીરાજ્યોની ખટપટમાં ભાગ લેવો પડયો. હોલકરના સરદાર અમીરખાં સામે તેણે નાગપોરના રાજાને મદદ કરી, અને પેશ્વા અને નિઝામના રાજ્ય મામલામાં તેને વચ્ચે પડવાની ફરજ પડી. ત્યારપછી ત્રાવનકોરના દીવાને રૈયત ઉપર ઘણો જુલમ ગુજારવા માંડયો,

તેથી ૧૮૦૮ માં અગ્રેજી લશકરે ત્રાવનકોરનો કબજો લીધો. ૧૮૧૩ માં ત્રાવનકોરનો પ્રાંત રાજાને પાછો મળ્યો.

ફ્રેન્ચ મનવારોથી આ વખતે અંગ્રેજી વેપારને ઘણુ નુકશાન પોહોંચતું હતું, તેથી ૧૮૦૯ અને ૧૮૧૦ માં અંગ્રેજોએ ફ્રેન્ચોનાં મારિશીઅસ, બુરબોન અને રોડરીગ્સ ટાપુઓ લઈ લીધાં. મારિશીઅસ હજુર સુધી ઇંગ્લાંડના તાબામાંછે.

૧૮૦૯ માં લોર્ડ મિન્ટોએ પંજાબના બળવાન રાજા રંજીતસીંઘ જોડે સંધી કરી; જેથી રંજીતસીંઘે બ્રિટિશ સરકારની દોસ્તી કબુલ કરી, અને સતલજ નદીના ઈંગ્રેજી કિનારાપર આવેલાં રાજયોને હેરાન નહી કરવાને કબુલાત આપી. વળી ત્યારપછી ગવરનર જેનરલે સિંધ, કાબુલ, અને ઇરાનના બાદશાહોની દરબારમાં એલચીઓ મોકલીને, તેમની સાથે સંધી કરી; જેથી અંગ્રેજોના યુરોપીઅન શત્રુનો પગપેસારો એ દેશોમાં બંધ પડયો.

૧૮૧૩ માં લોર્ડ મિન્ટો ઈંગ્લાંડ પાછો ફર્યો, અને એજ વર્ષમાં મરણ પામ્યો. વળી એ વર્ષમાં ઇસ્ટ ઇન્ડયા કંપનીના ડીરેકટરોના અટકાવ છતાં હિંદુસ્તાન જોડેનો વેપાર સર્વ અંગ્રેજોને ખુલો મૂકવામાં આવ્યો; અને ચીન જોડેના વેપારનો પટો માત્ર કંપનીને મળ્યો.

—0:0—

૨. લોર્ડ હેસ્ટિંગ્સનો રાજ્યકારભાર.
(૧૮૧૩—૧૮૨૩)

લોર્ડ હેસ્ટિંગ્સ ૧૮૧૩ ના અકટોબર મહિનામાં કલકત્તે આવી પુગો. એ એક પ્રખ્યાત લશ્કરી અમલદાર અને અનુભવી રાજ્ય કારભારી હતો. નવ વર્ષ લગી એણે હિંદુસ્તાનનો વહિવટ ઘણી દ્રઢતા અને ફતેહમંદીથી ચલાવ્યો, અને બ્રિટિશ રાજ્યને ઘણું બળવાન અને આબાદ કરીને ૧૮૨૩ માં સ્વદેશ પાછો ફર્યો. એની કારકીર્દીમાં નીચે જણાવેલા બનાવો બન્યા :—

૧. લોર્ડ હેસ્ટિંગ્સે નેપાલના ગુરખા લોકો સામે લડીને તેમનો કેટલોએક મુલક લીધો અને તેમના રાજાને ૧૮૧૬ માં સંધી કરવાની ફરજ પાડી. ૨. એના વખતમાં છેલો મરેઠા સાથનો વિગ્રહ થયો. પેશ્વાની ગાદીનો અંત આવ્યો, અને તેનાં રાજ્યમાં અંગ્રેજી અમલ થયો. (૧૮૧૮). ૩. નાગપોરના રાજા આપાસાહેબે પેશ્વાને મદદ કરવાની મતલબથી બંડ કર્યું, તેને અંગ્રેજોએ હરાવીને નહસાડયો, અને રઘુજી ભોંસલના પૌત્રને નાગપોરની ગાદી આપી. ૪. મધ્ય હિંદુસ્તાનમાં પીંઢારા નામના લુટારાઓનો ઉપદ્રવ ઘણો વધી પડયો હતો, તેમની સામે એક મોટું લશ્કર મોકલીને લોર્ડ હેસ્ટિંગ્સે એ લુટારાને વીખેરી નાખ્યા. અને લોકને સુખ કર્યું. ૫. હોલકરના સરદારોએ પણ અંગ્રેજો સામે લડાઈ ઉઠાવી હતી, તેમને

હરાવીને લોર્ડ હેસ્ટિંગ્સે હોલકરને તેના મુલકનો રાજ્ય કારભાર અંગ્રેજોને સોંપવાની ફરજ પાડી. (આ બનાવોનું વિગતવાર વર્ણન નીચે કર્યુંછે).

૩. ગુરખા લોકો સાથે વિગ્રહ (૧૮૧૪—૧૮૧૬).

નેપાલના રાજાએ બતવાલના જમીનદારને કેદ કર્યો હતો, અને ૧૮ બ્રિટિશ પોલીસ અમલદારોને મારી નાખ્યા હતા, તેથી ૧૮૧૪ માં લોર્ડ હેસ્ટિંગ્સે લડાઇ ઉઠાવી, અને નેપાળમાં ચાર બાજુએથી ચાર ફોજો મોકલી. જેનરલ ગીલેસ્પીની સરદારી હેઠળ એક ફોજે કલુંગાના કિલ્લાપર હુમલો કર્યો, પણ ગુરખા લોકોએ અંગ્રેજી લશકરના બે હુમલા પાછા વાલ્યા, અને જેનરલ ગીલેસ્પી માર્યો ગયો. બીજી અને ત્રીજી ફોજ સાથે જેનરલ વુડ અને જેનરલ મારલે નેપાલમાં પેઠા, પણ થોડા વખતમાં ગુરખા લોકોએ તેમને હાંકી કાઢ્યા. ચોથી ફોજ જેનરલ ઓક્તરલોનીની સરદારી હેઠળ નેપાલમાં પેઠી, તેની સામા ગુરખાઓનો વડો સરદાર અમરસીંહ હતો. એકલો એજ અંગ્રેજ સરદાર ગુરખાઓ સામે ફાવ્યો. ગુરખાઓના ઘણા મજબુત અટકાવ છતાં ઓક્તરલોનીએ નલાગઢ અને તેમના બીજા કિલ્લા લઈ લીધા, અને ૧૮૧૫ ના એપ્રિલ મહિનામાં મલુનના મજબુત ડુંગરી કિલ્લાને ઘેરો ઘાલ્યો; અમરસીંહે ઘણી બહાદુરીથી કિલ્લાનો બચાવ કર્યો, પણ અંતે તેને શરણ થવું પડ્યું. આ સર્વથી બહાદુર સરદાર-

નો પરાજય થયાથી ગુરખાઓએ સંધી કરવાની ગરજ જણાવી, પણ અંગ્રેજોની માગણી ઘણી સખત માલમ પડવાથી, તેઓએ પાછી લડાઈ ચલાવી. ૧૮૧૬ માં સર દેવીડ ઓક્ટરલોની એક મોટી ફોજ સાથે નેપાલની રાજધાની પર ધસ્યો, અને ખતમન્ડુથી ૫૦ મેલ દૂર મકવાનપુરની લડાઈમાં ગુરખા લશકરને હરાવ્યું. આ હારથી ઘભરાઈને ગુરખાલોકોએ અંગ્રેજોની આગળની માગણી પ્રમાણે પોતાનો કેટલોએક મુલક આપ્યો અને સંધી કરી (માર્ચ ૧૮૧૬).

૪. પેશ્વા જોડે વિગ્રહ (૧૮૧૭—૧૮૧૮).

બાજીરાવ પેશ્વા અંગ્રેજોને ધીક્કારતો હતો, અને સિંદ્યા, નાગપોરનો રાજા, અને બીજા સરદારો સાથે મળીને અંગ્રેજો સામે કાવત્રાં કરતો હતો. ૧૮૧૧ માં પેશ્વાની દરબારમાં માઉન્ટ સ્તુઅર્ટ એલફિનસ્ટનને અંગ્રેજોનો વકીલ નીમવામાં આવ્યો. ૧૮૧૫ માં ગાયકવારનો વજીર ગંગાધર શાસ્ત્રી પેશ્વા અને ગાયકવાર વચ્ચેના વાંધાનો નિકાળ કરવાને પેશ્વાની દરબારમાં આવ્યો, તેને પંદરપુરમાં પેશ્વાના વજીર ત્રિમ્બકજી ડાંગલ્યાએ બાજીરાવની મસલતથી મારી નખાવ્યો. એલફિનસ્ટનના માગવાથી પેશ્વાને પોતાના દુષ્ટ પ્રધાન ત્રિમ્બકજીને અંગ્રેજોને સ્વાધીન કરવાની ફરજ પડી. ત્રિમ્બકજીને થાણાના કિલ્લામાં કેદ કરવામાં આવ્યો ત્યાંથી તે નાઠો, અને પેશ્વાએ તેને નાણાંની મદદ મોકલી, તેવડે તે ફોજ એકઠી કરવા

લાગ્યો. એલફિનસ્ટન બાજીરાવની મતલબ સમજી ગયો હતો; તેણે બાજીરાવને ૧૮૧૭ માં અંગ્રેજો સાથે નવા કોલકરાર કરવાની ફરજ પાડી, જેથી અહમદનગર અંગ્રેજોને સ્વાધીન થયું, અને પેશ્વાની સત્તા ઓછી થઈ. પેશ્વાને ક્રોધ ચઢયો, અને પીંઢારા સામે અંગ્રેજોને મદદ કરવાને બહાને તેણે એક મોટી ફોજ પુનાની નજદીક ભેગી કરીને લડાઈ ઉઠાવી.

એલફિનસ્તન તેની મતલબ સમજી ગયો હતો, અને તેણે પુનાની પાસે ખડકી ગામમાં થોડું અંગ્રેજી લશકર ભેગું કર્યું હતું. પેશ્વાનો વિચાર રેસિડનસી (વકીલનું રેહેવાનું મથક) પર હુમલો કરવાનો છે, એવું જાણીને એલફિનસ્ટન પોતે પણ ખડકી જઈ રહ્યો. ૧૮૧૭ ના નવેમબર મહિનામાં પેશ્વાએ રેસિડનસી લુટી, અને ૨૬૦૦૦ માણસનાં મરેઠી લશકરે ખડકીમાં ૨૮૦૦ માણસનાં ઈંગ્રેજી લશકર ઉપર હુમલો કર્યો, પણ અંગ્રેજ સરદાર મેજર ફોર્ડે તેમને હાંકી કાઢયા. જેનરલ સ્મિથ જે પુનાની થોડેક દૂર હતો, તે આ લડાઈ પછી તરત આવી લાગો, અને તેણે પુનાનો કબજો લીધો. પેશ્વા પુનુ છોડી નાઠો, અને જેનરલ સ્મિથ તેની પાછળ લાગો. કેપતન સ્તૌન્તન ૮૦૦ માણસ સાથે સીરૂરથી પુને આવતો હતો, તે પુનાથી ૧૬ મેલ દૂર કોરેગામ આગળ આવી પોહોંચ્યો, ત્યારે ૨૫૦૦૦ માણસનાં મરેઠી લશકરે આ નાની ટુકડી પર હુમલો કીધો. આટલાં થોડાં માણસોએ ઘણીજ બાહાદુરીથી આખો દહાડો

મરેઠા સામે લડાઈ કરી. (૧ લી જાનેવારી ૧૮૧૮). પેશ્વાનું લશ્કર પાછું હઠયું, અને પેશ્વા પોતે કર્નાટક તરફ નાઠો; પણ માર્ગમાં અંગ્રેજી લશ્કર મળવાથી શોલાપુર તરફ પાછો ફર્યો. ૧૮૧૮ ના ફેબ્રુઆરી મહીનામાં અંગ્રેજોએ સતારા લીધું, અને જાહેરનામું કાઢીને ગવરનર જેનરલે પેશ્વાને પદભ્રષ્ટ કર્યો, અને તેનું રાજ્ય અંગ્રેજોએ સ્વાધીન લીધું. એજ મહિનામાં જેનરલ સ્મિથ આષ્ટે આગળ પેશ્વાનાં લશ્કરની સામો થયો; પેશ્વા નાઠો, અને તેનો બહાદુર સરદાર ગોખલે લડતાં માર્યો ગયો. સતારાનો રાજા જે બાજીરાવના હાથમાં કેદ હતો તે આ લડાઈપછી છુટો થયો, તેને સતારા અને તેની આસપાસનો થોડો મુલક આપીને અંગ્રેજોએ સતારાની ગાદીએ બેસાડયો. બાજીરાવ થોડો વખત ભટકીને ૧૮૧૮ ના મે મહિનાની ૧૯ મી તારીખે સર જોન માલકમને શરણ થયો, જેણે આઠ લાખ રૂપીઆનું વર્ષાશન આપવાનો કરાર કર્યો. પેશ્વાને કાનપુરની પાસે બીઠુર ગામમાં રાખવામાં આવ્યો, જ્યાં તે ૧૮૫૩ માં મરણ પામ્યો.

૫. આપાસાહેબ જોડે વિગ્રહ (૧૮૧૭—૧૮૧૮).

૧૮૧૬ માં નાગપોરનો રાજા રઘુજી ભોંસલે મરણ પામ્યો ને તેનો ગાંડો છોકરો પરસાજી રાજા થયો. પરસાજીની વતી રઘુજીનો ભત્રીજો આપાસાહેબ રાજ્યકારભાર ચલાવવા લાગ્યો,

અને તેણે અંગ્રેજની મદદગાર ફોજ પોતાનાં રાજ્યમાં રાખવાને કબુલ કર્યું. થોડા વખતમાં આપાસાહેબ પરસાજીને મારી નાખીને ગાદીએ બેઠો, અને પેશ્વા સાથે મળીને અંગ્રેજ સામે કાવત્રાં કરવા લાગો. ૧૮૧૭ ના નવેમ્બર મહિનામાં આપાસાહેબે ૧૮૦૦૦ માણસ સાથે રેસિડનસીપર હુમલો કર્યો. રેસિડન્ટ મી૦ જેન્કિન્સ પાસે ૧૪૦૦ માણસ હતાં. કેપતાન ફીત્સ-જેરલ્ડે એટલાં થોડાં માણસ સહિત સિતાબુલ્ડીની ટેકરી આગળ આપાસાહેબને હરાવ્યો. બીજું અંગ્રેજી લશકર આવી પુગવાથી આપાસાહેબ શરણ થયો, અને રેસિડન્ટે બીજી સખત સરતો કરીને તેને પાછો ગાદીએ બેસાડયો (૧૮૧૮). થોડાવખતમાં આપાસાહેબ પાછો કાવત્રાં કરવા લાગ્યો, તેથી મી૦ જેન્કિન્સે તેને કેદ પકડયો, અને ગવરનર જેનરલના હુકમથી તેને અલાહાબાદમાં કેદ રેહેવાને મોકલ્યો, પણ રસ્તામાં તે નાઠો, અને ઘણીએક વખત ભટકીને પંજાબમાં ગયો, જ્યાં તે મરણ પામ્યો. ગવરનર જેનરલે નાગપોરની ગાદીપર રઘુજીના એક પૌત્રને બેસાડયો.

૬. પીંઢારા સામે લડાઈ. (૧૮૧૭—૧૮૧૮).

મધ્ય હિંદુસ્તાનમાં આશરે ૫૦૦૦૦ લુટારાઓનાં છુટાં છુટાં ટોળાં ભટકતાં હતાં, જેઓ હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં લુટફાટ કરતા, અને ગામડાંઓ બાળી નાખીને લોકોને બહુ પીડા કરતા. તેઓના મુખ્ય સરદારો અમીરખાં, કરીમખાં,

વસીલ મહમદ, અને ચીતુ હતા. ૧૮૧૭ માં લાર્ડ હેસ્ટિંગ્સે આ પીંઢારાઓથી થતા ઉપદ્રવનો અટકાવ કરવાને સખ્ત ઉપાયો લીધા, અને પોતે સિંઢીઆની રાજધાની ગવાલીઅરમાં આવી રહ્યો. તેણે સર તોમસ હીસલપ અને સર જોન માલકમને એકલાખથી વધારે માણસની ફોજ આપીને એ કામ સોંપ્યું. અમીરખાં પેહેલાં તાબે થયો અને તેને તાંકસંસ્થાન જાગીરમાં મળ્યું. અંગ્રેજી લશકરે સઘળે ઠેકાણેથી પીંઢારાઓને ઘેરી લઇને તેમને વીખેરી નાખ્યા. કરીમખાં ૧૮૧૮ ના ફેબ્રુઆરી મહિનામાં સર જોન માલકમને શરણ થયો; વસીલ મહમદ સિંઢયાને શરણ થયો; અને ચીતુએ પેહેલાં મહિદપોરમાં હોલકરની છાવણીમાં આશરો લીધો, અને હોલકરનાં લશકરના પરાજય પછી તે નાઠો અને આસિરગઢમાં ભાગયો. ૧૮૧૯ માં જેનરલ દવતને આસિરગઢ લીધું, ત્યારે ત્યાંથી પણ ચીતુ નાઠો અને જંગલમાં વાઘે તેને મારી નાખ્યો.

૭. હોલકર સાથે વિગ્રહ.

૧૮૧૧ માં જશવંતરાવ હોલકરનાં મરણ પછી તેના નાના છોકરા મલ્હારરાવ હોલકરની વતી જશવંતરાવની બાયડી તુલસીબાઈ રાજ્ય ચલાવવા લાગી. ૧૮૧૭ માં હોલકરના સરદારો બાજીરાવ જોડે અંગ્રેજો સામે કાવત્રાં કરતા હતા; અને તુલસીબાઈની મરજી અંગ્રેજો સામે લડવાની નહીં માલમ પડવાથી તેઓએ તુલસીબાઈને મારી નાખી અને અંગ્રે-

જો સામે લડાઈ ઉઠાવી. હોલકરનાં ૨૦૦૦૦ માણસનાં લશ્કરને સર તોમસ હીસલપ અને સર જોન માલકમે મહિદપોરની લડાઈમાં હરાવ્યું (૧૮૧૭). ૧૮૧૮ માં ગવરનર જેનરલ અને મલહારરાવ હોલકર વચ્ચે મંદેસર આગળ સંધી થઈ, જેથી હોલકરે રજપુતો ઉપરના પોતાના દાવા છોડી દીધા, અને બ્રિટિશ સરકારનાં રક્ષણમાં પોતાનું રાજ્ય મેલ્યું.

—o:0·o—

પ્રકરણ ૪ થું.

—o:o—

લોર્ડ એમ્હર્સ્ત અને લોર્ડ બેન્તિંક.
(૧૮૨૩—૧૮૩૫).

—o:o—

૧. લોર્ડ એમ્હર્સ્તનો રાજ્યકારભાર (૧૮૨૩—૧૮૨૮).

લોર્ડ એમ્હર્સ્ત ૧૮૨૩ ના આગસ્ત મહિનામાં કલકત્તે આવી પુગો. બ્રહ્મી લોકોએ પોતાનું રાજ્ય છેક બંગાળાની સીમા સુધી ફેલાવ્યું હતું, અને તેઓ સરહદ ઉપર રહેનાર લોકોને હેરાન કરતા હતા, તેથી ગવરનર જેનરલને ૧૮૨૪ માં તેઓ સામે લડાઈ ઉઠાવવી પડી. અંગ્રેજી લશકરે બ્રહ્મી લોકોનો કેટલી-

એક લડાઈમાં પરાજય કર્યો, ત્યારપછી આવાના રાજાએ અંગ્રેજોને કેટલાએક મુલક અને એક કરોડ રૂપીઆ આપીને ૧૮૨૬ માં સંધી કરી. એ લડાઈ ચાલતી હતી તે વખતે બરાકપોરમાં ૪૭ મી દેશી રીજમેંટે બળવો કર્યો; પણ સેનાપતિ પેજેતે તરત બળવાખોરો ઉપર તોપો છોડીને તેઓને હથીઆર છોડી દેવાની ફરજ પાડી. ૧૮૨૫ માં ભરતપોરની ગાદી બાબદ ખટપટ ચાલી, અને લોર્ડ એમ્હર્સ્તને વચે પડવાની ફરજ પડી. ભરતપુરનો મજબુત કિલ્લો ૧૮૨૬ ના જાનેવારી મહિનામાં સેનાપતિ લોર્ડ કોમ્બરમીયરે લીધો, અને ખટપટનો અંત આવ્યો. ૧૮૨૮-માં લોર્ડ એમ્હર્સ્ત સ્વદેશ ગયો.

૨. બ્રહ્મી લોકો સાથનો પેહેલો વિગ્રહ (૧૮૨૪—૧૮૨૬).

શાહપુરીના બેટમાં લોકનાં રક્ષણને માટે ૧૩ બ્રિટિશ સીપાઈઓને રાખવામાં આવ્યા હતા; તેઓને ૧૦૦૦ બ્રહ્મી લોકોએ ત્યાંથી હાંકી કાઢયા, અને ત્યારપછી અંગ્રેજના મિત્ર કાચારના રાજાના મુલક ઉપર હુમલો કર્યો, તેથી લોર્ડ એમ્હર્સ્તે આવાના રાજા સામે લડાઈ ઉઠાવી (૧૮૨૪). સર આર્ચિબાલ્ડ કેમ્પબેલ ૧૧૦૦૦ માણસો સહિત બ્રહ્મદેશ ઉપર ચઢાઈ કરી, અને પેહેલાં રંગુન સર કર્યું. વરસાદ અને ખોરાકની તંગીને લીધે બ્રિટિશ લશકરને રંગુનમાં પડી રેહેવું પડયું, અને મંદવાડ ઘણો ચાલ્યો.

૧૮૨૪ ના ડીસેમ્બર મહિનામાં પ્રખ્યાત બ્રહ્મી સરદાર મહાબન્દુલા ૬૦૦૦૦ માણસ સાથે રંગુન આગળ અંગ્રેજી લશકરની સામો થયો, અને બ્રહ્મી લશકરે મોરચા બાંધી તેમની પછવાડે ગડી લડવા માડયું. થોડા દિવસમાં અંગ્રેજી લશકરે તેમના મોરચા તોડી નાખ્યા, અને બ્રહ્મી લશકરને હરાવ્યું. બન્દુલા રંગુનથી ૪૦ મૈલ દૂર દોનેબ્યુ શેહેરપર હઠી ગયો.

૧૮૨૫ માં અંગ્રેજોએ આસામ અને આરાકાન પ્રાંતો તાબે કર્યા, પણ વરસાદ અને મંદવાડથી અંગ્રેજી લશકર બહુ હેરાન થયું. ૧૮૨૫ ના એપ્રિલ મહિનામાં જેનરલ કેમ્પબેલ ડોનાબ્યુ શેહેર હલ્લો કરીને લીધું, જ્યારે બન્દુલા માર્યો ગયો. ત્યારપછી જેનરલ કેમ્પબેલ અને બ્રહ્મી લોકો વચ્ચે પ્રોમ આગલ લડાઈ થઈ જેમાં બ્રહ્મીઓએ હાર ખાધી (૧૮૨૫). ૧૮૨૬ માં કેમ્પબેલે મલુન શેહેર લીધું, અને પાધાન આગળ બ્રહ્મી લશકરને પાછું હરાવ્યું. સર આરચિબાલ્ડ કેમ્પબેલ આવાથી ૪૦ મૈલને છેટે યાન્ડાબો આગળ આવી લાગો, ત્યારે રાજાએ નીચલી સરતોએ સંધી કરી :—

૧. આવાના રાજાએ આસામ, આરાકાન, અને તેનાસરીમ પ્રાંતો અંગ્રેજોને આપવા;

૨. કાચાર અને જૈનત્યા ઉપરથી પોતાના દાવા ઉઠાવવા;

૩. લડાઈના ખરચ બદલ એક કરોડ રૂપીઆ આપવા.

૩. ભરતપુરનો વિગ્રહ (૧૮૨૫—૧૮૨૬).

૧૮૨૫ માં ભરતપુરના રાજાના મરણ પછી ગાદીને માટે તેના ભાઈ બળદેવસીંધ અને તેના ભત્રીજા દુર્જનસાલ વચ્ચે તકરાર ઉઠી. અંગ્રેજ સરકારે બળદેવસીંધને ગાદીએ બેસાડયો. થોડા મહિનામાં બળદેવસીંધ એક નાના બાળકને મેલીને મરણ પામ્યો. દુર્જનસાલે આ બાળકને કેદ કર્યો અને ભરતપુરનો કબજો લીધો. અંગ્રેજ વકીલ સર દેવિડ ઓકતરલોનીએ દુર્જનસાલની સામે થવાને ગવરનર જેનરલને ઘણું સમજાવ્યું, પણ લોર્ડ એમ્હર્સ્તે તેનુ માન્યું નહી; તેથી ઓકતરલોનીએ રાજીનામું આપ્યું. રાજીનામું આપ્યાપછી થોડા મહિનામાં આ શુરો સરદાર હિંદુસ્તાનમાંજ મરણ પામ્યો. એની જગોએ સર ચાર્લ્સ મેતકાફ વકીલ થયો, તે લોર્ડ એમ્હર્સ્તને સમજાવવામાં ફતેહ પામ્યો, અને લડાઈ ઉઠી. સેનાપતિ લોર્ડ કોમ્બરમીયરે ૧૮૨૫-ના ડીસેમ્બર મહિનામાં ભરતપુરને ઘેરો ઘાલ્યો. ભરતપોરની જાડી માટીની દીવાલ ઉપર અંગ્રેજોની તોપોથી કંઈ અસર થઈ નહીં, તેથી લોર્ડ કોમ્બરમીયરે સુરંગ ફોડીને દીવાલ ઉડાવી નાખી, ને હલ્લો કરીને કિલ્લાનો કબજો લીધો. દુર્જનસાલ કેદ પકડાયો, અને અંગ્રેજોએ બળદેવસીંધના બાળકને ગાદીએ બેસાડયો.

—:o:—

૪. લોર્ડ વિલ્યમ બેન્તિંકનો રાજ્યકારભાર (૧૮૨૮—૧૮૩૫).

લોર્ડ વિલ્યમ બેન્તિંક ૧૮૨૮ ના જુલાઈ મહિનામાં કલકતે આવ્યો. એના અમલમાં કોઈ પણ વિગ્રહ થયો નહીં. ટીપુના પ્રખ્યાત પ્રધાન પુર્નીઆનાં મરણ પછી મૈસોરનાં રાજ્યમાં ઘણો ગેરબંદોબસ્ત ચાલવા લાગો, તેથી ૧૮૩૨ માં ગવરનર જેનરલે મૈસોરનો કારભાર એક બ્રિટિશ અમલદારને સોંપ્યો. એ વખતે કૂર્ગ પ્રાંતની ગાદી ઉપર એક ઘણોજ જુલમી અને નિર્દય રાજા હતો; તેણે પોતાનાં કુળના દરેક પુરૂષને મારી નાખ્યો હતો, અને રૈયતને ઘણું દુઃખ દીધું હતું; તેથી ૧૮૩૩ માં ગવરનર જેનરલે તેને ગાદીએથી ઉઠાડી મૂકયો, અને કૂર્ગ પ્રાંત અંગ્રેજી રાજ્ય સાથે જોડી દીધો.

લોર્ડ વિલ્યમ બેન્તિંકનો અમલ, એણે જે સુધારા કર્યા તેને માટે પ્રખ્યાતછે. એણે લશકરી અને મુલકી ખરચમાં ઘટાડો કર્યો; અને દેશીઓને મોટા ઓદ્ધા આપવાનો ધારો કર્યો. ન્યાયખાતામાં મુનસફ અને સદર અમીનો નીમ્યા, અને તેમનો અધિકાર વધાર્યો. સર્વથી મોટા સુધારો જે તેણે કર્યો, તે સતીનો ચાલ બંધ પાડવા વિષેનો કાયદો હતો. અસલના વખતની બાયડીઓ પોતાના મરણ પામેલા ભરથારો સાથે બળી મરતી. અકબરે એ જંગલી ચાલ બંધ કરવાને કોશિશ કરી હતી, પણ તેમાં તે પુરેપુરો ફતેહ પામ્યો ન હતો. લોર્ડ વિલ્યમ

બેન્ટિંકે એ ચાલ સામે સખત કાયદો બાહાર પાડયો, અને આ ઘાટકી રસમ હિંદુસ્તાનમાંથી તદન નાબુદ કરી. (૧૮૨૯). એ વખતે મધ્ય હિંદુસ્તાનમાં ફાંસીઆ અથવા ઠગ લોકોનો ઉપદ્રવ ઘણો વધી પડયો હતો. આ લોકો મુસાફરો અને જાત્રાળુઓના માર્ગમાં ફર્યા કરતા, અને તેમની સાથે મળી જઈને, લાગ આવે કે તરત તેઓને ગળે ઓચિંતો ફાંસો નાખી તેમને મારી નાખતા, અને તેમનો માલ લઈ નાશી જતા. એ પ્રમાણે પુષ્કળ માણસો માર્યાં જતાં, અને તેમનાં સગાં વાહાલાંને તેમનો કશો પત્તો મળતો નહીં. ૧૮૨૯ માં લોર્ડ વિલ્યમ બેન્ટિંકે ઠગોને નાબુદ કરવાનું કામ મેજર સ્લીમાનને સોંપ્યું. મેજર સ્લીમાને ઘણા ઠગોને પકડીને સજા કરી, અને બાકીનાઓને જબલપુરમાં લાવી સદઉદ્યોગમાં કામે લાગવાની ફરજ પાડી. વળી લોર્ડ બેન્ટિંકે કેળવણી આપવાની રીતમાં સુધારો કર્યો. એના વખતની આગમજ દેશી ભાષાઓની મારફતે કેળવણી આપવાનો ચાલ હતો, તે બંધ પાડી, એણે અંગ્રેજી ભાષાની મારફતે કેળવણી આપવાનો હુકમ કર્યો. એના વખતમાં વરાળની આગબોટો હિંદુસ્તાન અને ઇંગ્લાંડ વચ્ચે ચાલવા માંડી, અને કેપનો રસ્તો બંધ પડીને, લાલ સમુદ્ર અને મીસર દેશમાંથી આવજાવ શરૂ થયો. ૧૮૩૮ માં ઇસ્ટ ઇન્ડયા કંપનીના પટાની મુદત પૂરી થઈ, અને ચીનના વેપારની પણ અંગ્રેજી પ્રજાને છૂટ મળી. કંપનીને હાથ ફક્ત રાજ્ય સત્તા

રહી. ૧૮૩૫ ના મે મહિનામાં લોર્ડ બેન્ટિંક ઇંગ્લાંડ ગયો, અને નવો ગવરનર જેનરલ ૧૮૩૬ માં હિંદુસ્તાનમાં આવ્યો, ત્યાંસુધી સર ચાર્લસ મેતકાફે ગવરનર જેનરલનો ઓહ્દો ચલાવ્યો. મેતકાફે એક કાયદો બાંધીને હિંદુસ્તાનના છાપાને છુટ આપી, અને તેના ઉપરની બંધી કાઢી નાંખી (૧૮૩૫).

પ્રકરણું ૧૨ મું.

લોર્ડ ઓકલેંડ અને લોર્ડ એલનબરો (૧૮૩૬—૧૮૪૪).

૧. લોર્ડ ઓકલેન્ડનો રાજ્ય કારભાર (૧૮૩૬—૧૮૪૨).

લોર્ડ ઓકલેન્ડ ૧૮૩૬ ના માર્ચ મહિનામાં આવી પુગો. એના વખતમાં અયોધ્યાની ગાદી બાબદ ખટપટ ચાલી, અને હુલડ થયું; પણ અંગ્રેજી ફોજે તે બેસાડી દીધું (૧૮૩૭). ૧૮૩૯ માં સતારાનો રાજા અંગ્રેજો સામે કાવત્રાં કરવા લાગો તેને ઉઠાડી મુકીને અંગ્રેજોએ ૧૮૪૦ માં તેના ભાઈ આપા સાહેબને ગાદીએ બેસાડયો. એના વખતમાં ૧૮૪૦ થી ૧૮૪૨ સુધી

ચીન સાથે લડાઈ ચાલી. હિંદુસ્તાનથી ચીનમાં આવતાં અફીણુ-નો ચીનના મહારાજાએ અટકાવ કર્યો, ત્યારે વેપારીઓ ચોરીથી ચીનમાં અફીણ લઈ જવા લાગ્યા. આ ચોરી અટકાવવાને ચીની અમલદારોથી અંગ્રેજ રૈયત અને વેપારીને પીડા થવા લાગી, તેથી લડાઈ ઉઠી. લોર્ડ ઓકલેન્ડે સર હ્યુ ગોફને લશકર આપી ચીનમાં મોકલ્યો, જેણે કેટલેક ઠેકાણે જય મેળવ્યા. ૧૮૮૨ માં અંગ્રેજોને હોંગકોંગ બેટ આપીને, અને ચીનનાં ચાર બંદરોમાં વેપાર કરવાની છુટ આપીને ચીનની સરકારે સંધી કરી. સર્વથી મોટો બનાવ જે લોર્ડ ઓકલેંડના અમલમાં બન્યો તે અફઘાન લોક સાથનો વિગ્રહ હતો, જેનું વર્ણન નીચે કર્યુંછે. આવિગ્રહનો અંત આવે તેની આગમચ લોર્ડ ઓકલેન્ડ ૧૮૮૨ માં ઇંગ્લાંડ પાછો ફર્યો.

૨. લોર્ડ એલનબરોનો રાજય કારભાર

(૧૮૪૨–૧૮૪૪).

લોર્ડ એલનબરો ૧૮૮૨ ના ફેબ્રુઆરી મહીનામાં કલકતે આવી પુગો. એણે અફઘાન લોકો સાથની લડાઇનો અંત આણ્યો; અને ૧૮૮૩ માં સિંધના અમીરો સામે લડાઈ ઉઠાવીને સિંધ દેશ અંગ્રેજી રાજય સાથે જોડી દીધો. વળી એજ વર્ષમાં ગવાલીઅરમાં તોફાન જાગ્યું, તે એલનબરોએ લડાઈ કરીને નરમ પાડયું. આ બનાવોનું નીચે વર્ણન કર્યુંછે. કંપ-

નીના ડીરેક્તરો જોડે મત ફેર થયાથી ૧૮૪૪ માં લોર્ડ એલનબ-રોને પાછો બોલાવી લીધામાં આવ્યો.

૩. અફ્ઘાન લોકો સાથે વિગ્રહ (૧૮૩૮-૧૮૪૨).

લોર્ડ વિલ્યમ બેન્તિંકના અમલમાં અફ્ઘાનિસ્તાનના રાજા શાહ સુજાને તેના ભાઈ મહમુદે ગાદીએથી ઉઠાડી મૂક્યો હતો, તેથી શાહ સુજા હિંદુસ્તાનમાં આવી અંગ્રેજોને આશરે લુદીઆનામાં રહ્યો હતો. મહમુદને બારકજાઇ જાતના અફ્ઘાનોએ મારી નાખ્યો, અને તેઓનો સરદાર દોસ્તમહમદ અફ્ઘાનિસ્તાનનો રાજા થયો. અફ્ઘાનિસ્તાનમાં રૂશીઅન લોકોનો પગપેસારો અટકાવવાને લોર્ડ ઓકલેન્ડે દોસ્ત મહમદને અંગ્રેજ સરકારનો મિત્ર કરી રાખવાને ઠરાવ કર્યો, અને તે માટે ૧૮૩૭ માં દોસ્ત મહમદની દરબારમાં એક એલચી મોકલ્યો. દોસ્તમહમદે અંગ્રેજોની મૈત્રી કબુલ કરી નહીં, તેથી શાહસુજાને અફ્ઘાનિસ્તાનની ગાદીએ બેસાડવાની મતલબથી ૧૮૩૮ માં લોર્ડ ઓકલેન્ડે દોસ્તમહમદ સામે લડાઈ ઉઠાવી.

૧૮૩૮ ના જુન મહિનામાં ગવરનર જેનરલે પંજાબના બળવાન રાજા રંજીતસીંગ અને શાહસુજા સાથે સંધી કરી, અને સર જોન કીનની સરદારી હેઠળ બોલાનઘાટને રસ્તે અફ્ઘાનિસ્તાનમાં લશકર મોકલ્યું. સર જોન કીન ૧૮૩૯ ના મે મહિનામાં કંધાર શેહેરમાં આવી પુગો, અને તેણે શાહસુજાને ગાદીએ

બેસાડયો. ત્યારપછી ગીઝની ફોજે સર કરી સર જોન કીને કાબુલ ઉપર કુચ કરી. દોસ્ત મહમદ કાબુલ છોડી બોખાગ તરફ નાઠો, અને સર જોન કીને કાબુલમાં શાહસુજાને તખ્તનસીન કર્યાં (ઓગસ્ત ૧૮૩૯). થોડું લશકર કાબુલ અને કંધારમાં શાહસુજાનાં રક્ષણને માટે રાખીને બાકીનું લશકર લઈ સર જોન કીન હિંદુસ્તાનમાં પાછો ફર્યો. સર વિલ્યમ મેકનાટન અંગ્રેજોના વકીલ તરીકે શાહસુજાની દરબારમા રહ્યો. ૧૮૪૦ માં જેનરલ સેલે પરવાનની લડાઈમાં દોસ્તમહમદને હરાવ્યો. દોસ્તમહમદ થોડા વખતમાં સર વિલ્યમ મેકનાટનને શરણ થયો, અને તેને હિંદુસ્તાનમાં રાખવામાં આવ્યો.

૧૮૪૧ ના અક્ટોબર મહિના સુધી અફઘાનિસ્તાનમાં શાંતી રહી, અને ત્યારપછી તરતજ ખીલજી જાતના અફઘાન લોકો અંગ્રેજો સામે ઉઠયા. સર રોબર્ટ સેલ થોડાં માણસ સાથે જલાલાબાદ જતો હતો તેના ઉપર ખીલજીઓએ હુમલો કર્યો, પણ સેલ ઘણો બાહાદુરીથી લડીને જલાલાબાદ જઈ પુગો. ત્યાંનો કિલ્લો સમારીને સેલે પોતાનાં થોડાં માણસો સહિત તેમાં આશરો લીધો, અને ઘણાં મહિના સુધી અફઘાનો સામે ઘણી બાહાદુરીથી કિલ્લાનો બચાવ કીધો. થોડા વખતમાં ખીલજીઓને જોઈને આખા દેશમાં અફઘાનો અંગ્રેજો સામે ઉઠયા. દોસ્ત મહમદનો છોકરો અકબરખાં તેઓનો મુખ્ય સરદાર હતો. કાબુલમાં સર એલેકસાનદર બર્નેસ અને બીજા અંગ્રેજ અમલદા-

રોને અફઘાન લોકોએ મારી નાખ્યા, અને અંગ્રેજના વકીલ સર વિલ્યમ મેકનાટનને સલાહ કરવાને બાહાને બોલાવીને મારી નાખ્યો. સેલની માફક જેનરલ નોટ પણ કંધારમાં બાહાદુરીથી ટકી રહ્યો હતો; પણ કાબુલ માહેલા અંગ્રેજ અમલદારોએ ઘભરાટમાં પડી હિમત છોડી દીધી, અને અંગ્રેજોને નીચું લગાડે એવી સરતો કબુલ કરીને અને શાહસુજાને એકલો મૂકીને અંગ્રેજી લશકર ૧૮૪૨ ના જાનેવારી મહિનામાં હિંદુસ્તાન ભણી પાછું કર્યું. અફઘાન લોકોએ અંગ્રેજી લશકરને સહી સલામત જવા દેવાનું વચન આપ્યું હતું તે પાળ્યું નહીં, અને માર્ગમાં અંગ્રેજી લશકર ઉપર હુમલા કર્યા અને તેને ઘણું હેરાન કર્યું. ફૂર્ડ કાબુલ ઘાટમાંથી પસાર થતાં અફઘાનોના હુમલાથી અંગ્રેજોના ૩૦૦૦ માણસ માર્યાં ગયાં, અને તાઢ અને ભૂખથી ઘણાં માણસો મુઆં. અકબરખાંએ સ્ત્રી અને કબીલાવાળા અમલદારોનું રક્ષણ કરવાને અને તેમને સહી સલામત જલાલાબાદ પોહોંચાડવાને પોતાની મરજી જણાવી. અંગ્રેજોને બીજો ઉપાય નહીં હોવાથી તેઓએ અકબરખાંની માગણી કબુલ રાખી, અને કેટલાએક અમલદારો, અને લેડી મેકનાટન, લેડી સેલ, અને બીજી સ્ત્રીઓ અકબરખાંને શરણે ગયાં, જેણે તેઓને કેદી તરીકે રાખ્યાં. બાકીનાં માણસોએ હિંદુસ્તાન તરફ કુચ કરી. દાકતર બ્રાઈડન શિવાય સઘળાં માર્ગમાં માર્યાં ગયાં. દાકતર બ્રાઈડન એકલો આ દુઃખદાયક બનાવની ખબર લઈ

જલાલાબાદ પોહોંચી શકયો. અંગ્રેજી લશકરના પાછા ફરવા પછી ત્રણ માસમાં અફઘાનોએ શાહસુજાને પણ મારી નાખ્યો.

લાર્ડ ઓકલેન્ડ આ વખતે ઇંગ્લાંડ ગયો, અને લાર્ડ એલનબરો ગવરનર જેનરલ થયો. તેણે જેનરલ પોલકને ખૈબર ઘાટને રસ્તે, અને જેનરલ ઇંગ્લાંડને બોલાન ઘાટને રસ્તે, સેલ અને નોટની મદદે, અને અંગ્રેજ બંધવાઓને છોડવવાને, મોકલ્યા. જેનરલ પોલક ઘણી મુશકેલાથી જલાલાબાદ જઈ પુગો અને સેલને સાથે લઈને તેણે કાબુલ તરફ કુચ કરી. માર્ગમાં ઘણીએક લડાઈ કર્યા પછી પોલક કાબુલમાં આવી પોહોંચ્યો. જેનરલ ઇંગ્લાંડ પણ કંધારમાં આવી પુગો, અને નોટે પણ કાબુલ તરફ કુચ કરવા માંડી. માર્ગમાં નોટે ગીઝનીના હાકેમ સમશુદીનને હરાવ્યો, અને ગીઝની સર કરી ત્યાંનાં શુખડના બારણાં જે ૧૦૨૫ માં મહમુદ સોમનાથનાં દેહેરાંમાંથી લઈ ગયો હતો, તે લઇને પાછળથી આગ્રે મોકલ્યાં. પછી નોટ પણ કાબુલમાં પોલક અને સેલને આવી મળ્યો. અંગ્રેજ અમલદારો અને સ્ત્રીઓ જે અકબરખાંના કબજામાં હતાં તેમને તેમના રખેવાળને લાંચ આપીને સર રોબર્ટ સેલે છોડવ્યાં, અને કાબુલનાં મોટાં બજારનો નાશ કરીને અંગ્રેજી લશકર પાછું ફર્યું (૧૮૪૨). હિંદુસ્તાનમાં દોસ્ત મહમદ અને બીજા અફઘાનો હતા તેમને પોતાને દેશ જવાની બ્રિટિશ સરકારે રજા આપી.

—:0:—

૪. સિંધનો વિગ્રહ (૧૮૪૨—૧૮૪૩)

સિંધના અમારોને અંગ્રેજો જોડે બનતું નહીં; અને સિંધ પ્રાંત અને બ્રિટિશ હિંદુસ્તાન વચેના વેપારને તેઓ હમેશાં ઘણી અડચણ કરતા હતા. વળી અફઘાન લોકો સાથના વિગ્રહને વખતે બ્રિટિશ ફોજને તેમના મુલકમાંથી પસાર થતાં આ અમીરોથી ઘણી હરકત થઈ હતી. આ કારણોને લીધે ૧૮૪૨ ના અકટોબર મહિનામાં લોર્ડ એલનબરોએ સર ચાર્લ્સ નેપીઅરને અમારો સાથે સંધી કરવાને મોકલ્યો. અમારોએ સંધી કરવાને બદલે અંગ્રેજી વકીલ મેજર ઓટ્રામનાં રેહેઠાણ ઉપર હુમલો કર્યો અને વિગ્રહ આરંભ્યો. મેજર ઓટ્રામ ઘણો બહાદુરીથી લડયો, અને સિંધુ નદીમાં પોતાની આગબોટ હતી તે ઉપર તેણે આશરો લીધો (૧૮૪૨). થોડા વખતમાં સર ચાર્લ્સ નેપીઅર અંગ્રેજી લશકર સાથે અમારોની સામો ગયો. હૈદ્રાબાદથી છ મૈલ દૂર મીઆની આગળ તેણે અમીરોનાં લશકરને હરાવ્યું, જેથી છ અમીરો અંગ્રેજોને શરણે આવ્યા (૧૮૪૩). એજ વર્ષમાં મીરપુરનો અમીર મોટી ફોજ સાથે હૈદ્રાબાદ આગળ અંગ્રેજોની સામો થયો, પણ તદન હાર્યો. આખો સિંધ પ્રાંત તરત અંગ્રેજોને તાબે થયો, અને લોર્ડ એલનબરોએ તેને બ્રિટિશ રાજ્ય સાથે જોડી દઈને અમીરોને કાશીમાં નજર કેદ રાખ્યા. સર ચાર્લ્સ નેપીઅર સિંધનો પેહેલો કમાશનર થયો.

—o—

૫. ગવાલીઅરનો વિગ્રહ (૧૮૪૩).

૧૮૪૩ માં ગવાલીઅરનો રાજા જંકોજી અપુત્ર મરણ પામ્યો, અને તેની રાણીએ બાદશાહી કુટુંબના એક બાળકને દત્તપુત્ર કરી લીધો. આ બાળકની વતી રાજ્યકારભાર ચલાવવાને મહારાણી અને (જંકોજીના મામા) મામા સાહેબ વચ્ચે તકરાર હતી. અંગ્રેજ વકીલે મામા સાહેબનો પક્ષ ખેંચ્યો, પણ મહારાણીના સાથીઓએ તેનું કાંઈ ચાલવા દીધું નહીં. અંગ્રેજ વકીલને ટેકો આપવાને ગવરનર જેનરલ અને સેનાપતિ સર હ્યુ ગોફ ફોજ લઈ ગવાલીઅર ગયા, પણ મરેઠા સામા થયા તેથી લડાઈ હતી. સર હ્યુ ગોફે મહારાજપોર આગળ ગવાલીઅરનાં લશકરના એક ભાગનો પરાજય કર્યો, અને તેજ દહાડે પનીઆર આગળ જેનરલ ગ્રેએ મરેઠાની બીજી ટુકડીને હરાવી (૨૯ મી ડીસેમ્બર ૧૮૪૩). મરેઠા અંગ્રેજને તાબે થયા, અને ગવરનર જેનરલની મરજી માફક માંડલિક રાજ્ય સ્થાપી તેઓએ સંધી કરી.

—o:0:o—

પ્રકરણ ૧૩ મું.

—— o:o:o ——

લોર્ડ હાર્ડિંજ અને લોર્ડ ડેલ્હુસી.

(૧૮૪૪—૧૮૫૬).

૧. લોર્ડ હાર્ડિંજનો રાજ્યકારભાર (૧૮૪૪—૧૮૪૮).

સર હેનરી હાર્ડિંજ ૧૮૪૪ માં કલકતે આવી પુગો. એણે સ્પેનમાં પ્રખ્યાત ડયુક–ઓફ–વેલિંગટનના હાથ હેઠળ નોકરી કરી હતી. એણે ફતેહમંદીથી પંજાબના સીખ લોકો સાથની લડાઈ ચલાવી, અને સીખ લોકોને નરમ પાડયા. સીખ લોક સાથના વિગ્રહનો ફાયદાકારક અંત લાવવાને માટે એને ઉમરાવની પદવી મળી. આ લડાઈ ઉપરાંત એણે પોતાની કારકીર્દીમાં કેટલાએક સુધારા કર્યા. ફાંસીઆ ઠગોનો ઉપદ્રવ અને સતીનો જંગલી ચાલ હજુર સુધી હિંદુસ્તાનના કેટલાએક ભાગમાં ચાલતો હતો, તેનો એણે અટકાવ કર્યો. દીકરીઓને મારી નાખવાનો અને માણસનો ભોગ આપવાનો ચાલ કેટલીએક જાતોમાં હતો તે અટકાવવાનો એણે બંદોબસ્ત કર્યો. હિંદુસ્તાનનાં કેટલાંક મોટાં શેહેરોમાં કેટલીએક વેપારની ચીજો ઉપર દરવાજા આગળ જે જગાત લેવામાં આવતી હતી તે એણે બંધ કરી. એણે